સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

માર્ચ, ૨૦૨૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૫/-



આફ્રિકામાં દાર-એ-સલામ અને
જ્હોનિસબર્ગમાં ઉદ્‌ઘાટિત થયાં
ભવ્ય નૂતન બી.એ.પી.એસ. પરિસરો...







પૂર્વ આફ્રિકાના દાર-એ-સલામ નગરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને ભક્તિપૂર્વક વધાવતો ભક્ત સમુદાય. નૂતન બી.એ.પી.એસ. મંદિરના પ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે યોજાયેલા મહાયજ્ઞમાં સેંકડો યજમાન ભક્ત યુગલોએ યજ્ઞનારાયણને આહુતિ અર્પી. પ્રાણપ્રતિષ્ઠા બાદ સૌને મંદિર અને ભગવાનનો વિશેષ મહિમા સમજી નિત્ય લાભ લેવા કટિબદ્ધ કરતા સ્વામીશ્રી. (તા. ૨૨-૧૨-૨૦૨૪)



# રંગોત્સવની વરસતી ઝડીઓ વચ્ચે શ્રીહરિનો આધ્યાત્મિક બોધ


૩. સંપાદકીય

૪. વિરલ બ્રહ્મયોગી ભગતજી મહારાજ - શ્રી ચંદુલાલ વિદ્યાધિકારી

૯. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા
- આફ્રિકામાં નૂતન મંદિરોના પ્રતિષ્ઠા ઉત્સવોની યાત્રાએ મહંત સ્વામી મહારાજ (૧૦)
- ટાન્ઝાનિયામાં સ્વામીશ્રીને આવકારતા ગૃહપ્રધાન શ્રી હામદ મસૌની (૧૭)
- નૈરોબીમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ (૧૮)
- જ્હોનિસબર્ગમાં બી.એ.પી.એસ. કલ્ચરલ કૉમ્પલેક્સનું ઉદ્‌ઘાટન (૨૬)

૩૪. જુદાં જુદાં ૧૧ ગામોમાં ઊજવાયા નૂતન મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો

૪૨. વિવિધ લોકસેવાઓ સાથે ઊજવાયો તીથલ મંદિરનો રજત જયંતી મહોત્સવ

૪૪. પ્રયાગરાજ ખાતે મહાકુંભમાં સંસ્થાની આધ્યાત્મિક શિબિરમાં જલતી રહી યજ્ઞની પવિત્ર જ્યોતિ

૪૭. નવસારી શહેર ખાતે નૂતન બી.એ.પી.એસ. વિદ્યામંદિરનો પ્રારંભ

૪૮. સ્વામિનારાયણ અક્ષરધામ ખાતે મૅડિકલ વાનનું લોકાર્પણ

૪૯. બી.એ.પી.એસ. સંસ્થાનાં વિવિધ વૃત્ત

૫૦. અક્ષરવાસ


વાસંતી વાયરાઓ વચ્ચે સમગ્ર દેશમાં રંગની ધૂમ મચી રહી હશે ત્યારે ભારતથી હજારો માઈલ દૂર ઓસ્ટ્રેલિયામાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં હોળી-પુષ્પદોલોત્સવે આધ્યાત્મિક રંગની ઝડીઓ વરસી રહી હશે. સંતના સંગે વસંતનાં વધામણાંનો એ ઉત્સવ અનેકવિધ આધ્યાત્મિક સંદેશ આપે છે.

પ્રતિ વર્ષે આવતો રંગોત્સવ નવી ઊર્જા, ઉલ્લાસ વચ્ચે માનવજીવનને વધુ સાર્થકતાનો અનુભવ કરાવે છે. રંગોત્સવનો ઇતિહાસ કેટલો પુરાણો છે એ ખબર નથી, પરંતુ આશરે ૫૦૦૦ વર્ષ પહેલાં વૃંદાવનની ગલીઓ વચ્ચે કે યમુનાના તટે ભગવાન શ્રીકૃષ્ણે કરેલો ભક્તિભીનો રંગોત્સવ કુરુક્ષેત્રના મેદાનમાં ભગવદ્‌ગીતાના આધ્યાત્મિક બોધમાં ચરમસીમાએ પહોંચ્યો અનુભવાય છે. શતાબ્દીઓથી ચાલી આવતી આ આધ્યાત્મિક રંગધારાને પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણે પણ લાખો લોકોના જીવનમાં પ્રવાહિત કરી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે ધર્મયુક્ત ભક્તિને કેન્દ્રમાં રાખીને રાજમહેલોથી લઈને ગામડાંની ગલીઓ વચ્ચે આવા રંગોત્સવો ઊજવ્યા છે અને જીવનમાં સુખી થવા માટે અહં-મમત્વરૂપી માયાને જીતવાનું બ્રહ્મજ્ઞાન આપ્યું છે.

સારંગપુરમાં એવો એક રંગોત્સવ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણે ભક્તોને વરદાન માંગવા કહ્યું ત્યારે ઉત્તર ગુજરાતનાં મહિલા ભક્તોએ માંગેલા વરદાનમાં એ બ્રહ્મજ્ઞાનની ચરમસીમા અનુભવાય છે. *‘મહાબળવંત માયા તમારી...’*ની પંક્તિઓ સાથે ગાઈને વર્ષો પછી પણ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સારંગપુરમાં એ રંગની ઝડીને કાયમ તાજી રાખી છે. તેની પવિત્ર સ્મૃતિઓ સાથે, ફાગણ સુદ પૂનમના બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના જન્મોત્સવે વંદના કરીને ‘સ્વામિનારાયણ પ્રકાશ’નો આ અંક આપના હાથમાં પ્રસ્તુત છે.

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥


**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૭, અંક : ૩,**
**માર્ચ, ૨૦૨૫**

**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક ‘સ્વામિનારાયણ પ્રકાશ’ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક ‘સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા’ ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી ‘સ્વામિનારાયણ પ્રકાશ’માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી
**પ્રકાશક :** સાધુ કેશવજીવનદાસ સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી :** સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો :** સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો :** સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક :** સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપકઃ** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ :** રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ :** રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ :** £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહારઃ**
**prakash@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહારઃ**
**magazines@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**



■ શ્રી ચંદુલાલ વિદ્યાધિકારી

ભક્તરાજ શ્રી હર્ષદભાઈ દવે દ્વારા લિખિત બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના જીવનચરિત્રની પ્રસ્તાવના લખનાર શ્રી ચંદુલાલ વિદ્યાધિકારીની કલમનો અહીં આસ્વાદ છે. બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના જીવનચરિત્રની તેમણે કરેલી આ છણાવટમાં ભગતજી મહારાજનું એક વિરલ વ્યક્તિત્વ નીખરી ઊઠે છે. ગોંડલ મહારાજાના વિદ્યાધિકારી અને પ્રસિદ્ધ ભગવદ્‌ગોમંડલ કોશના મુખ્ય સંપાદક શ્રી ચંદુભાઈ એક વિદ્વાન તરીકે જ નહીં, પરંતુ એક આધ્યાત્મિક યાત્રિક તરીકે અહીં ભગતજીની જે છબિ ઉપસાવે છે તે, ભગતજી મહારાજની ૧૪૬મી જન્મજયંતીએ પ્રસ્તુત છે.



# વિરલ બ્રહ્મયોગી ભગતજી મહારાજ

## પ્રમાણભૂત ઇતિહાસ

શ્રી પ્રાગજી ભક્ત સમા પ્રથમ કોટિના ભક્તને કેન્દ્રમાં રાખીને સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામીએ સંપૂર્ણ વિકસાવેલ સ્વામિનારાયણ સંપ્રદાયનો આ તો શાસ્ત્રીય અને પ્રમાણભૂત ઇતિહાસ છે.

ભગવાન સ્વામિનારાયણે સંવત ૧૮૩૭માં, છપૈયા(અયોધ્યા)માં પ્રગટ થઈ, ગુજરાતને પોતાની કર્મભૂમિ બનાવી અને પછાત ગણાતી કોમોથી માંડીને પંડિતો-બ્રાહ્મણો સુધીના મનુષ્યોમાં સદાચારનું સ્થાપન કર્યું. લોકોને આચાર, આહાર તથા વ્યવહાર શુદ્ધિ કરાવીને કલ્યાણના માર્ગે પ્રેમથી ચડાવ્યા. આ રીતે તેમણે આપણી આ ઐતિહાસિક ભૂમિમાં એકાંતિક ધર્મની સ્થાપના કરી અને લાખો મુમુક્ષુ જીવોને ભક્તિરસનું સાચું માર્ગદર્શન આપ્યું. આવી અલૌકિક સેવા કરીને જ તેઓશ્રી અધમ-ઉદ્ધારક અને પતિતપાવન સ્વતઃસિદ્ધ થયા. દેવર્ષિ નારદજીના શબ્દોમાં કહીએ તો: त्रिसत्यस्य भक्तिरेव गरीयसी गरीयसी। અર્થાત્ ત્રિકાલાબાધિત જન્મ-મરણરહિત ભગવાનની ભક્તિ જ સૌથી શ્રેષ્ઠ છે, સૌથી શ્રેષ્ઠ છે !

## સ્વાધ્યાય માટેનો ધર્મગ્રંથ

ભગવાનના ઓગણચાલીસ ગુણોવાળા પ્રાગજી ભક્તનું ચરિત્ર સ્વાધ્યાય માટેનો કેમ જાણે ધર્મગ્રંથ બની ગયો હોય એમ લાગે છે, કારણ કે આ ગ્રંથમાં વૈદિક ધર્મનાં બધાંય અંગઉપાંગો છે, એટલું જ નહીં પણ સંપ્રદાયનાં શિક્ષાપત્રી, વચનામૃતો, વાતો, ભજનોમાં વેદ, ઉપનિષદો, ગીતા, રામાયણ, ભાગવત આદિ શ્રુતિ-સ્મૃતિઓનો નિચોડ ભર્યો છે. તેથી આ ગ્રંથ વાંચતાં એમ જણાય છે કે સ્વામિનારાયણ સંપ્રદાય જ આપણા સનાતન ધર્મોનો સમન્વય છે. આર્ય સંસ્કૃતિના ભવ્ય ભંડારોમાંથી, સ્વામિનારાયણ સંપ્રદાયના વિનમ્ર સાધુ-સંત, હરિભક્તો અને તેના મૂળભૂત સર્જક ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ તો પોતાના સંપ્રદાયને અર્થે જે કંઈ અતિ સૌમ્ય અને શ્રેયસ્કર હતું તે જ પસંદ કરીને, તે ઉપરથી પોતાના ધાર્મિક ગ્રંથો અને શાસ્ત્રોનું સર્જન કર્યું છે.

## ભાગવત ધર્મની અમરજ્યોત

એકાંતિક ધર્મની સ્થાપના એ ધ્યેય સિદ્ધ થતાં શ્રી સહજાનંદ સ્વામીએ અંતર્ધાન થવાનો સંકલ્પ કર્યો. ભાગવતધર્મની જ્યોત સદા અમર છે એ સનાતન સત્ય, આ સંપ્રદાયમાં પ્રગટ થતા એકાંતિક મુક્તોનાં અવતરણથી દેખાય છે. આ રીતે તેઓના પરમહંસ પંક્તિના પાંચસો સંતોમાંથી બે મહાન ધુરંધર સંતો, શ્રી મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને સૌરાષ્ટ્રનો દેશ સોંપ્યો અને સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીને ગુજરાતનો દેશ સોંપ્યો. એટલું જ નહીં, તેઓ બંને અંતર્ધાન થયા પછી પણ મુમુક્ષુ જીવોનું કલ્યાણ થઈ શકે તે માટે તેઓએ પોતાનાં ઐશ્વર્ય, પ્રતાપ અને શક્તિને જીરવી શકે એવા દિવ્ય મહાપુરુષોને પણ પૃથ્વી ઉપર જન્મ ધરવા આદેશ કર્યો. આ રીતે ભાગવતધર્મની જ્યોત આ સંપ્રદાયમાં અખંડ પ્રદીપ્ત રહેલી જણાય છે. એ અનોખી રીતના પરિણામે જ, આપણે ગુણાતીત સ્વામીની જ્યોત તેની સોળે કળામાં પ્રાગજી ભક્તમાં પ્રકાશતી અનુભવીએ છીએ અને તે ભક્તરાજની જ્યોત એમના પટ્ટશિષ્ય સમા શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસજીમાં પ્રકાશતી અને એ પરંપરા ન્યાયે આજે આપણે આપણા ત્યાગમૂર્તિ જોગી મહારાજ સમા સમર્થમાં એ અખંડ જ્યોતનો આવિર્ભાવ થયેલો અનુભવીએ છીએ. એક પછી એક વિલીન થતા બ્રહ્મસ્વરૂપ સંતમાંથી પણ બીજા ઉત્પન્ન થઈ, આ ધર્મકાર્યને જ્વલંત રાખે એવી દૃષ્ટિ કરીને આ સંપ્રદાયના આદ્ય સ્થાપક શ્રી સહજાનંદ સ્વામી અંતર્ધાન થયા હતા.

'आत्मा वै पुत्रनामासि' કે 'शिष्यात् इच्छेत् पराजयम्' આદિ વચનાનુસાર આવું જો બને તો તે કંઈ અસંભવિત નથી; છતાંયે 'કીટભમરી' ન્યાયે વિચારીએ તો અનન્ય ભક્તિ આગળ એ બધું ઓછેવધતે અંશે જરૂર સંભવિત બને છે એ તો તે હકીકત છે. ગુરુ પોતાના એકાંતિક શિષ્યને પોતાની કળા પમાડે તો તે ન માનવા જેવું નથી જ.

## એકાંતિક ભક્ત

જે ભક્તને કેન્દ્રમાં રાખીને આ ધર્મગ્રંથ ઘણી જ કુશાગ્ર બુદ્ધિ અને વિશાળ દૃષ્ટિથી આલેખાયો છે, તે પ્રાગજી ભક્તને જુદાં જુદાં શાસ્ત્રોની કસોટી ઉપર ચડાવી જોતાં કહેવું પડે છે કે તે તો સો ટચનું સોનું સ્વતઃસિદ્ધ થાય છે. દેવર્ષિ નારદ પ્રણીત ભક્તિશાસ્ત્રની કસોટી ઉપર ચડાવતાં પ્રાગજી ભક્ત જેવા भक्ताः एकान्तिनो मुख्याः એટલે કે એકાંતિક ભક્તો તો ભગવાનના આત્મારૂપ જ છે; કેમ કે, તેઓ કોઈ પણ કામનાથી પ્રેરાઈને ભગવદ્‌ભક્તો થયા નથી! તેમનામાં વેપારી વૃત્તિનો સદ્‌ભાવ નથી! આથી નિર્હેતુક પ્રેમવાળા પ્રાગજી ભક્ત જેવા જ ભક્તો મુખ્ય છે !

## स मे प्रियः

હવે આ સિદ્ધ પરમ એકાંતિક પ્રાગજી ભક્તને સર્વ ઉપનિષદોના સારભૂત ગીતાજીની કસોટી ઉપર ચડાવી જોતાં સ્પષ્ટ જણાય છે કે તે ખરેખર શ્રેષ્ઠ યોગયુક્ત ભક્તરાજ છે. ભક્તિયોગના પહેલા જ શ્લોકમાં જિજ્ઞાસુ

અર્જુન યોગેશ્વર શ્રીકૃષ્ણ ભગવાનને પ્રશ્ન કરે છે કે ''નિરંતર યુક્ત થઈને જે ભક્તો આપની યાને પ્રગટ ભગવાનની ઉપાસના કરે છે અને જેઓ અવ્યક્ત અક્ષરની યાને નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરે છે, તેઓમાંથી ઉત્તમ યોગવેત્તા કોણ?''

શ્રી ભગવાન કહે છે કે ''જેઓ મારામાં એટલે કે પ્રગટ ભગવાનમાં ચિત્ત લગાડીને નિત્યયુક્ત થઈ પરમ શ્રદ્ધા સહિત મારી ઉપાસના કરે છે, તેઓને મેં શ્રેષ્ઠ યોગયુક્ત માનેલા છે.''

ગીતાજીની કસોટી તો એમ છે કે ''જેઓ સર્વ કર્મો મને અર્પણ કરીને, મારે પરાયણ થઈ, અનન્ય યોગ વડે ધ્યાન કરતાં મારી ઉપાસના કરે છે, તે ભક્ત મને પ્રિય છે. એટલે કે જે સર્વ ભૂતો પ્રત્યે દ્વેષ રહિત, મિત્રતા રાખનાર તેમજ દયાળુ, મમતા રહિત, અહંકાર રહિત, સુખ-દુઃખમાં સમ, ક્ષમાવાળો, સદા સર્વદા સંતોષી, મનનો સંયમ રાખનાર, દૃઢ નિશ્ચયવાળો એવો જે મારો ભક્ત છે તે મને પ્રિય છે.''

પ્રાગજી ભક્ત આવા જ હતા. જેમ કે –

(૧) એક દિવસ સાધુ નંદકિશોરદાસે ભગતજીને પ્રશ્ન પૂછ્યો કે ''તમોએ વરતાલમાં કહ્યું હતું કે 'મને સ્વામિનારાયણ વળગ્યા છે,' તે શું ભગવાન ભૂત જેવા છે તે વળગે?''

ભગતજી બોલ્યા કે ''જુઓ, જેમ ભૂતને વળગવાની સત્તા છે, તો પ્રભુ વળગે એમાં શી નવાઈ? પણ તે જેવા તેવાને વળગતા નથી. એ તો જે ભક્તને ભગવાનમાં અતિશય સ્નેહ અને આસક્તિ હોય; એને જ પ્રભુ વળગે છે.''

(૨) પીજના મોતીલાલભાઈને ભજનના પ્રતાપથી એક રાત્રે શ્રીજીમહારાજનાં દર્શન થયાં. ત્યારે તેમણે મહારાજને પૂછ્યું કે ''મહારાજ! પ્રાગજી ભગતને કેવા સમજવા ?'' ત્યારે મહારાજે કહ્યું કે ''પ્રાગજી ભગત મારા પરમ એકાંતિક ભક્ત છે અને વર્તમાનકાળે હું એ દ્વારે સત્સંગમાં પ્રગટ છું. તું તેમને ઉઘાડા કરીને સૌને ખબર કર. મારી આજ્ઞા છે.''

(૩) ભગતજી બોલ્યા કે ''ભગવાન ને સંતની રીત એક સરખી જ હોય. તેથી તે મૂર્તિનું જ્યારે મુમુક્ષુ જીવો શ્રદ્ધાએ સહિત દર્શન કરે છે, ત્યાં તેમની સર્વ ઇન્દ્રિયો તે મૂર્તિ સન્મુખ તણાઈ જાય છે. પછી તો તેનું જ દર્શન, તેની જ વાત અને તેનો જ પ્રસંગ ગમે અને તેની જ પછવાડે રાન રાન અને પાન પાન થઈ જાય તો પણ ફરે.''

(૪) ખંભાતના કવિ રેવાશંકર એમ બોલ્યા: ''શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી તે માંહેલું તત્ત્વ આ પ્રાગજી ભગત છે અને શ્રીજીમહારાજ આજ ભગતજી દ્વારા પ્રગટ છે.''

## યોગ ને સાંખ્યનો સમન્વય

શ્રી પ્રાગજી ભક્તમાં યોગ અને સાંખ્યનો સમન્વય હોવાથી તે શ્રેષ્ઠ ભક્ત થઈ શક્યા, એ એમની વિશિષ્ટતા છે. એકલી યોગની સાધના હોય તો તેમાં અવ્યક્ત, એટલે ઊંડે ઊંડે છૂપો રાગ રહી જાય છે. ગીતાની પરિભાષામાં તેને રસોઽપિ યાને ઊંડી ઊંડી રહી ગયેલ અભિલાષા કહી છે. જ્યાં સુધી આવી એક અંશ પણ અવ્યક્ત અભિલાષા યાને રાગ હોય, ત્યાં સુધી પરા ગતિને ન જ પામી શકાય. એકલશૃંગી, પરાશર, વિશ્વામિત્ર, દુર્વાસા અને વસિષ્ઠ જેવા સમર્થ મહર્ષિઓને પણ પ્રસંગ ઉપસ્થિત થતા, હતા - નહોતા કરી નાખ્યા હતા; તો પછી અન્યના તો એ અવ્યક્ત રાગ પાસે શા આશરા? આત્માના સર્વાંગ શુદ્ધીકરણ અર્થે યોગ અને સાંખ્યનો જે સમન્વય જોઈએ તે પ્રાગજી ભક્તમાં સર્વાંગે હતો અને પોતે નિત્યજાગ્રત સમાધિ પામી બ્રહ્મમય હતા. મહર્ષિ અરવિંદે પણ આવી જ સ્થિતિવાળાને દિવ્યજીવન કહ્યું છે. ઉપનિષદો પણ આપણને પરાપૂર્વથી - અનાદિ કાળથી સદ્‌બોધે છે કે જેને અનન્ય ભક્તિને લીધે एषः परमात्मा वृणुते વરે છે યાને પસંદ કરે છે, તેની સમક્ષ જ એ પરમ આત્મા स्वाम् પોતાનું તનુ સ્વરૂપ विवृणुते પૂરેપૂરું પ્રગટ કરે છે, અર્થાત્ પરમ કૃપાળુ પરમાત્મા આવા પરમ એકાંતિક અને યોગયુક્ત ભક્તરાજને તેની અનન્ય ભક્તિને લીધે જ પોતાનો સાક્ષાત્કાર કરાવે છે.

## જ્ઞાનવાર્તા

વાંસદાથી દીવાન શ્રી ઝવેરભાઈ નાથાભાઈ અમીનના આમંત્રણથી હરિભક્તો સાથે પ્રાગજી ભક્ત ત્યાં ગયેલ અને જે જ્ઞાનવાર્તા થયેલ તે વાંચતાં તો એમ જ લાગે કે સ્વામિનારાયણ સંપ્રદાયમાં શિક્ષાપત્રી, વચનામૃત, સ્વામીની વાતો અને સમાધિ તેમજ અક્ષરધામના માત્ર ચમત્કારો જ નથી, પરંતુ તેના પાયામાં વેદ, ઉપનિષદ, ગીતા, ભાગવત, રામાયણ આદિ વૈદિક ધર્મના અનેક મૂળભૂત સિદ્ધાંતો ફૂલગૂંથણીથી ગૂંથાયા છે; પણ સૌ કોઈ સત્સંગીઓને અનુકૂળ પડે એટલા ખાતર એ બધી વાતો પાત્રાનુસાર હળવી કરીને હરિભક્તો પાસે ક્રમશઃ રજૂ કરાય છે. બાકી તો આપણે સહજ સમજીએ છીએ કે અંતે તો હેમનું હેમ હોયે! અહિંસા, સંયમ, સ્વચ્છતા આદિ ગુણો સામાન્ય ગણાતી કોમોની રગેરગમાં ઉતારી, તે તે સિદ્ધાંતોને આચરણમાં ઉતરાવ્યાનું અમલી કામ આ સદીમાં જો કોઈએ પરમ શાંતિથી, માત્ર સમજાવટ ને આચરણથી કરી બતાવ્યું છે, તો તે આ સંપ્રદાયે. સહજાનંદ સ્વામીએ કોઈ અન્ય

# પત્રોમાં પ્રગટતી ભગતજી મહારાજની દિવ્ય અનુભૂતિઓ...



કોઠારી પ્રભુદાસ

## એવા પુરુષની અમારે સંગત છે...


'મેં જીવ જડીને મન, ક્રમ(કર્મ), વચને સંગ કર્યો છે તે પુરુષ (ભગતજી મહારાજ) તો સર્વોપરી પરમ એકાંતિક ભક્તરાજ હતા ને આખા સત્સંગમાં પ્રસિદ્ધ છે. બસે બાસઠ વચનામૃતમાં જ્યાં જ્યાં પરમ એકાંતિક ભક્તનાં તથા સત્પુરુષનાં તથા સાધુનાં લક્ષણો લખ્યાં છે તે બધાંય તેમને વિષે સંપૂર્ણ રીતે હતાં ને મેં ઈન્દ્રિયો-અંતઃકરણથી ને અનુભવથી નિશ્ચય કરેલો છે જે બહાર દૃષ્ટિવાળા ને કેવળ વ્યાવહારીક બુદ્ધિવાળા, અખતર ડાહ્યા હશે તેને તો તેમનો જેવો જોઈએ તેવો અનુભવ સારી રીતે થયેલો ન હોય... પોતાને હજારો સદ્‌ગૃહસ્થો સહાય હતા. તો પણ સાધારણ ઓરડી નોખી ન બાંધી! ઘણી વિનંતી કરી પણ પોતે બીલકુલ સાધુતા મૂકી નહિ. જેના પ્રતાપથી સાધુ ને સત્સંગી પરમ એકાંતિક ધર્મનિષ્ઠ થયા ને પોતામાં તો સાધુતામાં શેની ખામી હોય? એવા પુરુષની સંગત અમારે છે. અમોયે તો નાડી પ્રાણ તાણી લેતા ઘણીવાર જોયેલા...' (૧૩-૧૨-૧૯૦૩)



સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામી

## અમારા ગુરુ પ્રાગજીભાઈ...

'હું વડોદરા ભણતો હતો ત્યારે ભગતજી મહારાજનો યોગ થયો. ભગતજી મહારાજ વિષે અનન્ય નિષ્ઠા જામતી ગઈ. ને ભગતજી મહારાજ પાસે ૪ વખત મહુવે જઈને સમાગમ કર્યો. ને મોટાપુરુષની દૃષ્ટિ થઈ (ગઈ)... અમારા પરમ પૂજ્ય ગુરુ પ્રાગજીભાઈની અજબ શક્તિ હતી, તે મેં મારી નજરે જોઈ છે. અમારે તો પ્રથમથી મોટાપુરુષની રૂબરૂમાં સહીઓ થઈ ગઈ છે તે કોટિ કલ્પે (અંતરમાંથી) કાઢવા જઈએ તો પણ નીકળે નહીં, એવો મોટા પુરુષનો મહિમા નજરે દેખેલો હોય. પ્રાગજીભગત નાડી-પ્રાણ સંકેલી ભજનમાં ઊતરતા, સમાધિમાં જતા, બીજાને સમાધિ કરાવતા ને હજારોને સંકલ્પ કહી પ્રાયશ્ચિત્ત આપતા, તે અમે નજરે જોયું હોય ને જ્ઞાનમાં સર્વોત્તમ - હાથીનો હોદ્દો અને ગધેડું સરખું (એવું) નિર્માનીપણું, બ્રહ્મચર્ય વ્રતમાં એક્કા એવા પુરુષના વચનમાં વિશ્વાસ કેમ ન આવે? એવા પુરુષની કૃપા જેની ઉપર હોય તેનાં ભાગ્યનો પાર નહિ.' (૨-૧-૧૯૧૬)



બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ

## આચાર્ય મહારાજની ઇચ્છા...

'મહારાજ (આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ) મને તમારી (ભગતજી મહારાજની) ખબર પુછતા'તા. મહારાજશ્રીએ ગામ પીપળીમાં મને બોલાવ્યો ને તાં ધર્મતનયદાસ શાસ્ત્રી હતા, ને (મહારાજે) પૂછ્યું: 'ભગતનું વચનામૃતનું જ્ઞાન વિજ્ઞાનદાસને સંપુર્ણ છે કે નહીં?' પછી મેં કહ્યું કે વચનામૃત તો બધાં ભગતે ભણાવ્યાં છે, ને ભજન પણ અખંડ કરે છે. પણ અધુરૂં એટલું કે ભગત જેમ ઈન્દ્રીયોની વરતી(વૃત્તિ) પાછી વાલીને અંતરમાં ઉતરીને શ્રીજીમહારાજની સંઘાથે વાતો કરે છે, તેવી સ્થીતી નથી, એટલું અધુરૂં છે. તો મહારાજ કહે: 'મારે ભગતનું જ્ઞાન એમનું એમ જતું ન રહે એ ફકર છે. માટે હવે તો એવી સ્થીતી એક જણને કરાવે, તો ઠીક. ને કંઈ દેહનો નીરધાર નહીં. વૃદ્ધ થયા છે. પછી ધર્મતનયદાસે કહ્યું કે એ તો એમના જેવી સ્થીતી કરાવ્યા વીના દેહ મુકવાના નથી. તારે મહારાજ કહે, 'મારા મનથી (એમ છે) કે 'ભગતનું જ્ઞાન બધે પરવરતે!' (૧૮૯૧)

યુક્તિથી હજારો જીવોને કાયમને માટે સન્માર્ગે ચડાવી દીધા છે. અભિનંદન હો આ વિભૂતિને કે જેના પરિશ્રમથી સૌરાષ્ટ્ર ને ગુજરાતનું ગૌરવ વધ્યું છે! આપણે તો દ્વૈત-અદ્વૈતની ભુલવણીમાંથી બહાર ન નીકળી શકીએ તો પછી કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈતાદ્વૈત અને શુદ્ધાદ્વૈતના ચક્રાવામાંથી કેમ કરીને બહાર નીકળાય? એટલે અમે તો ત્યાં થયેલ જ્ઞાનવાર્તામાંથી નીચે પ્રમાણે સારભાગને આવકારીએ છીએઃ



(૧) જીવને જે અજ્ઞાન વળગ્યું છે, તેનો નાશ તો પ્રગટ ભગવાન કે તેના બ્રહ્મવેત્તા સાધુ મળે અને જ્ઞાન આપે ત્યારે થાય અને ત્યારે જ માયાથી છૂટીને મુક્ત થાય.

(૨) સાચો ત્યાગી તો તે કહેવાય કે જે દેહ, ઇન્દ્રિયો, મન વગેરેના ભાવથી પર થઈને એક આત્મારૂપે રહીને પરમાત્મા સિવાય બીજું કાંઈ ન રાખે.

(૩) જેમ ઇયળ, ભમરીના સંબંધે કરીને ભમરી થઈ જાય છે, એમ મુમુક્ષુ પણ સત્પુરુષના સંબંધે કરીને બ્રહ્મરૂપ થઈ જાય છે.

(૪) ભાગવત જેવા સત્શાસ્ત્રમાં પણ જ્ઞાન કરતાં ભક્તિનું બળ વિશેષ કહ્યું છે; એટલે કે આત્યંતિક કલ્યાણને પામવા માટે તો ભક્તિ એ જ એક સાધન છે - દ્વાર છે, નિસરણી છે. તે સિવાય એકલું જ્ઞાન તો ડાંગરનાં ફોતરાં જેવું નકામું છે.

## બ્રહ્મસિદ્ધિનો સનાતન માર્ગ

પ્રાગજી ભક્તના આ ચરિત્રગ્રંથના અથથી ઇતિ સ્વાધ્યાય પરથી એમ સ્પષ્ટ જણાય છે કે આ સ્વામિનારાયણ ધર્મ એ કોઈ સંકુચિત દૃષ્ટિનો સંપ્રદાય કે વાડો નથી; પણ એ ધર્મ તો આપણા સનાતન વૈદિક ધર્મના મૂળભૂત સિદ્ધાંતો ઉપર રચાયેલો અને એ વૈદિક આજ્ઞાઓને અનુસરીને આચરાતો બ્રહ્મસિદ્ધિનો દૈવી ધર્મ છે! આ ગ્રંથના રચનારે એક ભારે ખૂબી કરી છે અને તે એ કે એમણે કોઈ એકાદ વ્યક્તિને મહત્ત્વ આપીને, ધર્મમાં કોઈ એવી વીરપૂજા દાખલ કરવાનો પ્રયાસ જ કર્યો નથી; પણ સમષ્ટિને જ કેન્દ્રમાં રાખીને તેના વિકાસની સાથે એ ધર્મના સનાતન સિદ્ધાંતોને સ્વતઃ પણ સરળતાથી એવા વિકસવા દીધા છે કે જેના પરિણામે શ્રમ વિના ક્રમશઃ વધુ ને વધુ સંપ્રદાયનું શુદ્ધ સ્વરૂપ આપોઆપ તેની સોળે કળામાં સમજાઈ જાય છે. આપણા સનાતન ધર્મના મૂળભૂત સિદ્ધાંતો જેવા કે સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ કે બ્રહ્મ અને પરબ્રહ્મ, અંતરના ઉમળકાથી, ભક્તિના પ્રાદુર્ભાવથી કે શ્રદ્ધાપૂર્વક સમજીને તેનો સાક્ષાત્કાર કરવો હોય તો આબાલવૃદ્ધોને માટે આ ધર્મ વિશેષ અનુકૂળ છે એમ કહ્યા વિના ચાલતું નથી; કેમ કે, એમાં પ્રાગજી ભક્ત અને જાગા ભક્ત સમું સાવ સરળ ને સીધું છતાં ઉચ્ચ કોટિનું દૈવી માધ્યમ છે! તાત્પર્ય કે સનાતન ધર્મના મૂળભૂત દિવ્ય સિદ્ધાંતો મૌલિક અને સચોટ દૃષ્ટાંતોથી સમજીને તે આચરણમાં ઉતારવા માટે સ્વામી અને નારાયણ સમા પ્રગટ પ્રભુની પરમ કૃપાથી તત્પર થઈ શ્રેયાર્થીઓને બ્રહ્મસ્વરૂપ પામવાનો આ ધર્મમાં પૂરેપૂરો અવકાશ છે. અને એ બધી વાતો તો આ ગ્રંથના જ્ઞાનભાગમાં એવી રીતે ફૂલગૂંથણીથી વણી દીધી છે કે એ બધું હસ્તામલકવત્ બની જાય છે.

## પ્રેયઃકર

પ્રાગજી ભક્તનો આ ચરિત્રગ્રંથ, સ્વાધ્યાયનો આ ધર્મગ્રંથ આંતરદૃષ્ટિથી અવલોકતાં જેટલો દિવ્ય અને શ્રેયસ્કર લાગે છે, તેટલો જ તે ગ્રંથ બાહ્યદૃષ્ટિથી પણ પ્રેયઃકર લાગે છે. પ્રેય અને શ્રેયના સમન્વય સમો આ ધર્મગ્રંથ તેના લેખકે ભાવદૃષ્ટિથી લખ્યો છે અને તે લખતાં લખતાં પણ ઘણા પ્રસંગે એટલા તન્મય થયા લાગે છે કે જાણે તે પણ એ ટાણે કોઈ એવા એકાંતિક ભક્તને પગલે પગલે ચાલવા માંડ્યા હોય! આ ગ્રંથમાં પ્રાગજી ભક્તની અપરા ભક્તિને જ કે પ્રગટ પ્રભુના અક્ષરધામને જ પોતાની નિર્મળ દૃષ્ટિમાં રાખીને, વ્યક્ત કે અવ્યક્ત જન્મ-જન્માંતરના પેલા રાગ કે દ્વેષને ગોખરુની જેમ નિર્મૂળ કરીને જ લેખક, સ્થિતપ્રજ્ઞની સીધી સડકે પ્રભુએ પ્રેર્યા તેમ દોડ્યા ગયા છે! આવી ઉચ્ચ ભૂમિકામાં રહીને આ ગ્રંથ લખાયો હોઈને જ તેમાં કોઈ ઠેકાણે કોઈના વ્યક્તિગત ગુણગાન કે એવી ઐહિક પ્રશસ્તિની અંજલિઓનો અત્યંતાભાવ જણાય છે. તુલનાત્મક નિર્ણયો ઘણીયે વાર અપ્રિય પણ કોઈ કોઈ સંજોગોમાં થઈ પડે; પણ એ ભયસ્થાન દૃષ્ટિમાં રાખીનેય ન્યાયની ખાતર લખવું પડે છે કે સંપ્રદાયોના આવા ઉચ્ચ કોટિના ધર્મગ્રંથોમાં આ ધર્મગ્રંથ કીર્તિકલગીરૂપ થઈ પડે એવો છે; કેમ કે, તેમાં જે છે તે બધુંય આપણી આર્યસંસ્કૃતિને અનુરૂપ જ છે.

આ મૌલિક, ધાર્મિક ગ્રંથના આત્મારૂપ તેના લેખકવર્ય ભાઈશ્રી હર્ષદભાઈ દવેને અમારા અંતરનાં અભિનંદન છે. અસ્તુ. ◆

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## આફ્રિકાથી ઓસ્ટ્રેલિયા સુધીની દ્વિખંડીય યાત્રાએ સ્વામીશ્રી...

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય ઉપાસના સંદેશ અને સનાતન ધર્મની ધજા લઈને આફ્રિકા ખંડ તથા ઓસ્ટ્રેલિયા ખંડની સત્સંગ-યાત્રાએ પધારેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ નૂતન કીર્તિમાનો રચી રહ્યાં છે. આજથી ૧૦૦ વર્ષ પહેલાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે દરિયાપાર પૂર્વ આફ્રિકામાં સ્વામિનારાયણીય સત્સંગની ગંગા વહેતી મૂકી હતી. તે સત્સંગ ગંગાનાં અનેક નીર વહી ગયાં છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રચંડ પુરુષાર્થથી ઠેર ઠેર મંદિરો, સત્સંગ મંડળો, બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ અને લોકસેવાઓના કંઈક પ્રકલ્પો સાકાર થઈ રહ્યા છે. તાજેતરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા આફ્રિકા ખંડમાં બે ભવ્ય પ્રકલ્પોનાં દ્વાર ઊઘડ્યાં. દાર-એ-સલામ અને જ્હોનિસબર્ગ ખાતે નૂતન બી.એ.પી.એસ. પરિસરોની ભેટ ધરીને સ્વામીશ્રીએ ઓસ્ટ્રેલિયા ખંડમાં પદાર્પણ કર્યું. ઓસ્ટ્રેલિયાના મહાનગર મેલબર્ન ખાતે સ્વામીશ્રીએ બી.એ.પી.એસ. સંસ્થાના પંચમ અક્ષરધામ પરિસરનાં સંકલ્પબીજ રોપ્યાં. હવે પછીનાં પૃષ્ઠોમાં સ્વામીશ્રીની આ આફ્રિકા યાત્રાના સંક્ષિપ્ત અહેવાલો અને અન્ય સમાચારોને માણીએ...



# આફ્રિકામાં નૂતન મંદિરોના પ્રતિષ્ઠા ઉત્સવોની યાત્રાએ મહંત સ્વામી મહારાજ...

ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ધ્વજ દેશ-વિદેશમાં લહેરાઈ રહ્યો છે. આ ઉપાસનાના રંગે રંગાયેલો એક ખંડ એટલે આફ્રિકા. સન ૧૯૫૫માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે અહીં સત્સંગનાં બીજ રોપ્યાં ત્યારથી લઈને આજ સુધી અહીં સત્સંગનો અવિરત વિકાસ થતો રહ્યો છે. આફ્રિકા ખંડમાં સત્સંગનાં અજવાળાં પ્રસરી રહ્યાં છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અપ્રતિમ પુરુષાર્થના લીધે અને વર્તમાનકાળે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી આ સનાતન વૈદિક જ્ઞાનની દિન-પ્રતિદિન અભિવૃદ્ધિ થઈ રહી છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, સદ્‌ગુરુ સંતોએ અવારનવાર આફ્રિકા ખંડમાં પધારીને, પ્રચંડ પુરુષાર્થ કરીને અહીંની સત્સંગપ્રવૃત્તિને વેગ આપ્યો. તેના પરિપાકરૂપે આફ્રિકા ખંડમાં સત્સંગપ્રવૃત્તિની શાખા-પ્રશાખાઓ વિરાટ વડની જેમ વિસ્તરતી રહી છે. નાના નાના દેશોમાં પણ બી.એ.પી.એસ.નાં મંદિરો નિર્માણ પામ્યાં અને તેના દ્વારા સત્સંગ પાંગરતો રહ્યો...

નવખંડ ધરતીમાં અધ્યાત્મનાં અજવાળાં પ્રસરાવનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બી.એ.પી.એસ. સંસ્થાના ગુરુપદે બિરાજ્યા પછી આ તૃતીય આફ્રિકા-યાત્રાનો આરંભ કર્યો. તેમની આ આધ્યાત્મિક યાત્રાનો હેતુ હતો - આફ્રિકા ખંડના વિભિન્ન દેશોમાં પાંગરતા સત્સંગને પોષણ આપવાનો, હરિભક્તોને સત્સંગલાભ આપવાનો તેમજ અહીંનાં વિભિન્ન શહેરો-મહાનગરોમાં ગતિમાન બી.એ.પી.એસ. સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓને વેગવાન બનાવવાનો, દાર-એ-સલામમાં નવીનીકરણ પામેલા મંદિરની પ્રતિષ્ઠા કરવાનો, નૈરોબીના બી.એ.પી.એસ. મંદિરના રજત જયંતી ઉત્સવનો અને ખાસ કરીને દક્ષિણ આફ્રિકામાં જહોનિસબર્ગમાં નિર્માણ પામેલા નૂતન બી.એ.પી.એસ. કલ્ચરલ કૉમ્પ્લેક્સમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ. આવા વિવિધ હેતુઓ સાથે દિવ્ય લાભ આપવા માટે પૂજ્ય મહંત સ્વામી મહારાજ ૯૨ વર્ષની ઉંમરે આફ્રિકાની યાત્રાએ પધાર્યા હતા.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ ધર્મયાત્રાને 'આફ્રિકા રંગવું છે...' નામ આપ્યું હતું. આફ્રિકા ખંડના વિભિન્ન દેશોમાં સત્સંગનાં અજવાળાં પ્રસરાવવાં માટે સ્વામીશ્રીએ આરંભેલી ધર્મયાત્રા આ નામથી વધુ સાર્થક જણાઈ. તમામ

જીવોનું આત્યંતિક કલ્યાણ કરીને તેમને અક્ષરધામની પ્રાપ્તિ કરાવવાના ધ્યેય સાથે વિચરતા સ્વામીશ્રીએ આ કલ્યાણ-યાત્રાનો દોર આરંભ્યો - દાર-એ-સલામ મહાનગરથી.

તા. ૧૩-૧૨-૨૦૨૪ના રોજ અમદાવાદથી સંતો-હરિભક્તોની ભાવભરી વિદાય લઈને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સંતમંડળ સાથે તા. ૧૪-૧૨-૨૦૨૪ના રોજ વહેલી સવારે આફ્રિકા ખંડના ટાન્ઝાનિયા દેશની રાજધાની દાર-એ-સલામના જુલિયસ ન્યરેરે ઇન્ટરનેશનલ ઍરપોર્ટ પર પધાર્યા ત્યારે વિમાનમથકે જ તેઓનું ભાવભર્યું અભિવાદન કરવામાં આવ્યું હતું. વિમાન પર બંને તરફથી જળ પ્રવાહ કરીને અહીંના ખાસ પ્રકારના 'વૉટર સેલ્યૂટ' સન્માન સાથે સ્વામીશ્રીને સત્કારવામાં આવ્યા હતા. પાંચ વર્ષ બાદ સ્વામીશ્રીનું આફ્રિકાની ધરતી પર પુનઃ પદાર્પણ થયું ત્યારે વિશેષ આનંદની વાત એ હતી કે અક્ષરપુરુષોત્તમ મહારાજ ચલસ્વરૂપે પ્રથમ વાર આફ્રિકા પધાર્યા હતા. પ્રિયવ્રતદાસ સ્વામી તથા નિર્દોષમુનિદાસ સ્વામીએ હાર પહેરાવીને ગુરુહરિનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું.

ઍરપોર્ટ પર જરૂરી ઇમિગ્રેશનવિધિ પૂર્ણ કરીને સ્વામીશ્રી અહીંના સમય મુજબ સવારે ૩:૪૬ વાગ્યે સંનિષ્ઠ ભક્તરાજ સુભાષભાઈ પટેલની 'વ્હાઇટ સેન્ડ્સ' નામની નિવાસ યોજનામાં પધાર્યા ત્યારે ગુરુહરિનાં દર્શનની એક ઝલક માણવા અહીં ઉપસ્થિત સંતો-હરિભક્તોનાં હૈયાં આનંદથી ઝૂમી ઊઠ્યાં. સૌના અંતરમાં ગુરુહરિને વધાવવાનો ખૂબ ઉમંગ-ઉત્સાહ હતો તેથી ગમનપથ પર લાલ જાજમ બિછાવવામાં આવી હતી. ઠેર ઠેર અનેકવિધ રંગોળીઓ પૂરી હતી. દીવાઓનું સુશોભન સૌના અંતરની ભક્તિથી પ્રકાશી રહ્યું હતું. અક્ષરપુરુષોત્તમ મહારાજ સહ તેની મધ્યેથી પસાર થતાં અને સંતો-ભક્તોના સ્નેહભર્યાં 'જય સ્વામિનારાયણ' સ્વીકારતાં સ્વામીશ્રી કક્ષ નંબર ૧૧૭માં પધાર્યા. આ એ જ કક્ષ હતો જ્યાં સન ૨૦૧૯માં સ્વામીશ્રીનું નિવાસસ્થાન હતું. ઘણા સમયથી ગુરુહરિના આગમનની આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલા આફ્રિકાના સંતો-હરિભક્તોએ મહારાજ-સ્વામી અને તેઓના અખંડધારક સ્વામીશ્રીને આનંદભર્યાં હૈયે વધાવ્યા. સૌના અંતરની ભાવનાઓને વાચા આપતાં પ્રિયવ્રતદાસ સ્વામીએ ગુરુહરિને આવકાર્યા. સંતોએ હાર પહેરાવી ઉત્સાહસભર ગુરુદેવનું અભિવાદન કર્યું હતું.

સ્વામીશ્રીના આગમન નિમિત્તે સંતોએ 'મહંતજીવ્રત' અને અન્ય વિશિષ્ટ વ્રત-તપ કર્યાં હતાં. સૌની આહ્નિક ભક્તિથી સ્વામીશ્રી સવિશેષ પ્રસન્ન થયા. ૯૨ વર્ષની જૈફ વયે ભારતથી ૬:૩૦ કલાકની હવાઈયાત્રા કરીને દાર-એ-સલામ પધારેલા સ્વામીશ્રી અહીંના સંતો-હરિભક્તોને મળતાં જ આનંદિત થઈ ઊઠ્યા હતા. આટલી લાંબી હવાઈ મુસાફરીનો થાક તેમના મુખારવિંદ ઉપર સહેજ પણ અનુભવાતો નહોતો. અહીં ઉપસ્થિત સૌને પ્રેમપૂર્વક દર્શનલાભ આપીને સ્વામીશ્રી નિજનિવાસે પધાર્યા હતા.

આફ્રિકાની ધર્મયાત્રા દરમ્યાન સ્વામીશ્રીએ આ વખતે તા. ૧૪-૧૨-૨૦૨૪ થી તા. ૩૧-૧૨-૨૦૨૪ સુધી ટાન્ઝાનિયા દેશના દાર-એ-સલામ ખાતે, તા. ૩૧-૧૨-૨૦૨૪ થી તા. ૨૮-૧-૨૦૨૫ સુધી પૂર્વ આફ્રિકામાં કેન્યાની રાજધાની નૈરોબી ખાતે અને તા. ૨૮-૧-૨૦૨૫ થી તા. ૧૧-૨-૨૦૨૫ સુધી દક્ષિણ આફ્રિકાના મહાનગર જહોનિસબર્ગ ખાતે બિરાજીને આધ્યાત્મિક લાભ આપ્યો હતો. વિવિધ ઉત્સવ-પ્રસંગોએ સ્વામીશ્રીએ સૌના અંતરમાં આધ્યાત્મિક રોશની પ્રસારી હતી. વહેલી સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજાથી માંડીને સાયંસભાઓમાં બાળકો, કિશોરો, યુવકો, કાર્યકરોએ અનેરા ભક્તિભાવ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. સંતો સાથેની આધ્યાત્મિક ગોષ્ઠિમાં અને કથામૃતમાં સ્વામીશ્રીએ ગુણાતીત ગુરુવર્યોનાં અમૃતવચનો પર મનન-ચિંતન સાથે યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ સાથેના દિવ્ય પ્રસંગોની સ્મૃતિઓ કરીને સૌને બ્રહ્માનંદ કરાવ્યો હતો.

પવિત્ર ધનુર્માસમાં સ્વામીશ્રીએ નિત્ય એક બ્રહ્મવિદ્યાનો પાઠ આપીને દેશ-વિદેશના લાખો હરિભક્તોમાં સત્સંગનાં નૈતિક મૂલ્યો-આદર્શોનું સિંચન કર્યું હતું. આ બ્રહ્મસૂત્ર પર નિરૂપણ કરીને સૌને તેનો વિશેષ મહિમા દૃઢાવ્યો હતો.

દાર-એ-સલામ, નૈરોબી અને જહોનિસબર્ગ ખાતે સ્વામીશ્રીની મુલાકાતે વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો, રાજકીય નેતાઓ, ઉચ્ચ પદાધિકારીઓ, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, વિવિધ સમાજોના પ્રતિનિધિઓ, સામાજિક સંસ્થાઓના અગ્રણીઓ, ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓ પધાર્યા હતા. સ્વામીશ્રીની દિવ્ય સાધુતા-પ્રતિભાથી આ સૌ પ્રભાવિત થયા હતા. સ્વામીશ્રીએ સૌને પ્રેમપૂર્વક મળીને પ્રસન્નતા વ્યક્ત કરી હતી. અને સૌ હળીમળીને, એકબીજાને સાથ-સહકાર આપીને, સંપીને એકબીજાના પ્રસંગો શોભાવે, પ્રગતિ કરે તેવી ભાવના વ્યક્ત કરતા આશિષ અર્પ્યા હતા. નિયત

*દિવસોએ વિવિધ સત્સંગ-કેન્દ્રોના હરિભક્તો-ભાવિકોને પણ સ્વામીશ્રીએ સમીપદર્શનથી કૃતાર્થ કર્યા હતા. ગુરુદેવના મુખ પરનું હાસ્ય અને તેઓની અમીદૃષ્ટિ પામીને અહોભાવ સાથે હરિભક્તોના અંતરમાં આનંદ-ઉમંગની ભરતી ચઢી હતી. સુખની લહાણ કરીને સ્વામીશ્રીએ સૌ ભક્તોનાં હૈયાં સત્સંગ-ભક્તિથી રંગી દીધા હતા અને આફ્રિકા ખંડને સત્સંગના રંગે રંગવાના દૃઢ નિર્ધારને ખરા અર્થમાં સાચો ઠેરવ્યો હતો.*

*અત્રે નોંધનીય છે કે સ્વામીશ્રીની આ ધર્મયાત્રા દરમ્યાન આફ્રિકાના નાના-મોટા દેશોનાં વિભિન્ન બી.એ.પી.એસ. સત્સંગ કેન્દ્રોના સંતો અને ૭ વર્ષના બાળથી માંડીને ૭૦ વર્ષના હરિભક્તોએ 'મહંતજીવ્રત' ઉપરાંત અન્ય વ્રત-તપ-ઉપવાસની હેલી વરસાવીને ગુરુહરિના નિરામય સ્વાસ્થ્યની મંગલ કામના સાથે ઠાકોરજીનાં ચરણોમાં આહ્નિક-ભક્તિ સમર્પિત કરી હતી.*

*પૂર્વ આફ્રિકાના ટાન્ઝાનિયા દેશના દાર-એ-સલામ ખાતે, કેન્યા દેશના નૈરોબી ખાતે અને દક્ષિણ આફ્રિકાના જ્હોનિસબર્ગના આંગણે વિવિધ ઉત્સવ-પ્રસંગોમાં સ્વામીશ્રીએ આપેલા અવિસ્મરણીય અને અભૂતપૂર્વ સત્સંગલાભની અહીં સ્મૃતિ કરીને આપણે પણ કૃતાર્થ થઈએ...*

## ■ દાર-એ-સલામમાં સ્વામીશ્રી

તા. ૧૪-૧૨-૨૦૨૪ થી તા. ૩૧-૧૨-૨૦૨૪ સુધી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે દાર-એ-સલામ ખાતે બિરાજીને સંતો તેમજ દેશ-પરદેશના સેંકડો હરિભક્તો તથા સ્થાનિક આફ્રિકન ભાઈઓને સત્સંગ લાભથી લાભાન્વિત કર્યા હતા.

સન ૨૦૦૭માં પ્રમુખસ્વામી મહારાજે દાર-એ-સલામ મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી.

તા. ૧૬-૧૨-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચલ સ્વરૂપો પ્રતિષ્ઠિત કર્યાં હતાં. આ સાથે સ્વામીશ્રીએ ટાન્ઝાનિયાનાં ત્રણ સત્સંગ-કેન્દ્રો અરુસા, ટાંગા અને મ્વાન્ઝાના બી.એ.પી.એસ. મંદિરના અક્ષર-પુરુષોત્તમ મહારાજનાં ચલ સ્વરૂપો પ્રતિષ્ઠિત કર્યાં હતાં.

## ● મંગલ અવસર મૂર્તિપ્રતિષ્ઠાનો

સન ૨૦૦૭માં દાર-એ-સલામમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે નૂતન બી.એ.પી.એસ. મંદિરની ભેટ ધરીને અહીંના સત્સંગને હર્યોભર્યો કર્યો હતો. તા. ૨૪-૫-૨૦૦૭ના દિવસે સંતો તેમજ દેશ-પરદેશના હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં પ્રમુખસ્વામી મહારાજે વેદોક્ત વિધિપૂર્વક મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કરીને સૌમાં આધ્યાત્મિક બળ સિંચ્યું હતું.

સમયના વહેતા વહેણની સાથે સંતો-હરિભક્તોની સમર્પણ-ભક્તિથી આ મંદિરે નવાં કલેવર સજ્યાં. નવીનીકરણ પામેલા આ મંદિરમાં નૂતન મૂર્તિઓની પ્રતિષ્ઠા માટે ખાસ દાર-એ-સલામ પધારેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને અન્ય સંતોની ઉપસ્થિતિમાં શાનદાર પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો હતો. આ મહોત્સવના ઉપક્રમે વિવિધ આધ્યાત્મિક કાર્યક્રમો યોજાયા હતા. તેની એક ઝાંખી અહીં પ્રસ્તુત છે...

## ● વિશ્વશાંતિ મહાયાગ

તા. ૧૮-૧૨-૨૦૨૪ના રોજ વિશ્વશાંતિ મહાયાગ યોજાયો હતો. આ મહાયાગ માટે 'બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સ્પોર્ટ્સ કલ્ચર સેન્ટર'માં ૯૦ યજ્ઞકુંડ રચવામાં આવ્યા હતા. યજ્ઞકુંડની પૃષ્ઠભૂમાં મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓ સૌ પર પુનિત દૃષ્ટિ કરી રહી હતી. વહેલી સવારથી જ યજમાન હરિભક્તો નૂતન વસ્ત્રાલંકાર ધારણ કરીને યજ્ઞના યજમાનપદે બેસવા પધારી ચૂક્યા હતા. સવારે ૮:૦૦ થી ૧૦:૩૦ વાગ્યા દરમ્યાન સદ્‌ગુરુ સંતો અને વડીલ સંતોની ઉપસ્થિતિમાં યજ્ઞનો પૂર્વવિધિ થયો હતો. ત્યારબાદ સ્વામીશ્રીએ મુખ્ય યજ્ઞકુંડ પર ઉત્તરાર્ધવિધિ આરંભ્યો. વિધિ અંતર્ગત ક્રમાનુસાર ભૂદેવોએ કરેલા વેદમંત્રોના ગાનના સમાંતરપણે સ્વામીશ્રી તથા સંતોએ વિધિઓ કરી. સદ્‌ગુરુ સંતો અને વડીલ સંતોએ સ્વામીશ્રી વતી તમામ મૂર્તિઓનું પૂજન કર્યું. ત્યારબાદ સ્વામીશ્રીએ દાર-એ-સલામ મંદિરમાં પધરાવવામાં આવનાર મૂર્તિઓ અને નૈરોબી મંદિરમાં પધરાવવામાં આવનાર શ્રીરામપંચાયતન અને શ્રીશિવપંચાયતનની મૂર્તિઓનાં યંત્રોનું પૂજન કર્યું હતું. પૂજન બાદ સ્વામીશ્રી, સદ્‌ગુરુ સંતો અને યજમાન ભક્તોએ અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા તમામ મૂર્તિઓ અને યજ્ઞનારાયણની આરતી ઉતારી હતી. અંતે સૌએ મંત્રપુષ્પાંજલિનું અર્ઘ્ય અર્પણ કર્યું હતું.

આજે ઇન્દ્રદેવે જળવર્ષા કરીને યજ્ઞને વિશેષ પાવન કર્યો હતો.

સ્વામીશ્રીએ સૌ પર આશીર્વાદ વરસાવતાં જણાવ્યું: ''મહારાજ-સ્વામી વિરાજે છે, એટલે જયજયકાર થવાનો જ છે. આ બધા હરિભક્તો ખૂબ તન-મન-ધનથી, બધી રીતે ઘસાયા છે – સેવા કરી છે અને એવો ભાવ છે. તમારા ભાવને ધન્ય છે. બધા દેશ-પરદેશથી આવ્યા છે. તમામ આફ્રિકામંડળ અને આફ્રિકા સિવાય પણ બધાએ તન-મન-ધનથી સેવા કરી છે, એનું ફળ તો મળી ગયું છે. તમામ હરિભક્તો તને-મને-ધને સુખી થાય એ પ્રાર્થના.'' સૌએ આનંદથી સ્વામીશ્રીનો આભાર માન્યો.

આશીર્વચનની સમાપ્તિ બાદ સ્વામીશ્રીએ યજ્ઞમાં બેઠેલા ભક્તોને કૃતાર્થ કર્યા.

### ● સ્વાગત સભા અને અક્ષતતુલા

આજે સાયંકાળે સ્પોર્ટ્સ સેન્ટરમાં 'અક્ષરનાં વધામણાં' શીર્ષક હેઠળ સ્વામીશ્રીનું સ્વાગત કરતી સભા યોજાઈ હતી. સભામાં પધારેલા સ્વામીશ્રીને સૌએ હર્ષનાદથી વધાવ્યા. ત્યારબાદ સૌ હરિભક્તો વતી પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ કલાત્મક હાર પહેરાવી સ્વામીશ્રીનું દાર-એ-સલામના આંગણે ભાવભર્યું સ્વાગત કર્યું હતું.

સભામાં અક્ષરપુરુષોત્તમ મહારાજનો 'અક્ષતતુલા'વિધિ યોજાયો હતો. બે તુલા પૈકીની એક તુલામાં સ્વામીશ્રીના અક્ષરપુરુષોત્તમ મહારાજ અને દ્વિતીય તુલામાં દાર-એ-સલામના અક્ષરપુરુષોત્તમ મહારાજને પધરાવાયા. સ્વામીશ્રીએ વારાફરતી બંને યુગલ સ્વરૂપોનું પૂજન કરીને, અહીંના ભક્તોએ જાતે ફોલેલા અક્ષત વડે મહારાજ-સ્વામીની અક્ષતતુલા કરીને સૌ ભક્તોનો ભક્તિભાવ ઠાકોરજીનાં ચરણે સમર્પિત કર્યો હતો.

આ પ્રસંગે શુભાશિષ અર્પતાં સ્વામીશ્રીએ કહ્યું: ''શ્રીજીમહારાજ પરથી પર છે એટલે એનું માપ કાઢવું અશક્ય છે. તો કરવું શું? તો – આપણો ભાવ! આપણા ભાવથી તેઓ જોખાય છે. ભગવાનને જોખ્યા ક્યારે કહેવાય? શ્રીજીમહારાજે બાંધેલા નિયમ આપણે પાળીએ તો. ધર્મ-નિયમ ના હોય તો કોઈ કિંમત નથી. એટલે ધન્યભાગ્ય માનીને ધર્મ-નિયમ પાળવા.'' સ્વામીશ્રીએ સુંદર પ્રેરણાવચનો કહ્યાં.

સભાના અંતમાં ટાન્ઝાનિયાનાં બાળકો-યુવકો અને આફ્રિકન ભાઈઓએ એક મહિનાના ભક્તિપૂર્ણ પુરુષાર્થથી તૈયાર કરેલા સુંદર સ્વાગત-નૃત્યથી સ્વામીશ્રીને વધાવ્યા હતા.

### ● નૂતન સભામંડપમાં કાર્યક્રમ

તા. ૧૯-૧૨-૨૦૨૪થી રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં નૂતન મંદિરમાં સાતમા માળે રચાયેલા 'યજ્ઞપુરુષ સભામંડપમ્'માં સ્વામીશ્રીની પ્રાતઃપૂજા તથા સંધ્યા સભા સહિતના વિવિધ કાર્યક્રમો યોજાતા રહ્યા.

તા. ૧૯-૧૨-૨૦૨૪થી રોજ પરમ પૂજ્ય સ્વામીશ્રીની પાવન ઉપસ્થિતિમાં 'અલૌકિક પ્રાપ્તિ' કેન્દ્રવર્તી વિચાર સાથે યોજાયેલી સભામાં વિવિધ કાર્યક્રમોના અંતમાં સ્વામીશ્રીએ કહ્યું: ''પ્રાપ્તિ વિષે જેટલું કહેવાય, એનો પાર નથી. શ્રીજીમહારાજ મળ્યા, ગુણાતીતાનંદ સ્વામી મળ્યા - આ બે અનાદિનાં સ્વરૂપો છે. એ પ્રાપ્ત થયાં! પણ આપણને એનો મહિમા નથી એટલે રાંકનાં રાંક રહીએ છીએ. આપણી ગણતરી આ લોક ને લૌકિક પદાર્થથી બનેલી છે, એટલે ખ્યાલ આવે જ નહીં કે 'શ્રીજીમહારાજ શું? ગુણાતીતાનંદ સ્વામી શું?' એટલે જેટલો મહિમા સમજાય એટલો પ્રામાણિકપણે સમજવો. 'ખરેખર પ્રાપ્તિ છે' એવું જો સમજાય તો આનંદ આનંદ આનંદ રહે.'' પછી સૌના આનંદમાં અનેક ઘણો વધારો કરતાં સ્વાહીલીમાં બોલ્યા: 'ટુમે પાટા મુંગુ ટુના ફુરાહા!' (આપણને ભગવાન મળ્યા છે, એટલે આનંદ છે!). સૌએ તાળીનાદથી આ શબ્દોને વધાવ્યા.

### ● સ્મરણ સભા

તા. ૨૦-૧૨-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ટાન્ઝાનિયા સત્સંગ-ઇતિહાસનું સ્મરણ કરતી વિશિષ્ટ સભા યોજાઈ હતી. સભામાં 'ગાથા ભવ્ય ઇતિહાસની' શીર્ષક હેઠળ ટાન્ઝાનિયામાં પ્રસરેલા સત્સંગની ઝાંખી કરાવતી નૃત્ય-નાટિકાનો પ્રથમ ભાગ રજૂ થયો હતો, જેમાં મુખ્યત્વે યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ તથા મહંત સ્વામી મહારાજના ટાન્ઝાનિયાના સત્સંગ સાથે સંકળાયેલા પ્રસંગો રજૂ થયા હતા.

સન ૧૯૫૯થી આ દેશના સત્સંગ સાથે પૂજ્ય મહંત સ્વામી મહારાજ સંકળાયેલા છે, કારણ કે એ સાલમાં સ્વામીશ્રી 'વિનુ ભગત' તરીકે યોગીબાપાની સેવામાં અહીંયાં પધાર્યા હતા. અહીંયાંની જે વિદેશ-યાત્રાઓ થઈ એના આધારે આદર્શજીવનદાસ સ્વામીએ પ્રશ્નોત્તરી કરી, તેના ઉત્તરરૂપે સ્વામીશ્રીએ બ્રહ્મસ્વરૂપ

યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો મહિમા વર્ણવતા દિવ્ય પ્રસંગોની સ્મૃતિ કરી હતી.

## ● શોભાયાત્રા

તા. ૨૧-૧૨-૨૦૨૪ના રોજ મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. આ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ તેમજ શોભાયાત્રામાં સહભાગી થવા દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં હરિભક્તો-ભાવિકો ઊમટ્યા હતા. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓ કલાત્મક રથમાં વિરાજીને દાર-એ-સલામના માર્ગો પર આશીર્દષ્ટિ કરવા નીકળી હતી. સંતો-હરિભક્તોએ ભક્તિભાવપૂર્વક રથનું વહન કર્યું હતું. આ ભવ્ય અને દિવ્ય શોભાયાત્રાએ અહીંના સ્થાનિક લોકોમાં અનેરું આકર્ષણ જમાવ્યું હતું.

આજે 'યજ્ઞપુરુષ સભામંડપમ્'માં યોજાયેલી સભામાં ટાન્ઝાનિયાના ભવ્ય 'સત્સંગ ઈતિહાસની ગાથા'નો દ્વિતીય ભાગ નૃત્ય-નાટિકાના રૂપમાં રજૂ થયો હતો. નૃત્ય-નાટિકામાં ભાગ લેનારા ૭૭ જેટલા બાળકો-યુવકો અને હરિભક્તો પર સ્વામીશ્રીએ કૃપાદૃષ્ટિ કરી હતી. ત્યારબાદ પ્રશ્નોત્તરીના માધ્યમથી સ્વામીશ્રીએ અહીંની પૂર્વ સ્મૃતિઓ કરી હતી.

આજે સ્વામીશ્રીએ આફ્રિકાના બે યુવકોને ભાગવતી દીક્ષા આપી હતી. ભગીરથ ભગતને સાધુ પરમશીલદાસ અને ઋજુ ભગતને સાધુ દિવ્યકીર્તિદાસ સ્વામી નામ આપીને સ્વામીશ્રીએ ગુરુમંત્ર આપી દીક્ષિત કર્યા હતા.

## ● મૂર્તિપ્રતિષ્ઠાનો મંગલવિધિ

તા. ૨૨-૧૨-૨૦૨૪ના રોજ વહેલી સવારથી જ દાર-એ-સલામના બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાનો અનોખો માહોલ છવાયો હતો. જેના માટે સ્વામીશ્રીનું ખાસ દાર-એ-સલામમાં આગમન થયું હતું, તેના પડઘમ આજે વિશેષ ગુંજી રહ્યાં હતાં. મૂર્તિપ્રતિષ્ઠાના મંગલ અવસરે વહેલી સવારે પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ મૂર્તિઓ પર અભિષેક કરીને પ્રતિષ્ઠા નિમિત્તેનો પૂર્વવિધિ કર્યો હતો. આ પ્રસંગે યોજાયેલી મહાપૂજામાં હરિભક્તો-ભાવિકો જોડાયા હતા. વિધિ બાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રેરક પ્રવચનનો લાભ આપ્યો હતો.

નિયત સમયે સ્વામીશ્રી પ્રતિષ્ઠાવિધિ માટે પધાર્યા. જૂના મંદિરમાં જે મૂર્તિઓ હતી તે તમામ મૂર્તિઓ અહીં સુવર્ણરસિત ભવ્ય સિંહાસનમાં પ્રસ્થાપિત કરવામાં આવી હતી. ઘનશ્યામ મહારાજની મૂર્તિ નૂતન હતી, તેથી સ્વામીશ્રી તેઓ સમક્ષ પ્રતિષ્ઠાવિધિ માટે વિરાજ્યા. શ્રુતિપ્રકાશદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ વિદ્વાન ભૂદેવોએ વિધિ આરંભ્યો. વિધિને અનુસરતાં સ્વામીશ્રીએ પ્રાણપ્રતિષ્ઠા કરી. આફ્રિકાના બરાબર ૧૧:૧૮ વાગ્યે



મધુશલાકાથી નેત્ર-અનાવરણ કરીને ઠાકોરજીની પ્રથમ દૃષ્ટિ અરીસામાં ઝિલાવી. ત્યારબાદ સ્વામીશ્રીએ પ્રત્યેક મૂર્તિનું ભક્તિભાવથી ચંદન અને અક્ષતથી પૂજન-અર્ચન કર્યું. નીલકંઠવર્ણીનું પૂજન કરીને પ્રથમ અભિષેક કર્યો. નયનરમ્ય મૂર્તિઓની સમક્ષ ગોઠવાયેલા અન્નકૂટ સાથે સ્વામીશ્રી અને સૌએ પ્રતિષ્ઠિત મૂર્તિઓની આરતી ઉતારી.

આજના પ્રસંગે સૌને પ્રેરણાશિષ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આજે દાર-એ-સલામ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ધામધૂમથી થઈ ગઈ. અહીં ભગવાનની પ્રતિષ્ઠા થઈ એટલે હવે આને પથ્થર ના સમજતા, પણ ભગવાન મૂર્તિમાન અહીં વિરાજ્યા છે. જેવું સમજશો એવું ફળ મળશે.

આ મંદિરની શોભા અદ્‌ભુત છે. બધી જ રીતે સુંદર મંદિર બન્યું છે. હવે આ મંદિરનો લાભ લઈએ તો મંદિર સાર્થક થયું કહેવાય. આરતી, પૂજા, સેવા, હરિભક્તો સાથે અંદરોઅંદર હેતપ્રીત રાખીએ – આ બધું કર્યું હોય તો મંદિર સાર્થક થયું કહેવાય. એટલે અહીં આરતી-દર્શન-સભાનો અવશ્ય લાભ લેવો. દિવસમાં એકવાર તો દર્શન કરવા આવી જ જવું. જેણે જેણે આ મંદિરમાં સેવા કરી છે તેઓ સર્વે અંદર અને બહાર બંને રીતે સુખી થાય એ પ્રાર્થના.''

આજે મંદિર દ્વારા ભગવાનની ભેટ આપવા બદલ અહીંના હરિભક્તો વતી પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, આનંદસ્વરૂપદાસ સ્વામી પ્રિયવ્રતદાસ સ્વામી, બ્રહ્મચરણદાસ સ્વામી, ટાન્ઝાનિયામાં વિચરણ કરતા નિર્દોષમુનિદાસ સ્વામી અને મધુરમુનિદાસ સ્વામીએ કલાત્મક હાર પહેરાવી સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

આજના શુભ પ્રસંગે ભારતના ટાન્ઝાનિયા ખાતેના હાઈકમિશનર શ્રી બિશ્વદીપ દે, શ્રી તરસીંગચંદ અગ્રવાલજી (લાલાજી) જેવા અગ્રણી ઉદ્યોગપતિઓ સહિત ઘણા મહાનુભાવો પધાર્યા હતા. દેશ-પરદેશના હરિભક્તો-ભાવિકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને મૂર્તિપ્રતિષ્ઠાના મંગલ અવસરને વધાવ્યો હતો.

## ● પ્રાસંગિક સમારોહ

મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તેનો પ્રાસંગિક સમારોહ 'યજ્ઞપુરુષ સભામંડપમ્'માં યોજાયો હતો. આનંદસ્વરૂપદાસ સ્વામી અને પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ દિવ્ય સ્મૃતિઓ સાથે પ્રેરણાવચનો કહ્યાં હતાં. ત્યારબાદ મંદિરનો મહિમા વર્ણવતો 'हमारी मंदिर हैं पहचान...' સંવાદ રજૂ થયો હતો.

સંવાદની સમાપ્તિ બાદ મંદિરનો મહિમા વર્ણવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''My Mandir, My Home! મંદિર આપણું ઘર મનાયું હશે તો આપણને મંદિરનું મમત્વ રહેશે અને ધણીની જેમ સેવા થશે. આ મંદિરથી બાળકોને સારા સંસ્કાર મળશે. આપણું જીવન પણ પવિત્ર બનશે.



આ મંદિરમાં આવીને શુદ્ધભાવથી સેવા-ભક્તિ-સમાગમ કરીશું તો એકાંતિક થઈ જવાશે. જેવી ભાવના હોય એવું ફળ પ્રાપ્ત થશે. શુદ્ધભાવ એટલે જગતની બીજી બધી ઇચ્છા રાખવી જ નહીં. એકાંતિકપણું સહેલું નથી, એ બ્રહ્મની કોટીમાં આપણે આવી ગયા. બ્રહ્મની કોટી એટલે મહારાજ-સ્વામીની દૃષ્ટિ રહ્યા કરે, એ રૂપ થઈ જવાય. એકાંતિક બહુ મોટી પદવી છે. એના માટે એકાંતિક પુરુષ જોઈએ. એમના વિના બધું શૂન્ય!

આપણે એકાંતિક ધર્મ સિદ્ધ કરી છેલ્લો જન્મ કરીએ. આ જીવનનું અંતિમ ધ્યેય છે.''

સભાના અંતે સ્વામીશ્રી સંગે સૌએ સમૂહ આરતીનો લાભ લીધો.

આજના પ્રતિષ્ઠા મહોત્સવે, દાર-એ-સલામના ધરા-ગગનને ગજવતી અને અજવાળતી ભવ્ય આતશબાજી થઈ હતી.

## ● ગુણાતીત સત્ર

તા. ૨૩-૧૨-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીએ 'અક્ષરબ્રહ્મ ગુણાતીત સત્ર'નું દીપ પ્રાગટ્ય કરીને મંગલ ઉદ્‌ઘાટન કર્યું હતું. ત્યારબાદ સ્વામીશ્રીની પ્રેરણા અને આશીર્વાદથી તા. ૩૦-૧૨-૨૦૨૪ થી ૧૩-૧-૨૦૨૫ સુધી આ સત્ર યોજાયું હતું. આ પંદર દિવસીય જ્ઞાનસત્ર અંતર્ગત બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંતોએ વિવિધ વિષયો પર કથાવાર્તાનો લાભ આપ્યો હતો. ભારતીય સમય મુજબ રાત્રે ૯:૦૦થી ૧૦:૦૦ વાગ્યા દરમ્યાન પ્રસારિત થયેલા આ બ્રહ્મસત્રનો દેશ-વિદેશના લાખો હરિભક્તોએ ઘરે બેઠાં તેમજ બી.એ.પી.એસ.નાં મંદિરોમાં સંતો તેમજ સેંકડો હરિભક્તોએ મહિમાપૂર્વક સંતોનાં મનનીય વ્યાખ્યાનોનો લાભ પ્રાપ્ત કરીને પ્રાપ્તિના વિચારને દૃઢાવ્યો હતો.

## ● વિશિષ્ટ સત્સંગ સભા

દાર-એ-સલામ ખાતેના સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન વિવિધ ભક્તિભર્યા ઉત્સવ-પ્રસંગોની સાથે સત્સંગ સભાઓ યોજાઈ હતી. તા. ૨૪, ૨૫ ડિસેમ્બરના રોજ ઝામ્બિયા અને મલાવી દેશના હરિભક્તોએ લાભ લીધો હતો. સાયંસભામાં ઝામ્બિયાના હરિભક્તોએ 'ધન્ય ધન્ય અમ જીવન' અને મલાવીના ભક્તોએ 'દેશ નાનો, દયા મોટી' મધ્યવર્તી વિચાર સાથે પ્રભાવક કાર્યક્રમોની પ્રસ્તુતિ કરી હતી. સભાના અંતમાં સ્વામીશ્રીએ બંને દેશો સાથે જોડાયેલા પ્રસંગોનું પ્રશ્નોત્તરીના માધ્યમથી આચમન કરાવ્યું હતું. આ સાથે સ્વામીશ્રીએ મલાવી દેશના મઝુઝુ (Mzuzu), લિલોંગ્વે (Lilongwe) અને બ્લેન્ટાયર (Blantyre) ખાતે નિર્માણાધીન બી.એ.પી.એસ. મંદિરો નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે શુભાશિષ અર્પ્યા હતા.

તા. ૨૪ ડિસેમ્બરના રોજ સ્વામીશ્રીએ ૧૦૫ બાળકો પર હેતલવર્ષા કરીને રાજીપો દર્શાવ્યો હતો. કારણ કે સ્વામીશ્રી દાર-એ-સલામ પધાર્યા ત્યારથી આ બાળકો વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં જોડાયા હતા. સ્વામીશ્રી દાર-એ-સલામ પધાર્યા તે પૂર્વે ૨૪ બાળકોએ દાર-એ-સલામનાં ૨૨૪ ઘરે જઈને મહાપૂજા કરી હતી! અને તેમાં જે આર્થિક સેવા આવી તે બધી ઘનશ્યામ મહારાજની મૂર્તિ માટે અર્પણ કરી હતી!

તા. ૨૬-૧૨-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીએ નૂતન બી.એ.પી.એસ. મંદિર અને તેના નૂતન ભવનના વિવિધ વિભાગોમાં પધારીને તેને દૃષ્ટિ-પ્રસાદીના કર્યા હતા.

## ● બાળ-કિશોર દિન

તા. ૨૮-૧૨-૨૦૨૪ના રોજ 'મિશન રાજીપો' કેન્દ્રવર્તી વિચાર સાથે 'બાળ-કિશોર દિન' ઊજવાયો હતો. સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં બાળકો-કિશોરોએ વિવિધ પ્રસ્તુતિઓ કરીને સ્વામીશ્રીનો રાજીપો ઝીલ્યો હતો.

સાયંસભામાં બાળકો-કિશોરોએ વિવિધ કાર્યક્રમો રજૂ કરીને ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. આ સભામાં, સત્સંગદીક્ષા અને કારિકાઓનો મુખપાઠ કરનાર બાળકોનું અભિવાદન કરાયું હતું. સ્વામીશ્રી જે શ્લોક બોલવા માટે કાર્ડ દર્શાવતા હતા તે મુજબ બાળકોએ નિઃશંકપણે, નિર્ભયપણે અને શુદ્ધ ઉચ્ચારણ સાથે કડકડાટ મુખપાઠ રજૂ કર્યો. સ્વામીશ્રી સહિત સૌ પ્રભાવિત અને આનંદિત થયા.

અંતમાં, સૌના પ્રતિનિધિરૂપે બાળકો અને કિશોરોએ સ્વામીશ્રીને પ્રશ્નો પૂછીને માર્ગદર્શનની સાથે રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

સત્સંગદીક્ષા, કારિકાનો મુખપાઠ કરનાર બાલિકાઓનું અભિવાદન મહિલા દિનની સભામાં થયું હતું.

## ● આજ્ઞા દિન - વિદાય સભા


તા. ૨૯-૧૨-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં 'આજ્ઞા દિન' ઊજવાયો હતો. આ દિન નિમિત્તેની સભામાં 'करिष्ये वचनं तव' શીર્ષક સાથે સંવાદ રજૂ થયો હતો. સંવાદની પૂર્ણતાએ તમામ સભાજનો વચ્ચેથી નાડાછડીઓ પસાર કરવામાં આવી, જેનું સૂત્ર સ્વામીશ્રીના હાથમાં હતું. આજ્ઞા દિન નિમિત્તે, સ્વામીશ્રી જે પ્રમાણે વાળે તે પ્રમાણે વળવાનો સંદેશ

આપવામાં આવ્યો. આ પ્રસંગે સૌએ એક વિશેષ નિયમ ગ્રહણ કર્યો હતો.

અંતમાં આજના દિનને અનુરૂપ આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ કહ્યું: ''ઉપાસના તો બધાને સિદ્ધ થઈ ગઈ છે, પણ આજ્ઞા પાલનમાં જેટલો ફેર પડે એટલા આપણે શ્રીજીમહારાજની વિરુદ્ધ દિશામાં જઈ રહ્યા છીએ. નિયમ-ધર્મની દૃઢતા હોય તો શ્રીજીમહારાજ ખૂબ ખૂબ રાજી થાય.

વચનામૃત ગઢડા છેલ્લાના પહેલામાં વાત આવે છે કે – સંતો-હરિભક્તોએ શિક્ષાપત્રીનો નિત્ય પાઠ કરવાનો નિયમ લીધો, તો શ્રીજીમહારાજ એટલા બધા રાજી થયા કે બધા સંતોને ભેટવાનો લાભ આપ્યો. અને સર્વે હરિભક્તોને છાતીમાં પોતાનાં ચરણારવિંદ આપ્યાં. કેટલો બધો રાજીપો?! ખાલી શિક્ષાપત્રી વાંચવાથી આટલો બધો રાજીપો-લાભ થતો હોય તો શિક્ષાપત્રીમાં આપેલા નિયમો પાળે તો કેટલો રાજીપો થાય!'' સ્વામીશ્રીના આ વખતના રોકાણની છેલ્લી જાહેર સભા હતી તેથી સમગ્ર ટાન્ઝાનિયા સત્સંગમંડળ વતી સંતોએ હાર પહેરાવીને સ્વામીશ્રીને વિદાયમાન આપ્યું. ટાન્ઝાનિયા ખાતે કાર્યરત સ્વામિનારાયણ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દર વર્ષે 'The Swaminarayan nectar' નામે મૅગેઝિન પ્રકાશિત કરે છે. આજે સ્વામીશ્રીના હસ્તે તેના ત્રીજા અંકનું વિમોચન થયું.

અહીંના સત્સંગમંડળના ચૅરમૅન કુમારભાઈએ હૃદયથી સ્વામીશ્રીનો આભાર માનતાં કહ્યું : 'બાપા, ૯૨ વર્ષે અમારા ભાવ પૂરા કરવા અહીં આવ્યા. અમારી પાસે આભાર માનવા કોઈ શબ્દો નથી...' સાથે સાથે તેમણે સદ્‌ગુરુ સંતો, વડીલ સંતો, સમૈયો શોભાવવા આવેલા ૧૦૦થી વધુ સંતો, સેવામાં જોડાયેલા સંતો-હરિભક્તો-ભાવિકોનો પણ આભાર માન્યો હતો. છેલ્લા એક વર્ષથી અમેરિકાના રોબિન્સવિલ અક્ષરધામ મહામંદિરમાં સેવા આપતા કિશોરો-યુવકો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. આ કિશોરો-યુવકો પૈકી ૧૮ જણે મહંતજીવ્રત પૂર્ણ કર્યું હતું. સ્વામીશ્રીએ સૌ પર પ્રસન્નતાભરી દૃષ્ટિ કરીને આશિષ અર્પ્યાં.



## ટાન્ઝાનિયા દેશમાં સ્વામીશ્રીને આવકારતા ગૃહપ્રધાન શ્રી હામદ મસૌની

ટાન્ઝાનિયા દેશની રાજધાની દાર-એ-સલામ ખાતે પધારેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને સત્કારવા માટે, તા. ૧૭-૧૨-૨૦૨૪ના રોજ ટાન્ઝાનિયા દેશના ગૃહપ્રધાન શ્રી હામદ મસૌની (Hamad Masauni) પધાર્યા હતા. સન ૨૦૧૯માં તેઓ સ્વામીશ્રીનાં દર્શનથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. આજે પુનઃ સ્વામીશ્રીનાં દર્શન-મુલાકાતે પધારીને તેઓએ ટાન્ઝાનિયા દેશમાં પધારવા બદલ સ્વામીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી હામદે પોતાની લાગણીઓ વહાવતાં કહ્યું, 'આપને મળીને આનંદ થયો. ટાન્ઝાનિયામાં આપનું સરકાર વતી શુભ સ્વાગત છે. હું આપને મળવાની રાહ જ જોતો હતો. અને આ વખતે ફરી હું આપના આશીર્વાદ મેળવી શક્યો.' આમ કહી તેમણે તેમના ફોનમાં રહેલી ગઈ વખતની સ્વામીશ્રી સાથેની સ્મૃતિછબીઓ આનંદપૂર્વક દર્શાવતાં કહ્યું, 'I like you so much.' આ બોલતાં બોલતાં તેમના મુખ પર અનેરું સ્મિત રેલાઈ રહ્યું. પછી કહે, 'હું ઇચ્છું છું કે આપ હંમેશાં અહીં આવતા રહો, કારણ કે આપ અહીં પધારો છો તેની સાથે સાથે અમારા દેશને વધુ શાંતિ અને સમૃદ્ધિના આશીર્વાદ આપો છો. એટલે આપનું હંમેશાં સ્વાગત છે. ગઈ વખતે આપે આશીર્વાદ આપ્યા હતા ત્યારે હું ડેપ્યુટી મિનિસ્ટર હતો અને આ વખતે હોમ મિનિસ્ટર છું! આપની સેવા માટે અમે તત્પર છીએ!' તેમના શબ્દોમાં સ્વામીશ્રીના આશીર્વાદનો પ્રતાપ અને તે બદલ આભાર ઝળકી રહ્યા હતા.

સ્વામીશ્રી મંત્રીશ્રીની ભાવનાઓથી ખૂબ રાજી થયા અને આશીર્વાદ આપતાં કહે: 'આ દેશ ખૂબ આગળ વધે અને આપનું સ્વાસ્થ્ય પણ સારું રહે એ માટે ભગવાનને પ્રાર્થના કરી છીએ.' મંત્રીશ્રીએ નતમસ્તક થતાં આભાર માન્યો. સ્વામીશ્રીએ તેમને આશીર્વાદરૂપે હાર પહેરાવ્યો અને પુનઃ સ્વામીશ્રીને વંદન કરી મંત્રીશ્રીએ વિદાય લીધી હતી.



**નૈરોબી ખાતે આધ્યાત્મિક સુખ આપતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ...**

*બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના દિવ્ય પ્રભાવથી અને સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામીના અથાક્ પ્રયત્નોથી પૂર્વ આફ્રિકામાં ગઈ શતાબ્દીમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં અજવાળાં પ્રસર્યાં હતાં. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૫૫માં ત્યાં પધારીને શુદ્ધ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં મંદિરોનો પ્રારંભ કર્યો. ત્યારપછી પ્રમુખસ્વામી મહારાજે તેનો દિવ્ય વિસ્તાર કર્યો. સન ૧૯૯૯માં પ્રમુખસ્વામી મહારાજે પૂર્વ આફ્રિકામાં નૈરોબી ખાતે ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર રચીને અહીંના ભક્તોને અનોખી ભેટ ધરી. ત્યારપછી આ મંદિર અને સંતોના પુરુષાર્થથી આજુબાજુના પ્રાંતોમાં સત્સંગપ્રવૃત્તિનો વેગ વધતો ગયો. વિવિધ ઉત્સવ-પ્રસંગોની ઉજવણીઓમાં હરિભક્તો ઉપરાંત અહીંના સ્થાનિક ભારતીયો અને આફ્રિકન ભાઈઓ પણ તેમાં જોડાઈને સત્સંગનાં પીયૂષ પીતાં રહ્યાં. પરિણામ સ્વરૂપે અહીં સત્સંગ પાંગરતો રહ્યો. સમયાંતરે પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અહીં પધારીને આ સત્સંગને પોષણ આપ્યું.*

*બી.એ.પી.એસ. સંસ્થાના ગુરુપદે બિરાજ્યા બાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સન ૨૦૧૭ અને ૨૦૧૯માં અહીં પધારીને વિવિધ આધ્યાત્મિક કાર્યક્રમો દ્વારા હરિભક્તોને સત્સંગ સુખ આપ્યું હતું. આ વખતે આફ્રિકા ખંડની આ ત્રીજી ધર્મયાત્રા દરમ્યાન પણ સ્વામીશ્રી પુનઃ નૈરોબી પધાર્યા હતા. સન ૨૦૨૫ના નૂતન વર્ષના પ્રારંભથી સ્વામીશ્રીએ નૈરોબી ખાતે બિરાજીને ભક્તિભર્યા કાર્યક્રમોમાં આધ્યાત્મિક લાભ આપ્યો હતો. કેન્યાના નૈરોબી ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના રજત જયંતી ઉત્સવ અંતર્ગત, સ્વામીશ્રીની નિશ્રામાં ઊજવાયેલા વિવિધ પ્રેરણાસભર કાર્યક્રમોની એક ઝાંખી અહીં પ્રસ્તુત છે...*

## ● આગમન

તા. ૩૧-૧૨-૨૦૨૪ના રોજ નૈરોબીના જોમો કેન્યાટા ઍરપોર્ટ પર સ્વામીશ્રીનું આગમન થયું ત્યારે સંતો-ભક્તોએ પુષ્પહાર અને જય જયકારોથી અભિવાદન કર્યું હતું. સ્વામીશ્રી નૈરોબીના બી.એ.પી.એસ. મંદિરે પધાર્યા તે સાથે જ નૈરોબી સત્સંગમંડળના પ્રખ્યાત બૅન્ડની સૂરાવલિઓ ગુંજી ઊઠી. સૌનો ભક્તિભાવ સ્વીકારતાં સ્વામીશ્રી મંદિરના ચોકમાં પધરાવાયેલાં ચરણારવિંદ પાસે પધાર્યા. આ ચરણારવિંદ સાથે યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજની ઐતિહાસિક સ્મૃતિઓ જોડાયેલી છે. નૈરોબી મંદિરના રજત જયંતી મહોત્સવ નિમિત્તે સ્વામીશ્રીના હસ્તે આજે આ ચરણારવિંદનું પૂજન અને પુનઃ સ્થાપન થયું. સ્વામીશ્રીના આગમન નિમિત્તે ઘણા હરિભક્તોએ ‘મહંતજીવ્રત’ કર્યું હતું. પાંચ દિવસના આ વ્રતની જગ્યાએ આજે તેમના ઉપવાસનો છઠ્ઠો દિવસ હતો. સ્વામીશ્રીનાં દર્શન થાય ત્યારે પારણાં કરવાની દૃઢ ટેક તેઓએ લીધી હતી. સ્વામીશ્રીએ આ ઉપવાસી હરિભક્તો પર પ્રસન્નતાભરી દૃષ્ટિ કરીને અંતરના આશિષ વરસાવ્યા.

ઠાકોરજીનાં દર્શન બાદ સ્વામીશ્રી મંદિરના પોડિયમ પર પધાર્યા ત્યારે સામે સભાના રૂપમાં હરિભક્તોની સભા ભરાયેલી હતી. સ્વાગતનાં ગીતો ગુંજાવી રહેલા નૈરોબી બૅન્ડના તાલે સ્વામીશ્રીએ છડી વડે તાલ આપીને સૌને વિશિષ્ટ સ્મૃતિ અર્પી. સવા પાંચ વર્ષના અંતરાલ બાદ નૈરોબી પધારેલા સ્વામીશ્રીને સૌ ભક્તો વતી સંતોએ કલાત્મક હાર અને ચાદર વડે વધાવ્યા. વિશિષ્ટ વ્રત-તપ-ભક્તિ કરનાર તપસ્વીઓને સ્વામીશ્રીએ આશિષ અર્પ્યા. ઠાકોરજીની આરતીના સમાંતરપણે ભવ્ય આતશબાજી થઈ હતી. નૂતન વર્ષની પૂર્વ સંધ્યાએ “બધાને જય શ્રી સ્વામિનારાયણ!” કહીને સ્વામીશ્રી ઉતારે પધાર્યા.

## ● ગુરુહરિના આગમનને અનોખી રીતે વધાવતા કેન્યા-યુગાન્ડાના હરિભક્તો

કેન્યાના નૈરોબી ખાતે પધારેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આગમનને કેન્યા અને યુગાન્ડા દેશના હરિભક્તોએ અનોખી રીતે વધાવ્યું હતું. સ્વામીશ્રીએ નૈરોબીના આગમન પ્રસંગે જ તેઓ દિવ્યદેહે ઘરસભામાં પધારશે તેવું વચન આપ્યું હતું. તેથી ‘મહંત સ્વામી અમારે આંગણિયે...’ના મધ્યવર્તી વિચાર સાથે હરિભક્તોના ઘેર ઘેર પધરામણી-પૂજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પરસ્પર સંપ, સત્સંગ અને સત્પુરુષનો મહિમા દૃઢાવતી આ ભક્તિસભર ઘરસભા અને પધરામણીના ભાવમય આયોજનથી હજારો હરિભક્તોને જાણે પરમ પૂજ્ય સ્વામીશ્રી પોતાના ઘરે સાક્ષાત્ પધાર્યા હોય તેવી દિવ્ય અનુભૂતિ થઈ હતી.

## ● યુવા શિબિર

તા. ૧-૧-૨૦૨૫, આજે નૂતન વર્ષનું મંગલ પ્રભાત ખીલ્યું હતું ત્યારે સભામંડપમાં યુવા-યુવતી શિબિરનું સત્ર ચાલી રહ્યું હતું. સ્વામીશ્રી સ્વ-ઇચ્છાથી શિબિર સત્રમાં પધાર્યા ત્યારે સ્વામીશ્રીનાં દર્શનથી શિબિરાર્થીમાં આનંદનો પાર ન રહ્યો!

યુવકોએ સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી કરી. સ્વામીશ્રીએ સૌને અસ્મિતાભર્યા શબ્દોમાં જણાવ્યું: “તમે બધા મુક્તો છો. તમારી અસલી ઓળખ ‘અક્ષર’ છે. તમે મહારાજ-સ્વામી અને સત્પુરુષનાં સિંહસંતાનો છો. Lions! You are great great great! ભલે ઉપરથી નમવું પડે, હાથ જોડવા પડે, બધું કરવું પડે, પણ અંદરથી તમે સિંહ છો!... ધામ-ધામી ને મુક્ત, તો તમે મુક્તકોટિમાં છો! સ્વામીબાપાના લાડીલા છો. એટલે ઇટર્નલ સ્પેસ – ચિદાકાશ, ત્યાં પહોંચી ગયા છો! એટલે તમારે તેનો આંતરિક ગર્વ લેવો જોઈએ.” સૌએ તાળીઓના ગડગડાટથી સ્વામીશ્રીનાં દિવ્ય વચનોને વધાવ્યાં.

નૈરોબી પધાર્યાના બીજા જ દિવસથી સ્વામીશ્રીએ સૌને દિવ્ય લાભ આપવો આરંભી દીધો. ખૂબ મોટી સંખ્યામાં દર્શનલાભ લઈ રહેલા ભક્તો-ભાવિકોને સ્વામીશ્રીએ સમીપદર્શનથી લાભાન્વિત કર્યા હતા. સાથે સાથે સ્વયંસેવકોને પણ કૃતાર્થ કર્યા હતા.

## ● સ્વાગત દિન

તા. ૨-૧-૨૦૨૫ના રોજ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને નૈરોબીના આંગણે સત્કારતો ‘સ્વાગત દિન’ ઊજવાયો હતો. બૅન્ડની સૂરાવલિઓ સાથે અક્ષરપુરુષોત્તમ મહારાજની પાલખીયાત્રા કાઢવામાં આવી હતી. ઋષિકુમારોના વેશમાં બાળકોએ વેદ, ઉપનિષદ, પુરાણ, ઇતિહાસ, વચનામૃત, સ્વામીની વાતો, ભક્ત કવિઓની કડીઓ વગેરે દ્વારા સંતમહિમાનું ગાન કરીને સ્વામીશ્રીને વધાવ્યા. સદ્ગુણોથી ગુરુહરિનું વિશિષ્ટ સ્વાગત કર્યું હતું. વચનામૃત કારિયાણી પ્રકરણ દશ પ્રમાણે સંતો-ભક્તોએ વ્રત-તપ-આહ્નિક-ભક્તિથી સ્વામીશ્રીને વધાવ્યા. ૩

વર્ષના બાળકથી માંડીને ૭૫ વર્ષના વયોવૃદ્ધનો તેમાં સમાવેશ થતો હતો! સ્વામીશ્રીના સ્વાગતમાં આફ્રિકાના ૧૩ દેશોનાં ૫૦ કેન્દ્રોના ૧૩૦૦થી પણ વધુ હરિભક્તોએ નિયમ-ધર્મ, ભક્તિ, સુહૃદપણાના સેવાયજ્ઞોમાં જોડાઈને અનોખી ભક્તિ વહાવી હતી. ૨૧૨ હરિભક્તોએ પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્ર, પુરુષોત્તમ બોલ્યા પ્રીતે, સત્સંગદીક્ષા વગેરેનું વાંચન-શ્રવણ કર્યું હતું. ૨૪૦ દિવસ સુધી હરિભક્તોએ એકબીજાના ગુણોનું લેખન કરીને તૈયાર કરેલી ગુણપોથીને સ્વામીશ્રીએ પ્રાસાદિક કરી હતી.

સંપગીતના તાલે સૌએ ઉમંગથી એકમેકના હાથ પકડીને 'સંપહાર' રચ્યો. સ્વામીશ્રીએ પણ સંપહારમાં મેરુ સમાન સત્પુરુષની કડી ગૂંથી અને ગીતના શબ્દો સાથે તાલ મિલાવી વિશિષ્ટ સ્મૃતિ આપી. ત્યારબાદ *'આનંદ આનંદ છાયો રે, ઉત્સવ આંગણ આયો રે...'* ગીતના બુલંદ અવાજે બાળકો-કિશોરો-યુવકોએ ઉલ્લાસથી નૃત્યવંદના કરી હતી.

અંતમાં સૌને પ્રાપ્તિનો મહિમા દૃઢાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આપણને પ્રાપ્તિ ગજબની થઈ છે, એને દૃઢ કરીને રાખવી. કેવી રીતે? તો નિયમ-ધર્મથી. ભગવાનને નિયમ અતિ વહાલા છે. નિયમ ને નિશ્ચય હોય તો અક્ષરધામ સુધી કોઈ આડું ન આવે. આપણને બધાં સાધનોના ફળરૂપે આ સત્સંગ મળ્યો છે, એ સત્સંગ પ્રાણથી પ્યારો આપણે રાખ્યો છે, તો નિયમ દૃઢ કરીને રાખવા.''

## ● બાળ દિન

તા. ૩-૧-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં સાયંસભામાં 'બાળ દિન' ઊજવાયો હતો. 'મસાઈ ઓફ મારા' સંવાદ દ્વારા કેન્યાનાં બી.એ.પી.એસ. બાળમંડળોના બાળકોએ દેશના પ્રસિદ્ધ મસાઈ મારા નેશનલ રિઝર્વના વિવિધ પ્રાણીઓ અને પ્રકૃતિ પાસેથી પ્રાપ્ત થયેલી સંપ અને સ્વભાવમુક્તિની પ્રેરક રજૂઆતો કરી હતી.

અંતમાં બાળવાર્તા દ્વારા પ્રેરક બોધ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું, ''અસલમાં તો આપણે સિંહ છીએ, ઘેટા નહીં. અસલી સિંહ! જંગલમાં ફરે એવા! કોઈની બીક નહીં! પણ આ માયામાં પડ્યા ને પોતાને દેહ માનીને મ્યાઉં મ્યાઉં કરીએ છીએ. યોગીબાપાના શબ્દો આપણે ધારીએઃ 'આપણે આત્મા છીએ, દેહ નહીં.' આત્મામાં કેટલી શક્તિ હોય! તો આપણે પોતાને સિંહ માનીને માયાથી પર થવું અને કોઈની બીક રાખવી નહીં. અસલી આપણે આત્મા છીએ. આત્મા નિર્ભય હોય તેને કોઈની બીક નહીં.'' સૌએ તાળીનાદથી સ્વામીશ્રીનાં આશીર્વચન વધાવ્યાં.

## ● ઘરસભા દિન

તા. ૪-૧-૨૦૨૫ના રોજ સાયંકાળે જમ્હુરી હાઈસ્કૂલના મેદાનમાં સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં 'ઘરસભા દિન' ઊજવાયો હતો. ઘરની અંદર શાંતિ, સંપ અને સ્નેહ વધે એ માટે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સૂચવેલા ઘરસભારૂપી આ સર્વોત્તમ ઇલાજને પ્રસ્તુત કરતા સાંસ્કૃતિક કાર્યક્રમો, વીડિયો શૉ અને સંતોનાં પ્રેરક વક્તવ્યો રજૂ થયાં હતાં. યુવકોએ પરમ પૂજ્ય સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી સ્વરૂપે ગોષ્ઠિ કરી અને ઘરસભામાં આવતાં વિઘ્નોને ટાળવા માટે માર્ગદર્શન પ્રાપ્ત કર્યું. સ્વામીશ્રીએ જણાવ્યું, ''પ્રમુખસ્વામી મહારાજે ઘરસભાની અલૌકિક-દિવ્ય-ઉત્તમ ભેટ આપી છે. તો મહિમા સમજીને ઘરસભા કરવી. રોજ નહીં તો અઠવાડિયે બે વખત કરવી. એમાં સહજ સુખ-શાંતિ પામીએ. એ બધું લાંબે ગાળે થાય. ઘરસભા એ સ્વામીબાપાની આપેલી ભેટ છે. એમાં એવી સમજણ ઉત્પન્ન થશે કે તમારા બધા પ્રૉબ્લેમ સૉલ્વ થઈ જશે.''

આજે પ્રાતઃસમયે નૈરોબી મંદિરમાં પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી અને પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીના હસ્તે રામપરિવાર તથા શિવપરિવારની વેદોક્ત સ્થાપના થઈ હતી. સ્વામીશ્રીએ પ્રતિષ્ઠિત મૂર્તિઓની આરતી ઉતારીને મંત્રપુષ્પાંજલિ અર્પી હતી.

## ● નૈરોબી મંદિરનો રજત જયંતી ઉત્સવ

પૂર્વ આફ્રિકાના કેન્યા દેશની રાજધાની નૈરોબી શહેરને સન ૧૯૯૯માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના હસ્તે ભવ્ય શિખરબદ્ધ મંદિરની ભેટ મળી હતી. છેલ્લાં ૨૫ વર્ષોમાં સેંકડો લોકોનું જીવન પરિવર્તન કરી, આફ્રિકામાં સનાતન પરંપરા અને સત્સંગના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપનાર આ બી.એ.પી. એસ. મંદિરનો રજત જયંતી ઉત્સવ, તા. ૫-૧-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં ભક્તિભાવપૂર્વક ઊજવાયો હતો. સમગ્ર દિવસ દરમ્યાન મંદિરમાં ઉત્સવનો અનોખો માહોલ જામ્યો હતો. સંધ્યા સમયે જમ્હુરી હાઈસ્કૂલના વિશાળ પ્રાંગણમાં યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં 'સત્પુરુષના સાંનિધ્યમાં નૈરાબી' વિષયક સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રભાવક પ્રસ્તુતિ કરી હતી. નૈરોબી



બી.એ.પી.એસ. મંદિરની ઈતિહાસ ગાથાની રોચક પ્રસ્તુતિ થઈ હતી. સ્થાનિક આફ્રિકન ભાઈઓએ પણ સ્વાહીલી ભાષામાં રચિત કીર્તન પર નૃત્યાંજલિ અર્પણ કરી હતી.

આજના ઉત્સવમાં હજારો ભક્તો-ભાવિકો અને નામાંકિત મહાનુભાવો ઉપસ્થિત હતા. કેન્યા ખાતેના ભારતના ડેપ્યુટી હાઈકમિશનર શ્રી રોહિતભાઈ વઢવાણા ઉપરાંત કેન્યાના ઉદ્યોગપતિઓ, સમાજસેવકો વગેરેનું સંતોએ સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે સ્વામીશ્રીએ 'નૈરોબી સત્પુરુષના સાંનિધ્યમાં' પુસ્તકનું વિમોચન કર્યું હતું.

સ્વામીશ્રીએ કહ્યું: ''આ સત્સંગનો ખૂબ મહિમા છે. મહારાજે કહ્યું કે 'અનંત બ્રહ્માંડનો રાજા હોય, પણ સત્સંગ ન મળે તો તેનું જીવન અલેખે છે.' જેમ જેમ સત્સંગનો મહિમા સમજાશે અને સત્સંગના નિયમો પળાશે, તેમ તેમ અંતરમાં સુખ-શાંતિ વૃદ્ધિ પામશે.''

અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતીને સમાંતર થયેલી ભવ્ય આતશબાજીથી નૈરોબીનું ગગન અનેકવિધ પ્રકાશના ધ્વનિ-તરંગોથી ભરાઈ ગયું.

### ● નકુરુ મંદિરનો રજત જયંતી ઉત્સવ

તા. ૭-૧-૨૦૨૫ના રોજ નૈરોબી ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં યોજાયેલી સંધ્યા સભામાં નકુરુ શહેર ખાતેના બી.એ.પી.એસ. મંદિરનો રજત જયંતી ઉત્સવ ધામધૂમપૂર્વક ઊજવાયો હતો. સન ૧૯૯૯માં કેન્યાના નકુરુ શહેર ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રતિષ્ઠિત થયેલું બી.એ.પી.એસ. મંદિર છેલ્લાં ૨૫ વર્ષથી સનાતન વૈદિક સંદેશ સાથે સંસ્કારની ગંગા વહાવી રહ્યું છે. નૈરોબી ખાતે પરમ પૂજ્ય સ્વામીશ્રીના સાંનિધ્યમાં, આ મંદિરના રજત જયંતી ઉત્સવ પ્રસંગે યોજાયેલી સભામાં નકુરુ મંદિરમાં સેવા કરતા સમર્પિત ભક્તોની પ્રેરક ગાથાઓ રજૂ થઈ હતી. વિવિધ કાર્યક્રમો અને સંતોનાં વક્તવ્યો બાદ પરમ પૂજ્ય સ્વામીશ્રીએ આ વિશેષ પ્રસંગે સૌ હરિભક્તોને આશીર્વાદથી લાભાન્વિત કરતાં કહ્યું: ''આ મંદિરથી બધાને સત્સંગનો ખૂબ જ લાભ મળ્યો છે. સત્સંગ હોય ને તમારા જેવા ભક્ત હોય એટલે સહેજે જ લાભ મળે. સત્સંગને જીવનમાં દૃઢ રાખીએ અને સત્સંગનો ચઢતો ને ચઢતો રંગ રાખીએ. નકુરુના બધા

હરિભક્તો તને-મને-ધને સુખી થાય અને જીવનો સત્સંગ થાય તે પ્રાર્થના.''

સભાની અંતિમ ક્ષણોમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતી કરી સ્વામીશ્રીએ વિદાય લીધી.

### ● ગુરુહરિનાં દર્શને યુ.કે.-યુરોપનાં યુવક-યુવતીઓ

વિદેશનાં બી.એ.પી.એસ. યુવક મંડળનાં યુવક-યુવતીઓ દર વર્ષે ઓછામાં ઓછા એક વાર ભારતયાત્રા કરીને અહીં વિવિધ તીર્થો અને સંતોનાં દર્શન કરે એવો પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે આદેશ આપ્યો હતો. આ આદેશ મુજબ વર્ષોથી વિદેશનાં બાળ-બાલિકાઓ અને યુવક-યુવતીઓની ભારતયાત્રા યોજાતી રહે છે. આ યાત્રા દરમ્યાન તેઓ ભારતીય અને સનાતન મૂલ્યોની અસ્મિતા હૃદયમાં ભરીને વધુ સંસ્કાર સમૃદ્ધ બને છે.

એ પરંપરા મુજબ, તાજેતરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે, યુ.કે. અને યુરોપનાં યુવક-યુવતીઓએ ભારતમાં કચ્છ ને ખાનદેશ(મહારાષ્ટ્ર)માં આવેલા ભગવાન સ્વામિનારાયણ અને શાસ્ત્રીજી મહારાજનાં પ્રાસાદિક તીર્થસ્થાનોની યાત્રા કરી હતી. ૧૫,૦૦૦ માઈલની આ યાત્રા પૂર્ણ થયા બાદ તા. ૯-૧-૨૦૨૫ના રોજ સૌ નૈરોબી ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં દર્શને પધાર્યાં હતાં. સંતોએ સ્વામીશ્રીને આ સમગ્ર યાત્રાનો અહેવાલ આપ્યો હતો. ગુરુહરિના નિરામય સ્વાસ્થ્ય માટે આ યાત્રિકોએ હજારો માળાજાપ કર્યા હતા. યાત્રા દરમ્યાન યુવક-યુવતીઓએ યાત્રાસંબંધી એકત્ર કરેલી સ્મૃતિ-ભેટોને પરમ પૂજ્ય સ્વામીશ્રીએ પ્રસાદીભૂત કરી હતી અને સૌને વિશેષ સ્મૃતિ અને આશીર્વાદ આપીને કૃતાર્થ કર્યા હતા.

### ● કિશોર દિન

નૈરોબીના બી.એ.પી.એસ. મંદિરના રજત જયંતી ઉત્સવ અંતર્ગત તા. ૯-૧-૨૦૨૫ના દિવસે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં 'કિશોર દિન' ઊજવાયો હતો. *'તમારા હૃદય આકાશમાં પંખી બની ઊડ્યા કરું...'* આ શીર્ષક સાથે યોજાયેલી સંધ્યાસભામાં કિશોરોએ કીર્તન-પંક્તિઓના આધારે વિવિધ કાર્યક્રમો રજૂ કરીને ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

અંતમાં પ્રશ્નોત્તરીના માધ્યમથી સ્વામીશ્રીએ સત્સંગલક્ષી માર્ગદર્શન આપતાં નિયમ-ધર્મની દૃઢતા રાખવા, મહિમા સમજવા અને સત્સંગ દૃઢ રાખવા સંબંધી પ્રેરણાવચનો કહ્યાં હતાં.

● તા. ૧૦-૧-૨૦૨૫, પોષ સુદ એકાદશી એટલે તિથિ પ્રમાણે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ભાગવતી દીક્ષા દિન. આ પ્રસંગે સ્વામીશ્રીની પ્રાતઃ પૂજામાં સંતોએ પ્રમુખસ્વામી મહારાજના મહિમા તથા ગુણોનું ગાન કરતાં કીર્તનો ગાઈને ગુરુદેવને ભાવાંજલિ અર્પી હતી.

● તા. ૧૧-૧-૨૦૨૫ના રોજ સ્વામીશ્રીએ, પ્રયાગ મહાકુંભમાં રચવામાં આવેલા બી.એ.પી.એસ. પંડાલમાં સેવા આપતા સંતો પર રાજીપો દર્શાવી કહ્યું કે, ''સરભરા બરાબર રાખજો... જે મહેમાનો–સંતો-મહંતો–ભાવિકો આવે એ બધાની સરભરા સારી રીતે કરજો.'' વીડિયો કૉલ દ્વારા સેવામાં ઉપસ્થિત સંતો પર રાજીપાભરી દૃષ્ટિ કરીને પ્રેરણાશિષ અર્પ્યા. અંતે, આ મહાકુંભમાં આવનાર દરેકનું કલ્યાણ થાય તે માટે પ્રાર્થના કરી હતી.

### ● ભાગવતી દીક્ષા

તા. ૧૨-૧-૨૦૨૫ના રોજ સવારે નૈરોબી તથા અમેરિકામાં ઉચ્ચ અભ્યાસ કરી તેજસ્વી કારકિર્દી ધરાવનાર બલભદ્ર ભગતને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ભાગવતી દીક્ષા આપી સાધુ નિર્દોષપુરુષદાસ નામાભિધાન સાથે વિશેષ સ્મૃતિ આપી હતી. આ શુભ પ્રસંગે આશીર્વાદ આપતાં પરમ પૂજ્ય સ્વામીશ્રીએ એ સમર્પિત નવદીક્ષિત સંત તથા તેમનાં માતા-પિતા અને પરિવારને ધન્યવાદ આપ્યા હતા.

આજના શુભ અવસરે સ્વામીશ્રીએ કિસુમુના નૂતન મંદિરની ઈષ્ટિકાઓનું પૂજન કર્યું હતું.

આજે સાયંસભામાં 'થૅન્ક યૂ સ્વામીબાપા!' મધ્યવર્તી વિચાર સાથે કિસુમુના ભક્તોએ 'ઉપકાર દિન' ઊજવીને ગુરુહરિને અભિવંદના કરી હતી. સ્વામીશ્રીએ ભક્તો પર કરેલા લૌકિક ઉપકારો, તેઓએ આપેલી સત્સંગ સમજણ, ભક્તો પર વરસાવેલું હેત અને અંતકાળે તેડવા આવવાનું વચન આપી તેડવા આવ્યા હોય તેવા પ્રસંગો રજૂ થયા હતા. અંતમાં 'થૅન્ક યૂ' ગીતના તાલે સૌએ 'થૅન્ક યૂ સ્વામીબાપા' લખેલી ધજાઓ લહેરાવી સ્વામીશ્રીનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો.

સભાના અંતમાં પ્રશ્નોત્તરીના માધ્યમથી સ્વામીશ્રીએ અમૃતવચનો કહ્યાં હતાં.

### ● પોષી પૂર્ણિમા અને શાકોત્સવ

તા. ૧૩-૧-૨૦૨૫, આજે પોષી પૂર્ણિમા એટલે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો તિથિ મુજબ

દીક્ષા દિન. સ્વામીશ્રીની પ્રાતઃ પૂજામાં સંતોએ ગુણાતીતદીક્ષા દિનને અનુરૂપ કીર્તનોનું ગાન કરીને ભક્તિઅંજલિ અર્પી હતી.


આજના પવિત્ર દિવસે, નૈરોબી મંદિર રજત જયંતી મહોત્સવ નિમિત્તે ‘મંદિર વંદના’ કાર્યક્રમ યોજાયો હતો. સાથે, આજે અક્ષરબ્રહ્મ ગુણાતીત સત્રનો અંતિમ દિન પણ હતો. આ પ્રસંગોએ મંદિરના વિશાળ ચોકમાં ઉપસ્થિત સંતો-હરિભક્તોએ આ આરતી-અર્ઘ્યનો લાભ લીધો. યુવકોએ બી.એ.પી.એસ.ની વિશાળ ધજાઓ લહેરાવી. મંત્રપુષ્પાંજલિ બાદ મંદિરને અલૌકિક રૂપ રંગમાં ભરી દેતી ભવ્ય આતશબાજી થઈ હતી.

## ● ઉત્તરાયણ-ઝોળી પર્વ

૧૪મી જાન્યુઆરી એટલે ઉત્તરાયણ-ઝોળી દાનનું મહાપર્વ. આ પવિત્ર પર્વે સ્વામીશ્રીએ બ્રહ્મવિદ્યાનો અંતિમ પાઠ આપતાં સ્વામીશ્રીએ લખ્યુંઃ ‘અહીં આપ્યું તે અવિનાશી થાશે.’ આ વાક્યનો મર્મ સમજાવતાં કહે, ‘અવિનાશી એટલે નાશ થવાનો જ નહીં. અહીંયાં આપ્યું એ – ચડતો ને ચડતો રંગ રહેશે. બસ, ચડતો ને ચડતો રંગ રાખવાનો છે.’

આજે ઉત્તરાયણના અવસરે પ્રિયવ્રતદાસ સ્વામીએ આફ્રિકાના હરિભક્તોના સેવા-સમર્પણના પ્રસંગો કહ્યા. સ્વામીશ્રીએ, *‘વિવેકી નરને, એમ વિચારીને જોવું...’* કીર્તનના આધારે કથારસ રેલાવ્યો હતો. સાથે સાથે ‘બધા હરિભક્તોના દેશકાળ સારા રહે ને સૌ તને-મને-ધને સુખી થાય...’ એવા આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ સ્વામીશ્રીએ, પ્રમુખસ્વામી મહારાજની પ્રાસાદિક ઝોળીઓ બંને ખભે ધારણ કરી. સ્વામીશ્રીની જમણી બાજુએ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી અને ડાબી બાજુએ આનંદસ્વરૂપદાસ સ્વામી ઝોળી ધારણ કરીને ઊભા હતા. સ્વામીશ્રીએ પરંપરા પ્રમાણે ઉચ્ચ સ્વરે *‘સ્વામિનારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો!’*ની આહ્લેક જગાવી. સદ્‌ગુરુ સંતો, સંતો અને સૌ ભક્તોએ પણ આ દિવ્ય શબ્દોને માણતાં આહ્લેક પ્રતિધ્વનિત કરી. ત્યારબાદ સ્વામીશ્રીના કરમાંથી ફેલાવાયેલી ઝોળીમાં હરિભક્તોએ પોતાની શ્રદ્ધા-શક્તિ પ્રમાણે દાન પધરાવ્યું.

● તા. ૧૫-૧-૨૦૨૫ના રોજ, ‘એક ફૂલ અમારું સ્વીકારો...’ કાર્યક્રમ અંતર્ગત ૨૭ યુવકો ભગવાન સ્વામિનારાયણનાં ચરણે જીવન સમર્પિત કરીને સમાજોત્કર્ષ માટે સ્વામીશ્રીની ભગવી સેનામાં જોડાવા માટે તત્પર હતા. આ સર્વેને તેમનાં માતા-પિતાએ રાજીખુશીથી ત્યાગાશ્રમ સ્વીકારવા રજા આપીને સ્વામીશ્રીને સમર્પિત કર્યા હતા. આ વર્ષથી શરૂ કરીને આવતાં ૫ વર્ષ સુધીમાં અભ્યાસાદિ પૂર્ણ કરીને આ યુવકો ભાગવતી દીક્ષા લઈને સત્સંગ અને સમાજના હિત માટે પોતાનું જીવન





ભગવાનનાં ચરણોમાં સમર્પિત કરશે. સ્વામીશ્રીએ પ્રસન્નતાપૂર્વક યુવકો પર દૃષ્ટિ કરીને આશિષ અર્પ્યા હતા.

### ● સત્પુરુષ દિન, યુગાન્ડા દિન

તા. ૧૬-૧-૨૦૨૫ના રોજ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં નૈરોબી ખાતે 'સત્પુરુષ દિન' અને 'યુગાન્ડા મંદિર દિવસ'ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરના ઉપક્રમે યોજાયેલી સંધ્યા સભામાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પુનિત પદરજથી પાવન થયેલા પૂર્વ આફ્રિકાના યુગાન્ડા દેશના સત્સંગ ઇતિહાસ અને વિકાસને રજૂ કરતા સાંસ્કૃતિક કાર્યક્રમોની ભક્તિસભર રજૂઆત થઈ હતી.

સંતોનાં પ્રેરક પ્રવચનોની રજૂઆત બાદ યુવકોએ પ્રશ્નોત્તરી દ્વારા સ્વામીશ્રી સાથે ગોષ્ઠિ કરી અને સચોટ આધ્યાત્મિક માર્ગદર્શન મેળવ્યું હતું.

### ● સિદ્ધાંત દિન

તા. ૧૮-૧-૨૦૨૫ના દિવસે, ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ ઉપાસનાને દૃઢાવતો 'સિદ્ધાંત દિન' ઊજવાયો હતો. આજની સભાનો દોર બાળકોના હાથમાં હતો. બાળકોએ શાસ્ત્રાર્થ ચર્ચા કરીને સાંપ્રદાયિક શાસ્ત્રો અને પ્રસંગોના આધારે ભગવાન સ્વામિનારાયણનો અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત પ્રસ્તુત કર્યો હતો. બાળકોની આ પ્રભાવક રજૂઆતથી સ્વામીશ્રીએ તેઓ પર પ્રસન્નતા વરસાવી હતી.

અસ્મિતા દૃઢાવતાં સ્વામીશ્રીએ જણાવ્યુંઃ ''અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન સાચું છે, સાચું છે, સાચું છે! એ જીવમાં દૃઢ કરીને રાખજો. શાસ્ત્રીજી મહારાજે કંઈ અધ્ધરતાલ આ બધું કર્યું નથી. શાસ્ત્રીજી મહારાજ મૂળ પાયામાં ઊતર્યા ને મોટાં મોટાં મંદિરો કર્યાં! તેમણે જે ઉપાસના સ્થાપી છે, એ જીવમાં દૃઢ કરીને રાખજો.

આ સત્સંગ પ્રાપ્ત થયો છે, તેને જેમતેમ વેડફી ન નાંખતા. દૃઢ કરીને રાખજો. જીવથી પણ વહાલો કરી રાખજો. ઉપાસના સાચી છે એટલે તમે ખાપીને કાઢતા રહેજો. ખૂટશે નહીં, અંત નહીં આવે. એટલો બધો માલ છે. એટલે દૃઢ કરીને આ ઉપાસના રાખજો.''

### ● પ્રાપ્તિ દિન

તા. ૧૯-૧-૨૦૨૫ના રોજ ગુરુહરિની ઉપસ્થિતિમાં 'પ્રાપ્તિ દિન' ઊજવાયો હતો. આજે રવિવાર હોવાથી સવારથી જ મોટી સંખ્યામાં હરિભક્તો આવી પહોંચ્યા હતા. સમગ્ર દિવસ દરમ્યાન ઉત્સવનો અનોખો માહોલ છવાયેલો રહ્યો હતો. સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા બાદ યુગાન્ડા દેશના સરોટી અને કેન્યા દેશના આથીરિવર કેન્દ્રોમાં નિર્માણ પામનારાં મંદિરોની ઇષ્ટિકાઓનું પૂજન કર્યું હતું. વળી, સ્વામીશ્રીએ શિશુઓ, બાળકો અને નવા મુમુક્ષુઓને વર્તમાન ધરાવી, સાધનામંત્ર અને આશ્રયમંત્ર ઝિલાવીને ભગવાન સ્વામિનારાયણના આશ્રિત કર્યા હતા.

રવિસભામાં યુગાન્ડાના હરિભક્તો દ્વારા 'પ્રાપ્તિ દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. સ્વામીશ્રીએ 'ઘરસભા સહાયિકા' પુસ્તકના અંગ્રેજી અનુવાદનું ઉદ્‌ઘાટન કર્યું. ત્યારબાદ સ્વામીશ્રીએ નિષ્કુળાનંદ સ્વામી કૃત *'ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં...'* એ પ્રાપ્તિ પદ આધારિત નિરૂપણનો સુંદર લાભ આપ્યો હતો. અને યુગાન્ડા દેશનાં કંપાલા અને કેન્યા દેશના એલ્ડોરેટ મંદિરના અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચલ સ્વરૂપોની પ્રતિષ્ઠા-આરતી કરી હતી.

સતત ચાર દિવસ સુધી સ્વામીશ્રીએ યુગાન્ડાના હરિભક્તોની ભક્તિ સ્વીકારીને, તેઓને સત્સંગ-ભક્તિના રંગે રંગભીના કરીને અદ્‌ભુત લાભ આપ્યો હતો.

● તા. ૨૨-૧-૨૦૨૫ના રોજ સ્વામીશ્રીએ મંદિરદર્શન અંતર્ગત રંગમંડપમાં મૂકવામાં આવેલા શાસ્ત્રીજી મહારાજના પ્રાસાદિક પત્રો, નિર્ગુણદાસ સ્વામી, યોગીજી મહારાજ, મગનભાઈ, હરમાનભાઈના પત્રો તેમજ યોગીજી મહારાજની પ્રાસાદિક વસ્તુઓનાં દર્શન કર્યાં હતાં. ત્યારબાદ રેકોર્ડિંગ સ્ટુડિયોનું મંગલ ઉદ્‌ઘાટન કરીને પ્રથમ રેકોર્ડિંગ દ્વારા વિશિષ્ટ સ્મૃતિ આપી હતી.

### ● સ્વયંસેવક અભિવાદન સમારોહ

તા. ૨૩-૧-૨૦૨૫ના રોજ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં 'સ્વયંસેવક અભિવાદન સમારોહ' યોજાયો હતો. મંદિર દ્વારા અહીં થતી ૪૭ જેટલી વિવિધ સેવાપ્રવૃત્તિઓમાં કાર્યરત હજારો સ્વયંસેવકોની નિઃસ્વાર્થ સેવાઓને બિરદાવતો આ કાર્યક્રમ સૌ માટે પ્રેરક બની રહ્યો હતો. અમૃતસ્વરૂપદાસ સ્વામીએ સ્વયંસેવકોની સેવાઓનો સવિસ્તર અહેવાલ આપ્યો અને આ સેવાઓ કરનાર સ્વયંસેવકોના પ્રેરક પ્રસંગો કહ્યા. સ્વામીશ્રીએ તેઓની સેવાને બિરદાવતાં કહ્યું, ''કોઈને ખબર ના પડે એ રીતે સેવા-ભક્તિ તમે કરી છે, તો બધાને ધન્ય છે. બધાને

શ્રીજીમહારાજ તને-મને-ધને સુખી રાખે. કેમ કે આ સેવા લાગે નાની, પણ એનું સ્વરૂપ તો બહુ મોટું કહેવાય. કેમ કે અહીં સમયનો ભોગ આપવો ઘણો અઘરો છે. બધાએ સમયનો ભોગ આપ્યો તો ખરો, પણ સેવામાં ઓતપ્રોત થઈ ગયા અને સેવા પણ સર્વોપરી કરી. જેની કિંમત અંકાય એમ નથી. એટલે બધા તને-મને-ધને સુખી થાય એ જ પ્રાર્થના.''

આ પ્રસંગે બી.એ.પી.એસ. ચેરિટીઝના સહયોગથી નિર્માણ પામેલી જમ્હુરી હાઈસ્કૂલની નામાભિધાન તકતીને પરમ પૂજ્ય સ્વામીશ્રીએ પ્રસાદીભૂત કરી હતી.

## ● કાર્યકર દિન

બી.એ.પી.એસ.ના કાર્યકરો એટલે નિષ્ઠા અને સમર્પણનું મૂર્તિમાન પ્રતીક. કેન્યા અને યુગાન્ડા દેશમાં વસતા આવા સમર્પિત કાર્યકરોએ નૈરોબી ખાતે તા. ૨૪-૧-૨૦૨૫ના રોજ 'સુવર્ણ કાર્યકર દિન'ની ઉજવણી કરી હતી. સંતોએ કાર્યકરોના પ્રેરણાદાયી પ્રસંગો રજૂ કર્યા હતા.

નૈરોબી મંદિરના યોગે તૈયાર થયેલાં ચૈતન્ય મંદિરોની ગાથા વર્ણવતો 'ચૈતન્ય મંદિર' નામનો અંક સ્વામીશ્રીએ ઉદ્‌ઘાટિત કર્યો હતો. ત્યારપછી પ્રશ્નોત્તરીના માધ્યમથી સ્વામીશ્રી પાસેથી સેવા વિષયક સચોટ માર્ગદર્શન મેળવીને સૌ કાર્યકરો સેવા કરવા માટે કટિબદ્ધ થયા હતા.

આજની આ વિશિષ્ટ સભામાં કેન્યા અને યુગાન્ડાનાં વિભિન્ન સત્સંગ કેન્દ્રોમાંથી મોટી સંખ્યામાં કાર્યકરો તેમજ અન્ય ભાવિક ભક્તો ઉપસ્થિત હતા. આવા નિષ્ઠાવાન અને નિઃસ્વાર્થભાવે સેવાકાર્ય કરનાર કાર્યકરોની ફોજ તૈયાર કરનાર સ્વામીશ્રીને સૌ કોઈ અહોભાવથી વંદી રહ્યા...

## ● ગણતંત્ર દિને ધ્વજવંદન

તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ એટલે ભારત દેશનો ૭૬મો ગણતંત્ર દિવસ. આજે બી.એ.પી.એસ. સંસ્થાનાં મંદિરો અને સત્સંગકેન્દ્રો ખાતે ધ્વજવંદનના કાર્યક્રમો યોજી રાષ્ટ્રભક્તિ અદા કરાઈ હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં નૈરોબીના બી.એ.પી.એસ. મંદિરે પણ સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં ધ્વજવંદન સાથે સૌએ રાષ્ટ્રભક્તિ અદા કરી હતી.

## ● વિદાય સભા

કેન્યાના નૈરોબી ખાતે સતત ચાર સપ્તાહ સુધી મહંત સ્વામી મહારાજે ભક્તો-ભાવિકોને વિશેષ સત્સંગલાભ આપ્યો હતો. પૂર્વ આફ્રિકાના ભક્તોને વિશિષ્ટ સત્સંગલાભ આપી, દક્ષિણ આફ્રિકા જતાં પૂર્વે તેઓને ભાવભરી વિદાય આપતી સભા યોજાઈ હતી.

તા. ૨૬-૧-૨૦૨૫ના રોજ 'સાથે રહેજો મહંત સ્વામી...' થીમ સાથે યોજાયેલી વિદાય-સભામાં હજારો ભક્તો-ભાવિકો ગુરુદેવને ભારે હૈયે વિદાય આપવા ઉપસ્થિત હતા. પૂર્વ આફ્રિકાના ભક્તોએ વિવિધ કાર્યક્રમો રજૂ કર્યા હતા. સ્વામીશ્રી સાથે જોડાણ દૃઢ રહે અને અતૂટ રહે તેના પ્રતીકરૂપે, હરિભક્તોની મધ્યેથી પસાર થયેલી એક લાંબી નાડાછડીનો છેડો સ્વામીશ્રીને આપવામાં આવ્યો. સૌ કોઈ સ્વામીશ્રીનો સ્પર્શ અનુભવી રહ્યા હતા ત્યારે સંતોએ *'પ્યારે તોરી મોરી પ્રીત ન છૂટે રે...'* કીર્તનનું ગાન કર્યું.

સૌનો ભક્તિભાવ સ્વીકારી, અંતરની ભાવના વહાવતાં સ્વામીશ્રીએ કહ્યુંઃ ''અમે તો ભગવાનની દયાથી તમને બધાને સુખ આપ્યું, પણ તમે બધાએ મળીને અમને અઢળક સુખ આપ્યું! તમે બધા હતા એટલે અમે છીએ. અસરપરસ. ટૂંકમાં, તમે બધાએ ઓછું નથી કર્યું. તમે બધાએ અનેક રીતે ઘણો બધો ભીડો વેઠીને આ કાર્ય કર્યું છે. અને હજુ બધું કાર્ય વધતું જ જશે.''

આ પ્રસંગે પરમ પૂજ્ય સ્વામીશ્રીએ વર્લ્ડ મેપ પર આફ્રિકા ખંડને પ્રસાદીભૂત કર્યો. પૂર્વ આફ્રિકાનાં દાર-એ-સલામ અને નૈરોબી ખાતે સત્સંગલાભ આપીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૨૮-૧-૨૦૨૫ના રોજ દક્ષિણ આફ્રિકાના જહોનિસબર્ગ ખાતે પદાર્પણ કર્યું હતું.





# જહોનિસબર્ગમાં બી.એ.પી.એસ. કલ્ચરલ કોમ્પ્લેક્સનું મંગલ ઉદ્‌ઘાટન

આફ્રિકાની દક્ષિણ-ધાર, પ્રભુકૃપાનો જાણે અણસાર; સ્વપ્નલોક સમી સુંદર નગરી, હાથ નાંખો ત્યાં સોને ભરી...

દક્ષિણ આફ્રિકાની સોનલવરણી મહાનગરી જહોનિસબર્ગ સાચા અર્થમાં 'પૃથ્વીનું ગોલ્ડન સિટી' છે. ગુણાતીત સત્પુરુષોનાં પદારવિંદથી પાવન થયેલી આ મહાનગરી વધુ ને વધુ ચમકી રહી છે. સત્પુરુષોના આશીર્વાદની મહેર આ નગરી પર વિશેષ વરસી છે...

આજથી લગભગ એક સદી પહેલાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે આફ્રિકામાં ખૂબ સત્સંગ થશે તેવા આશીર્વાદ આપ્યા હતા. આ આશીર્વાદ લઈને વ્યવસાય અર્થે ગુજરાતથી આફ્રિકા પધારેલા મુઠ્ઠીભર હરિભક્તોએ અહીં સ્વામિનારાયણીય સત્સંગનાં બીજ રોપ્યાં. સાગર પાર પહોંચેલા આ સત્સંગમાં અમૃતનું સિંચન કરીને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અહીં ધર્મનાં અજવાળાં પ્રસરાવ્યાં. શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજના આશીર્વાદ, હરિભક્તોની નિઃસ્વાર્થ સેવાથી પ્રમુખસ્વામી મહારાજે પૂર્વ અને દક્ષિણ આફ્રિકાના વિવિધ દેશોનાં અગ્રગણ્ય શહેરોમાં બી.એ.પી.એસ. મંદિરો રચી આધ્યાત્મિક ઉજાસ પ્રસરાવ્યો. આ શહેરોમાં રચાયેલાં સનાતન હિન્દુ ધર્મના વૈદિક અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ ઉપાસનાનાં મંદિરોએ ભક્તો-ભાવિકોમાં સનાતન હિન્દુ સંસ્કૃતિનાં આદર્શ મૂલ્યો પ્રસ્થાપિત કર્યાં, તેના પ્રતાપે અહીં સત્સંગ અને ભક્તિની વસંત મહોરી ઊઠી.

મંદિરોની આ પરંપરાને જાળવી રાખતાં સન ૧૯૮૮માં પ્રમુખસ્વામી મહારાજે દક્ષિણ આફ્રિકાના મહાનગર જહોનિસબર્ગ ખાતે મંદિર રચવાનો નિર્ધાર કર્યો, તે સાથે જ જહોનિસબર્ગનું ભાગ્ય ઊઘડ્યું અને આ સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે મેફેર ઉપનગરમાં એક નમણું-નાજુક મંદિર રચ્યું. શહેરના હાર્દ સમા, અત્યંત વૈભવી વિસ્તારમાં અને ગોરાઓના વિસ્તારમાં સમગ્ર દેશનું પ્રથમ હિન્દુ મંદિર થવાનું સૌભાગ્ય પણ જહોનિસબર્ગને મળ્યું. હિન્દુ સંસ્કૃતિના ધામ સમા આ બી.એ.પી.એસ. મંદિરમાં તા. ૨૨-૯-૧૯૯૧ના રોજ પ્રમુખસ્વામી મહારાજે અક્ષરપુરુષોત્તમ મહારાજને પ્રતિષ્ઠિત કરી, અહીં સત્સંગની જ્યોત પ્રગટાવી. મંદિરને પગલે પગલે આ વિસ્તારમાં ભારતીયોની વસતિ પણ વધવા માંડી, પરિણામ સ્વરૂપે અહીં સત્સંગની ધારા વધુ ને વધુ તેજ બની.

*વહેતા સમયની સાથે સાથે અહીં સત્સંગમંડળનો વિકાસ થતો ગયો અને ભક્તોની સંખ્યામાં પણ પ્રમાણમાં સારો વધારો થતો ગયો, તેથી આ મંદિર નાનું પડવા લાગ્યું. આથી આ વિસ્તારમાં એક મોટું મંદિર રચાય તેવા સંકલ્પનું બીજ પ્રમુખસ્વામી મહારાજે રોપ્યું, તેને સાકાર કરતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અહીં હરિભક્તોના સેવા-સમર્પણભાવથી મંદિરનાં મંડાણ કર્યાં.*

*સન ૨૦૧૭માં આફ્રિકાની યાત્રાએ પધારેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૨૫-૩-૨૦૧૭ના શુભ દિને જ્હોનિસબર્ગ-લેનેશિયા હાઈવે પર નોર્થ રાઈડિંગ વિસ્તારમાં સંપાદિત કરેલી વિશાળ ભૂમિ પર શિલાન્યાસ કરીને મંદિરની સાથે સાથે નૂતન પ્રકલ્પોનાં નિર્માણકાર્યોનો શુભારંભ કર્યો હતો.*

*ગુણાતીત ગુરુઓના આશીર્વાદ અને પ્રભાવથી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એક અજોડ સાંસ્કૃતિક ધામ સમાન બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનું પરિસર રચી રહ્યા છે. મંદિર પરિસરમાં પ્રથમ સોપાનરૂપે અહીં બેનમૂન ‘બી.એ.પી.એસ. કલ્ચરલ કૉમ્પ્લેક્સ’ નિર્માણ પામ્યું છે. તેના ઉદ્‌ઘાટન માટે અને તેમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે દિવ્ય લાભ આપવા માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સંતમંડળ સાથે જ્હોનિસબર્ગ પધાર્યા હતા. ઉપરાષ્ટ્રપતિશ્રી પોલ મશાટિલે સ્વામીશ્રીને દેશના નાગરિકો વતી આવકાર્યા હતા. તા. ૨૮-૧-૨૦૨૫ થી તા. ૧૧-૨-૨૦૨૫ સુધી જ્હોનિસબર્ગની ભૂમિ પર રોકાઈને સ્વામીશ્રીએ આધ્યાત્મિક ઝડી વરસાવી હતી, તેની અહીં એક ઝાંખી મેળવીએ...*

## ■ જ્હોનિસબર્ગમાં સ્વામીશ્રીનું શાનદાર સ્વાગત

તા. ૨૮-૧-૨૦૨૫ના રોજ જ્હોનિસબર્ગ ખાતે પધારેલા શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું દક્ષિણ આફ્રિકાની ભૂમિ પર સંતો-ભક્તો દ્વારા શાનદાર રીતે સ્વાગત કરાયું હતું. દક્ષિણ આફ્રિકાના યુવકોએ બૅન્ડની સૂરાવલિઓ સાથે પરમ પૂજ્ય સ્વામીશ્રી અને સંતમંડળનું ભક્તિ-ભાવપૂર્વક સ્વાગત કર્યું હતું. અનેરા થનગનાટ સાથે યુવકોએ ભક્તિનૃત્ય કરીને ઇષ્ટદેવ-ગુરુદેવને સત્કાર્યા હતા. સંતોએ દક્ષિણ આફ્રિકાનાં રાષ્ટ્રીય પવિત્ર ચિહ્નો દ્વારા સ્વામીશ્રીનું વિશિષ્ટ અને પરંપરાગત રીતે સ્વાગત કર્યું હતું. સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા, ‘‘આપ બધાનાં દર્શન થાય છે. આ વડીલો – બધાના અંતરમાં ખૂબ ભાવ ભરેલો છે! તમારો ભાવ બધા સંતોને ખેંચી લાવ્યો! જય સ્વામિનારાયણ!’’ સાઉથ આફ્રિકા તથા બોટ્સ્વાનાના ભક્તોએ તપ-ઉપવાસરૂપી ભક્તિથી હરિ-ગુરુને વધાવ્યા હતા.

જ્હોનિસબર્ગની ધરા પર પધારેલા







પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે, અહીં મંદિરના પરિસરમાં નિર્માણ પામેલા 'બી.એ.પી.એસ. કલ્ચરલ કૉમ્પ્લેક્સ'નું વિધિવત્ ઉદ્‌ઘાટન કરીને અહીંના ભારતીય સમાજને એક અનોખી ભેટ આપી હતી. હવેલીનાં દ્વાર ખોલીને સૌપ્રથમ અક્ષરપુરુષોત્તમ મહારાજનો પ્રવેશ કરાવ્યો ત્યારે જયજયકાર ગુંજી ઊઠ્યો હતો.

આજની સ્વાગત-સભા એ માત્ર એક સાંસ્કૃતિક પરિસરની ઉદ્‌ઘાટન સભા ન હતી, પરંતુ દક્ષિણ આફ્રિકાના હજારો ભાવિક ભક્તોની વર્ષોની હૃદયપૂર્વકની પ્રાર્થનાઓ, નિઃસ્વાર્થ સેવાઓ અને અતૂટ શ્રદ્ધાની ફલશ્રુતિ હતી. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે મળેલી બી.એ.પી.એસ. હવેલીની આ અદ્‌ભુત ભેટને સૌએ ગૌરવપૂર્વક વધાવી હતી.

### ● સ્વાગત દિન

દક્ષિણ આફ્રિકાના જહોનિસબર્ગ ખાતે પધારેલા અક્ષરપુરુષોત્તમ મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સ્વાગત માટે તા. ૩૦-૧-૨૦૨૫ના રોજ શાનદાર સ્વાગત-સભા યોજાઈ હતી. ૬૦ જેટલા બાળકો-યુવાનોએ સ્વાગત-ગીતના તાલે જોમભર્યું ભક્તિનૃત્ય કરીને વધાવ્યા બાદ અન્ય વિવિધ પ્રસ્તુતિઓ અને ભેટ સોગાદોથી સૌએ ઈષ્ટદેવ-ગુરુદેવને સત્કાર્યા હતા.

જહોનિસબર્ગની ભૂમિ પર સ્વામીશ્રીને સત્કારવા માટે ઉપરાષ્ટ્રપતિશ્રી પોલ મશાટિલે સ્વાગત સભામાં ઉપસ્થિત રહ્યા હતા. તેઓની સાથે અન્ય અધિકારીઓ તથા મિત્રો આવ્યા હતા. સ્વામીશ્રીએ સૌને તેઓની પ્રગતિ માટે આશિષ અર્પ્યા હતા.

### ● વિશ્વશાંતિ મહાયાગ

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા ઉદ્‌ઘાટિત થયેલા 'બી.એ.પી.એસ. કલ્ચરલ કૉમ્પ્લેક્સ'માં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૩૧-૧-૨૦૨૫ના રોજ 'વિશ્વશાંતિ મહાયાગ' યોજાયો હતો. વહેલી સવારથી જ યજમાન હરિભક્તો આ અવસરનો લાભ લેવા ઊમટ્યા હતા. મનોહર મૂર્તિઓ યજ્ઞશાળામાં વિરાજીને કૃપાદૃષ્ટિ રેલાવી રહી હતી. સ્વામીશ્રીએ યજ્ઞશાળામાં પધારીને મુખ્ય યજ્ઞકુંડમાં અગ્નિદેવનું સ્થાપન કરીને વિધિવત્ યજ્ઞનો પ્રારંભ કરાવ્યો હતો. યોગીજી મહારાજ લીંપોપો નદીના કિનારે બીટબ્રિજ (beitbridge) નીચે પધાર્યા હતા, એ જ સ્થાનેથી સૂર્યમાંથી પ્રગટાવેલા અગ્નિનું સ્થાપન સ્વામીશ્રીએ યજ્ઞકુંડમાં કર્યું હતું. પરમ પૂજ્ય સ્વામીશ્રીએ તથા ઉપસ્થિત ૨૦૦ સંતો તેમજ સેંકડો ભક્તોએ વિશ્વશાંતિની મંગલ કામનાઓ સાથે યજ્ઞનારાયણને આહુતિ અર્પી હતી. અગિયાર દિવસ સુધી ચાલેલા આ મહાયજ્ઞનાં દર્શને ભક્તો-ભાવિકો પધાર્યા હતા.

આ પ્રસંગે સ્વામીશ્રીએ આશીર્વચન ઉચ્ચારતાં કહ્યું, ''મૂર્તિપ્રતિષ્ઠાની કેટલા વખતથી વાટ જોઈ રહ્યા હતા, તે વેળા આવી ગઈ છે. બધા ખૂબ આનંદમાં છે અને મૂર્તિઓ પણ ખૂબ નમણી, નાજુક અને સરસ છે એટલે હવે બધાએ આ મૂર્તિઓનું યથાવત્ પૂજન કરવું. રોજ દર્શને આવી જવું. આનંદ-મંગલ, આનંદ-મંગલ થઈ રહ્યો છે. બધાનાં અંતરમાં ખૂબ આનંદ છે. આ આનંદ અંતરમાં સમાય એવો નથી... તેને વ્યક્ત કરવા શબ્દો જ નથી. આ અગિયાર દિવસીય યજ્ઞનો જે લાભ લેશે એને અક્ષરધામનું ફળ મળશે. લૌકિક-અલૌકિક બધા સંકલ્પો સિદ્ધ થશે.''





## ● કૉમ્યુનિટી દિન

આજે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં 'કૉમ્યુનિટી દિવસ' ઊજવાયો હતો. આ નિમિત્તે અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલી સંધ્યાસભામાં સંગીતમય અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા અહીંની વિવિધ કૉમ્યુનિટીઝના ભક્તોએ વિવિધ પ્રસ્તુતિઓ કરીને ભક્તિભાવ દર્શાવ્યો હતો. આ પરિસરના નિર્માણમાં સહયોગ આપનાર તમામ કૉમ્યુનિટીઝના સભ્યો વતી પૂજ્ય સંતોએ સ્વામીશ્રીનું પુષ્પહારથી સ્વાગત કર્યું હતું. પૂજ્ય સંતો અને વક્તવ્યો દ્વારા મહાનુભાવોએ પોતાની ભાવોર્મિઓ રજૂ કરી હતી.

દીપ પ્રાગટ્ય કરીને સ્વામીશ્રીએ કલ્ચરલ કૉમ્પ્લેક્સનું લોકાર્પણ કર્યું હતું. ત્યારબાદ આશિષ આપતાં સ્વામીશ્રીએ કહ્યું, ''આજે અહીંયાં વિભિન્ન ધર્મો અને સમુદાયોના લોકોનાં એકસાથે દર્શન થયાં તેથી ખૂબ આનંદ થયો. હું બી.એ.પી.એસ. પરિવાર તરફથી આપ બધાનો હાર્દિક આભાર વ્યક્ત કરું છું. આપની સહાયતા, સદ્‌ભાવના, ઉદારતા અને મિત્રતા માટે અમે હૃદયથી આભારી છીએ.

પ્રમુખસ્વામી મહારાજે આ મંદિર અને બીજાં અગણિત મંદિરોનું નિર્માણ કર્યું, જેથી બધા સમુદાયો પ્રેમ અને સંવાદિતામાં એકસાથે આવી શકે!

અમારા ગુરુ યોગીજી મહારાજે અમને શીખવ્યું કે 'ભગવાન સૌનું ભલું કરો' જો આપણે બધાનું ભલું ઈચ્છીશું તો આપણી એકતા વધશે અને દરેક વ્યક્તિ સુધી પ્રસરશે. અમે બધાનાં કલ્યાણની પ્રાર્થના કરીએ છીએ અને ઈચ્છા રાખીએ છીએ કે પ્રત્યેક વ્યક્તિ આંતરિક શાંતિ અને આનંદનો અનુભવ કરે.''

સ્વામીશ્રીએ સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત નૂતન બંગાળી પ્રકાશનો ઉદ્‌ઘાટિત કર્યાં હતાં.

## ● શોભાયાત્રા

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧-૨-૨૦૨૫ના રોજ જહોનિસબર્ગ ખાતે ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. કલાત્મક રથમાં વિરાજિત મૂર્તિઓની સાથે, સ્થાનિક ભક્તો અને સંતોએ આ શોભાયાત્રામાં જોડાઈને વિવિધ રીતે ભક્તિ અદા કરી હતી. ભક્તિનાં આંદોલનો પ્રસરાવતી જહોનિસબર્ગના









જાહેરમાર્ગો પરથી પસાર થયેલી આ શોભાયાત્રાનાં દર્શન કરીને સૌ શહેરીજનોએ ધન્યતા અનુભવી હતી. સેન્ડાઉન હાઈસ્કૂલમાંથી આરંભાયેલી આ શોભાયાત્રા ચાર કિલોમીટરનું પરિભ્રમણ કરીને પુનઃ એ જ સ્થાન પર વિરામ પામી હતી. જહોનિસબર્ગના ઇતિહાસમાં અભૂતપૂર્વ કહી શકાય એવી આ શોભાયાત્રાને સૌએ ભક્તિભાવપૂર્વક વધાવી હતી.

આ દિવસે સાંજે 'યજ્ઞપુરુષ દિન' નિમિત્તે યોજાયેલી સભામાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજને ભાવાંજલિ અર્પતા સુંદર કાર્યક્રમો પ્રસ્તુત થયા હતા. સ્થાનિક આફ્રિકન ભાઈઓએ પણ સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ કરીને સ્વામીશ્રીના રાજીપા સાથે મંદિરને વધાવ્યું હતું. મહાનુભાવોનાં વક્તવ્યો બાદ અંતમાં સ્વામીશ્રીએ આશીર્વચનમાં શાસ્ત્રીજી મહારાજનો મહિમા કહ્યો હતો.

- **દિવ્ય અવસર મૂર્તિપ્રતિષ્ઠાનો**

વસંતપંચમી એટલે અખિલ સ્વામિનારાયણ સંપ્રદાય માટે અતિ મહિમાવંતો-ગૌરવવંતો દિન. ભગવાન શ્રી સ્વામિનારાયણની શિક્ષાપત્રી સાથે બી.એ.પી.એસ. સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો પ્રાકટ્ય દિન. તેઓશ્રીના ૧૬૦માં પ્રાકટ્યોત્સવે વિશેષ ભક્તિ સમર્પિત કરતો મંગલ અવસર દક્ષિણ આફ્રિકામાં જહોનિસબર્ગની ભૂમિ પર ઉજવાયો હતો.

પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે, અહીં નિર્માણ પામી રહેલા બી.એ.પી.એસ. સંકુલના પ્રથમ સોપાનરૂપે નવનિર્મિત થયેલું 'બી.એ.પી.એસ. કલ્ચરલ કૉમ્પ્લેક્સ' આજે નવલા સાજ-શણગાર સજીને સૌના ઉત્સાહમાં ઓર વધારો કરી રહ્યું હતું. આ કૉમ્પ્લેક્સમાં સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓના મંગલ અવસરનો લાભ લેવા માટે પધારેલા દેશ-વિદેશના સેંકડો હરિભક્તો તેમજ સંતોના અંતરમાં અનેરો આનંદ-ઉત્સાહ વર્તાતો હતો.

કૉમ્પ્લેક્સના વિશાળ સભાગારમાં સુવર્ણરસિત સિંહાસનમાં શ્રી અક્ષર-પુરુષોત્તમ મહારાજ, શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધા-કૃષ્ણજી, શ્રી રામ-સીતા-હનુમાનજી, શ્રી શિવ-પાર્વતી-ગણેશજી, શ્રી વેંકટેશ બાલાજી તથા શ્રી મુરુગનજી (કાર્તિકેયજી) અને ગુરુપરંપરાની મૂર્તિઓ સ્થાપિત થઈ ચૂકી હતી. નિયત સમયે સ્વામીશ્રી પ્રતિષ્ઠાવિધિમાં પધાર્યા અને અક્ષરપુરુષોત્તમ મહારાજની સમક્ષ આસનસ્થ થયા. એ જ રીતે અન્ય મૂર્તિઓ સમક્ષ વડીલ સંતો પૂજનવિધિમાં જોડાયા. સંતો-ભૂદેવોના મંત્રોચ્ચાર વચ્ચે વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠા વિધિ સંપન્ન કરીને આશીર્વાદ આપતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે જણાવ્યું, ''શ્રીજીમહારાજ અતિ કૃપા કરીને આ બ્રહ્માંડમાં પધાર્યા પછી બીજી બધી વાત બની. શ્રીજીમહારાજ પધાર્યા પછી બીજી બધી વિધિઓ શરૂ થઈ અને આપણે



મજા કરીએ છીએ, આનંદ કરીએ છીએ. શ્રીજીમહારાજે એટલી કૃપા કરી કે બધે સત્સંગનો વિસ્તાર થયો. પશ્ચિમ દેશોમાં સત્સંગ વિસ્તર્યો. તેના લીધે આખી દુનિયામાં બધા હરિભક્તો -સંતો આનંદ કરી રહ્યા છે.'' આશીર્વચન બાદ સ્વામીશ્રીએ ઠાકોરજીને અન્નકૂટ ધરાવીને આરતી ઉતારી હતી.

આમ, સ્વામીશ્રીના વરદ હસ્તે જહોનિસબર્ગની ભૂમિ પર નૂતન પરિસરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થતાં અહીં સત્સંગના ઇતિહાસમાં એક વધુ સુવર્ણપૃષ્ઠ અંકિત થઈ ગયું.

સાયંકાળે અનેક ક્ષેત્રોના મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલી મંદિર લોકાર્પણ સભામાં વિવિધ પ્રસ્તુતિઓ સાથે સ્વામીશ્રીનો આભાર માનવામાં આવ્યો. મંદિરનિર્માણમાં જહેમત ઉઠાવનાર તમામ સંતો -ભક્તોનો આભાર માનવામાં આવ્યો હતો. સ્વામીશ્રીએ આશીર્વાદમાં, શાસ્ત્રીજી મહારાજે અનેક કષ્ટો, વિરોધોને વેઠી, હિંમત દાખવી મંદિરો બાંધ્યાં તથા અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તાવી, તેની વાત કરીને તેમના જન્મદિને ગુરુભક્તિ અદા કરી હતી.

આજે સાઉથ આફ્રિકા, બોટ્સવાના અને ઝિમ્બાબ્વેનાં ૭૨૦ મહિલાઓએ ૩ મહિના સુધી ભક્તિભાવપૂર્વક બનાવેલો ૨૨.૩ ફૂટ લાંબો તલનો હાર આફ્રિકના સંતોએ સ્વામીશ્રીને અર્પણ કરીને તેઓની ભક્તિ, સેવા ગુરુદેવને સમર્પિત કરી હતી. ભક્તોનાં ૧૨૫૦ ઘરોમાંથી એક એક મુઠ્ઠી તલ લાવવામાં આવ્યા હતા. આ હારમાં કુલ ૯,૦૦૦ સેરો હતી. આ હાર બનાવવા પાછળનો એક જ હેતુ હતોઃ 'જે કોઈ અલ્પ સેવા કરે તેનું પણ કલ્યાણ થાય.' સ્વામીશ્રીએ એવા આશિષ પણ આપ્યા. આજે





સ્વામીશ્રીએ સત્સંગદીક્ષા (આફ્રિકન સ્વાહીલી ભાષામાં અનુવાદિત) અને શાસ્ત્રીજી મહારાજ જીવન ચરિત્ર (અંગ્રેજી અનુવાદ)નું વિમોચન કર્યું હતું.

**● કિશોર દિન**

તા. ૪-૨-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં 'કિશોર દિન' ઊજવાયો હતો. સન ૨૦૧૩માં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બોચાસણથી પત્ર લખી સૌને આપેલા આધ્યાત્મિક માર્ગદર્શન પર આધારિત આ સભામાં કિશોરો દ્વારા વિશિષ્ટ કાર્યક્રમો રજૂ થયા હતા. 'બીજાના ભલામાં આપણું ભલું', બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આ જીવનભાવનાને દૃઢાવવા સ્વામીશ્રીએ પત્રમાં કરેલી પ્રેરણા મુજબ સૌ કિશોર- કિશોરીઓએ પ્રાર્થનાઓ લખીને સ્વામીશ્રીને અર્પણ કરી હતી. આ પ્રાર્થનાઓનો વિશિષ્ટ હાર સમગ્ર દક્ષિણ આફ્રિકાનાં કિશોર-કિશોરીઓ વતી પૂજ્ય આનંદ-સ્વરૂપદાસ સ્વામીએ પરમ પૂજ્ય સ્વામીશ્રીને અર્પણ કર્યો હતો. સૌએ બીજા માટે કરેલી પ્રાર્થનાઓની ડાયરીને સ્વામીશ્રીએ પ્રસાદીભૂત કરી અને 'દરેકમાં દિવ્યભાવ રાખવો' એવા આશીર્વાદ લખી આપ્યા હતા.

કિશોરોને પ્રશ્નોત્તરી દ્વારા આધ્યાત્મિક માર્ગદર્શન આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું, ''શ્રીજીમહારાજને કર્તા જાણવા. તેમની ઇચ્છા-મરજી વિના એક સૂકું પાંદડું પણ હલી શકતું નથી. આ આપણે મનમાં દૃઢ કરી રાખવું. શ્રીજીમહારાજે આજ્ઞા-ઉપાસના આપી છે. ઉપાસના તો છે જ, પણ આજ્ઞામાં ફેર પડી જાય છે, એટલે આજ્ઞાને પાકી રાખવી, નિયમ-ધર્મ પાક્કે પાયે રાખવા, એમાં ફેર ના પડે. નિયમ-ધર્મમાં બધું જ આવી જાય છે. આજ્ઞા પાક્કે પાયે રાખશો એટલે બધો મેળ મળી જશે અને તમે આનંદ આનંદ અનુભવશો.''

સાઉથ આફ્રિકાના કિશોર-કિશોરીઓએ વિશેષ ભક્તિ સમર્પિત કરતા ૧૬,૪૦૦ કાચની બોટલો વડે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું અદ્ભુત આર્ટવર્ક બનાવ્યું હતું. સ્વામીશ્રીએ આ 'બોટલ આર્ટવર્ક' નીરખીને ખૂબ જ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

**● ભક્તિ દિન**

તા. ૬-૨-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં 'ભક્તિ દિન' ઊજવાયો હતો. આજે ઉપસ્થિત હજારો ભક્તો-ભાવિકોએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ભક્તિભાવપૂર્વક સાકરતુલા કરીને, વિશિષ્ટ સ્મૃતિ પ્રાપ્ત કરી હતી. આ વિશિષ્ટ પ્રસંગે પરમ પૂજ્ય સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપીને કૃતાર્થ કર્યા હતા.

**● બાળ દિન**

તા. ૭-૨-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં 'બાળ-બાલિકા દિન' ઊજવાયો હતો. આજની સભામાં મોટી સંખ્યામાં બાળકો ઉપસ્થિત હતા. સભામાં બાળકોએ સંવાદ, સ્કિટ જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા વિવિધ રજૂઆતો કરીને પરમ પૂજ્ય સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં ગમ્મત સાથે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. સત્સંગદીક્ષા ગ્રંથનો મુખપાઠ કરનારા બાળ વિદ્વાનોને પૂજ્ય સંતોએ કારિકાજયીનું પ્રમાણપત્ર અને સ્મૃતિભેટ આપીને સન્માનિત કર્યા હતા. આ શુભ પ્રસંગે સ્વામીશ્રીએ સૌ બાળકોને અને બાળ કાર્યકર્તાઓને આશીર્વાદ આપ્યા હતા.

**● નૂતન મંદિરની ઇષ્ટિકાઓનો પૂજનવિધિ**

તા. ૮-૨-૨૦૨૫, જયા એકાદશીના પવિત્ર દિને, જહોનિસબર્ગ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં નૂતન બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની ઇષ્ટિકાઓના પૂજનવિધિનો મંગલ અવસર યોજાયો હતો. પૂજનવિધિના અંતે પરમ પૂજ્ય સ્વામીશ્રીએ નૂતન મંદિરના નકશા પણ પુષ્પ પધરાવીને પ્રસાદીભૂત કર્યા હતા. પરમ પૂજ્ય





સ્વામીશ્રીએ આ મંદિર વહેલામાં વહેલી તકે પૂર્ણ થાય તે માટે સૌને આશીર્વાદ આપ્યા હતા. મંદિરના મધ્યખંડમાં જ્યાં ભગવાન વિરાજમાન થવાના છે તે ગર્ભગૃહના સ્થાન પર સ્વામીશ્રીએ પોતાનાં ચરણ પધરાવ્યાં અને સૌને અલભ્ય સ્મૃતિ પ્રદાન કરી હતી.

આ પ્રસંગે પૂજ્ય સ્વામીશ્રીનો આભાર વ્યક્ત કરતાં પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી અને પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રીય પુષ્પ ‘પ્રોટીયા’નો સુંદર હાર સ્વામીશ્રીના કંઠમાં અર્પણ કરીને આશિષ લીધા હતા.

આજની સંધ્યાસભામાં હજારો ભક્તો-ભાવિકોની ઉપસ્થિતિમાં કીર્તન આરાધના યોજાઈ હતી. બી.એ.પી.એસ.ના સંગીતજ્ઞ સંતોએ વિવિધ વાજિંત્રો સાથે કીર્તનગાન તેમજ દુહા-છંદની રમઝટ સાથે સૌને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા.

## ● પ્રતીક પુષ્પદોલોત્સવ

દક્ષિણ આફ્રિકાના હરિભક્તોના આધ્યાત્મિક લાભમાં વધારો કરતા પરમ પૂજ્ય સ્વામીશ્રીએ તા. ૯-૨-૨૦૨૫ના રોજ બી.એ.પી.એસ. કલ્ચરલ કૉમ્પ્લેક્સના પરિસરમાં પ્રતીક પુષ્પદોલોત્સવ ઊજવીને સંતો-ભક્તોને સ્મરણીય સ્મૃતિ પ્રદાન કરી હતી.

ઉત્સવને માણવા ખૂબ મોટી સંખ્યામાં હરિભક્તો-ભાવિકો ઊમટ્યા હતા. કાર્યક્રમોની અદ્‌ભુત પ્રસ્તુતિ બાદ સ્વામીશ્રીએ સૌને આશીર્વાદથી કૃતાર્થ કર્યા હતા. ત્યારબાદ સ્વામીશ્રીએ પ્રથમ અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કરીને તેમના પર રંગવર્ષા કરી. ત્યારબાદ સંતો અને હરિભક્તો પર ભક્તિરંગની વર્ષા આરંભી. મંચની ધારે ગોઠવાયેલી પિચકારીમાંથી આવતો જલધારાનો પ્રવાહ સૌને ભક્તિના રંગથી અભિષિક્ત કરી રહ્યો હતો. પિચકારીને આજુબાજુ ઘુમાવીને સ્વામીશ્રીએ સૌ કોઈને રંગવર્ષાથી તરબતર કર્યા હતા.

દક્ષિણ આફ્રિકાની ભૂમિ પર પરમ પૂજ્ય સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં સૌ પ્રથમવાર યોજાયેલા આ રંગોત્સવની વિશિષ્ટ સ્મૃતિ સાથે સૌ ભક્તોએ સ્વામીશ્રીનો, આ અલભ્ય લાભ આપવા બદલ હૃદયપૂર્વક આભાર પ્રગટ કર્યો હતો. જહોનિસબર્ગની ભૂમિ પર બે સપ્તાહના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ આધ્યાત્મિક લાભની ઝડી વરસાવીને સૌને ધન્યતાથી છલકાવી દીધા હતા.

આફ્રિકાની બે મહિનાની ધર્મયાત્રા દરમ્યાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે દાર-એ-સલામ, નૈરોબી અને જહોનિસબર્ગ ખાતે બિરાજીને સૌના અંતરમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની અનન્ય નિષ્ઠા ભરી દીધી હતી. સૌને સત્સંગના ચારેય સુખ અર્પીને અભૂતપૂર્વ લાભ આપ્યો હતો. આબાલ-વૃદ્ધ સૌનો ભક્તિભાવ સ્વીકારીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સંતમંડળ સાથે તા. ૧૧-૨-૨૦૨૫ના રોજ ઑસ્ટ્રેલિયાના હરિભક્તોને આધ્યાત્મિક લાભ આપવા માટે મેલબર્ન પધાર્યા હતા.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆

# સત્સંગથી પલ્લવિત જુદાં જુદાં ૧૧ ગામોમાં નવનિર્મિત બી.એ.પી.એસ. મંદિરોમાં ઊજવાયા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો





ડભોડામાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે પ્રતિષ્ઠિત મૂર્તિઓનું સ્થાપન કરતા પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી દેશવિદેશમાં ઠેર ઠેર હિન્દુ સનાતન ધર્મની છડી પોકારતાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરો રચાઈ રહ્યાં છે. સંતોના પુરુષાર્થ અને હરિભક્તોના સમર્પણભાવથી નિર્માણ પામતાં આ મંદિરોના નેજા હેઠળ ગતિમાન બાલ-બાલિકા, યુવક-યુવતી, સંયુક્ત-મહિલા આદિ સત્સંગ મંડળો દ્વારા નિયમિત ચાલતી અઠવાડિક સત્સંગ-સભા દ્વારા સૌના જીવનમાં સત્સંગની વસંત નવપલ્લવિત રહે છે. પરિણામ સ્વરૂપે આ મંદિરો આધ્યાત્મિક અને સમાજ ઉત્કર્ષનું કેન્દ્ર બની રહે છે. તાજેતરમાં ગુજરાતનાં વિવિધ ગામોમાં નવનિર્મિત મંદિરોના પ્રતિષ્ઠા-ઉત્સવની એક ઝલક અહીં પ્રસ્તુત છે...

## ■ ડભોડા ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી ગાંધીનગરની બાજુમાં આવેલા ડભોડા ગામમાં સન ૧૯૯૨માં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગની શરૂઆત થઈ હતી. ગાંધીનગર અક્ષરધામથી સંતોના નિયમિત વિચરણથી ગામજનોને સત્સંગનો ખપ જાગ્યો. કાર્યકરોના અથાગ પરિશ્રમથી વિકસેલા સત્સંગને લીધે સંયુક્ત સત્સંગમંડળની શરૂઆત થઈ. સમયનાં વહેણ સાથે ડભોડા અને આસપાસનાં ગામોમાં પણ સત્સંગનો અનેકશઃ વિકાસ થતો રહ્યો. ઉત્તરોત્તર વધતા આ સત્સંગને વધુ વેગવંતો બનાવવા મંદિરની જરૂરિયાત પણ ઊભી થઈ. શ્રી યોગેશભાઈ શિવાભાઈ પટેલે પોતાની ભૂમિ મંદિર માટે અર્પણ કરતાં સૌ હરિભક્તોનો ઉત્સાહ ઊભરાયો અને આનંદસ્વરૂપદાસ સ્વામી અને વિશ્વવિહારીદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ મંદિરનું નિર્માણકાર્ય આગળ ધપ્યું. દરેક હરિભક્તના સેવાસભર પુરુષાર્થથી જોતજોતાંમાં મંદિર સાકાર થતાં તેમાં મૂર્તિપ્રતિષ્ઠાનો રૂડો અવસર આવી પહોંચ્યો. આ ઉત્સવના ઉપક્રમે પ્રથમ દિને તા. ૧૭-૧૧-૨૦૨૪ના રોજ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો. દ્વિતીય દિને ઢળતી બપોરે હરિભક્તોના અનન્ય ઉત્સાહ વચ્ચે શોભાયાત્રાની શરૂઆત થઈ, જેમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓએ કલાત્મક રથોમાં બિરાજીને ગામજનો પર આશીર્વર્ષા કરી હતી.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે

તા. ૬-૧૧-૨૦૨૪ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ ડભોડા મંદિરમાં તા. ૧૮-૧૧-૨૦૨૪ના રોજ આનંદસ્વરૂપદાસ સ્વામી તથા અન્ય સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. સેંકડો ભક્તો-ભાવિકોએ આ પ્રસંગે ઉપસ્થિત રહીને પ્રતિષ્ઠા-ઉત્સવનો લાભ લીધો હતો.

અહીં વિચરણ કરતા હરિતિલકદાસ સ્વામી અને તપોમંગલદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ ભક્તો-ભાવિકોએ કરેલી અનન્ય સેવાથી આ ઉત્સવ પૂર્ણ થતાં ડભોડામાં ભક્તિ-ઉલ્લાસનું વાતાવરણ છવાઈ ગયું હતું.





સંતપુરામાં મૂર્તિસ્થાપન બાદ આરતી કરતા સંતો, બીલીમોરામાં ઉત્સવના ઉપક્રમે યોજાઈ શાનદાર શોભાયાત્રા...

## ■ સંતપુરા ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

મહિસાગર નદીના કાંઠે વસેલા બદલપુરના પરાવિસ્તાર સંતપુરા ખાતે નિર્માણ પામેલા બી.એ.પી.એસ. સંસ્કારધામમાં મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૨૯-૧૨-૨૦૨૪ના રોજ યોજાયો હતો. ગુણાતીત ગુરુવર્યોની ચરણરજથી તીર્થત્વ પામેલી આ ભૂમિમાં સંતો અને કર્તવ્યનિષ્ઠ કાર્યકરોના ઉત્સાહથી સત્સંગ ખૂબ ફૂલ્યો ફાલ્યો છે. શ્રી બચુભાઈ માનસિંહ સોલંકી અને શ્રી ખુમાનસિંહ પૂજાભાઈ સોલંકીએ ભક્તિભાવપૂર્વક અર્પણ કરેલી ભૂમિ પર હરિભક્તોના સેવાયજ્ઞથી આધ્યાત્મિક પ્રેરણાના તેજપુંજ સમું સંસ્કારધામ નિર્માણ પામ્યું. તેમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે સવારે સંતોની ઉપસ્થિતિમાં યોજાયેલી વેદોક્ત મહાપૂજાનો હરિભક્તોએ લાભ લીધો હતો. મહાપૂજાવિધિ બાદ વેદજ્ઞદાસ સ્વામી તથા ભગવત્ચરણદાસ સ્વામીએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા તા. ૨૬-૧૧-૨૦૧૯ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો વેદોક્ત સ્થાપનવિધિ કર્યો હતો. ત્યારબાદ સંતોએ ઠાકોરજીની પ્રથમ આરતી ઉતારી હતી. મહિલામંડળે ઠાકોરજીને ભાતભાતની વાનગીઓનો અન્નકૂટ ધરાવીને વિશેષ ભક્તિ-અર્ઘ્ય અર્પ્યું હતું.

આ અવસરે યોજાયેલી પ્રાસંગિક સભામાં સંતોએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ વિસ્તારોમાં કરેલા કઠિન વિચરણનું સ્મરણ કરીને અહીંના ભક્તોની સેવા, સમર્પણ અને ભક્તિને બિરદાવીને આશીર્વાદ અર્પ્યા હતા.

## ■ બીલીમોરા ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

દક્ષિણ ગુજરાતના નવસારીમાં આવેલું બીલીમોરા એટલે ગુણાતીત ગુરુઓની પદરજથી પાવન થયેલું નગર. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે અહીં પરમ ભગવદીય જયસુખભાઈ કોઠારીના ઘરે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને, પાંચ-પાંચ લાડુ જમાડીને અદ્‌ભુત સ્મૃતિઓ આપેલી. અહીં હરિમંદિરમાં તથા હરિભક્તોના ઘરે બિરાજીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પણ અનેક સ્મૃતિઓ આપેલી છે. સન ૨૦૦૩માં પ્રમુખસ્વામી મહારાજે અહીં આ ભૂમિ પરના કિસ્મત બંગલોમાં પધારીને આધ્યાત્મિક લાભ આપ્યો હતો અને અહીં એક નાના મંદિરની પ્રતિષ્ઠા કરી હતી. એવા આ પ્રાસાદિક સ્થાનમાં, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી નૂતન મંદિર નિર્માણ પામ્યું છે. શ્રી હર્ષદભાઈ હીરાલાલ પટેલ પરિવાર અને શ્રી ભગુભાઈ ગોવિંદભાઈ પટેલ પરિવારના વિશેષ સેવા સહયોગથી નિર્માણ પામેલા આ સુંદર શિખરયુક્ત કલાત્મક નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિસ્થાપન ઉત્સવ તા. ૩૧-૧૨-૨૦૨૪થી તા. ૪-૧-૨૦૨૫ સુધી

શાનદાર રીતે ઊજવાયો હતો.

મૂર્તિસ્થાપનના પંચ-દિવસીય કાર્યક્રમોના ઉપક્રમે પ્રથમ દિને સવારે યોજાયેલા પારાયણનો ભક્તો-ભાવિકોએ લાભ પ્રાપ્ત કર્યો હતો. મંદિર નિર્માણમાં વિશેષ સેવા-સહયોગ આપનાર ભક્તો-ભાવિકોનું સન્માન-સભામાં અભિવાદન કરાયું હતું. રાત્રિસભામાં કીર્તન-આરાધના દ્વારા સૌએ ભક્તિરસનો આસ્વાદ માણ્યો હતો.

વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં તા. ૪-૧-૨૦૨૫ના રોજ સવારે સંપન્ન થયો હતો. સેંકડો ભક્તો-ભાવિકોએ આ ઉત્સવમાં ઉપસ્થિત રહીને કૃતાર્થતા અનુભવી હતી. આ પ્રસંગે યોજાયેલા મુખ્ય સમારોહમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, આકર્ષક રજૂઆતો અને સદ્‌ગુરુ સંતોનાં પ્રેરક આશીર્વચનો દ્વારા અનેક નગરજનોએ ઉચ્ચ જીવનની પ્રેરણા પ્રાપ્ત કરી હતી.





બીલીમોરા મંદિરમાં મૂર્તિસ્થાપનવિધિ કરતા પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, બીલીમોરામાં રચાયેલું બી.એ.પી.એસ. મંદિર

દ્વિતીય દિને, અપરાહ્‌ને મહિલા સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં મોટી સંખ્યામાં મહિલા ભક્તોએ ઉપસ્થિત રહીને પ્રેરક કાર્યક્રમોનો લાભ પ્રાપ્ત કર્યો હતો. સાંજની સભામાં હરિભક્તોએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનો તુલાવિધિ કરીને અનેરી સમર્પણભક્તિ અદા કરી હતી.

તૃતીય દિને, મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા યોજાઈ હતી. કલાત્મક રથોમાં સવાર થઈને મૂર્તિઓએ નગરજનો પર આશીર્વર્ષા કરી હતી. હજારો આબાલવૃદ્ધ હરિભક્તો-ભાવિકોએ શોભાયાત્રામાં જોડાઈને અનેરા ભક્તિભાવ સાથે શોભાયાત્રાને વધાવીને ઉમંગ પ્રગટ કર્યો હતો. ચતુર્થ દિને, સવારે યોગીનગર ખાતે વિશ્વશાંતિ મહાયાગ યોજાયો હતો, જેમાં યજમાનપદે બિરાજીને સેંકડો હરિભક્તો-ભાવિકોએ યજ્ઞનારાયણને આહુતિ અર્પી હતી. સાંજની સભામાં સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત થયો હતો. હજારો નગરજનોએ આ કાર્યક્રમ દ્વારા આધ્યાત્મિક પ્રેરણાઓ પ્રાપ્ત કરી હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૬-૮-૨૦૨૪ના રોજ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી, પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી અને અન્ય

આમ, સદગુરુ સંતોની ઉપસ્થિતિમાં ઊજવાયેલો મૂર્તિસ્થાપનનો મંગલ અવસર અહીં આધ્યાત્મિકતાનાં આંદોલનો પ્રસરાવીને સૌ નગરજનોમાં અનેરી ઊર્જા પ્રગટાવી ગયો. અહીં વિચરણ કરતા જ્ઞાનવર્ધનદાસ સ્વામી, ભક્તમનનદાસ સ્વામી અને સ્વયંસેવકોના વિશેષ પુરુષાર્થથી સંપન્ન થયેલો આ ઉત્સવ સૌ માટે અવિસ્મરણીય સંભારણું બની રહ્યો હતો.

## ■ નીલકંઠપુરા ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બોચાસણ પાસેના બદલપુર વિસ્તારમાં આવેલું નીલકંઠપુરા ગામ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યથી અનેકવાર પાવન થયેલું છે. આ ગામ, પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનું પણ કૃપાપાત્ર રહ્યું છે. તેઓએ જાતે પસંદ કરીને પ્રાસાદિક કરેલી ભૂમિને નિર્દેશક શ્રી ભીખાભાઈ છગનભાઈ સોલંકીએ ભક્તિભાવપૂર્વક મંદિર માટે કૃષ્ણાર્પણ કરી હતી. તે ભૂમિ પર સંતો-હરિભક્તોના સહિયારા પુરુષાર્થથી બી.એ.પી.એસ. સંસ્કારધામ રચાયું છે.

તા. ૫-૧-૨૦૨૫ના રોજ આ સંસ્કારધામમાં મૂર્તિઓનો સ્થાપનવિધિ વેદજ્ઞદાસ સ્વામી તથા

ભગવત્ચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે સવારે મહાપૂજા યોજાઈ હતી, તેનો સેંકડો હરિભક્તો-ભાવિકોએ લાભ લીધો હતો. મહાપૂજા બાદ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા તા. ૨૬-૧૧-૨૦૧૯ના રોજ પૂજિત મૂર્તિઓનો સ્થાપનવિધિ સંતોએ વેદોક્ત વિધિપૂર્વક કર્યો હતો.

આ પ્રસંગે યોજાયેલી સભામાં મંચસ્થ સંતોએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો. બદલપુરની ભૂંગળ મંડળીએ પ્રાદેશિક શૈલીમાં ભજન-કીર્તનની રમઝટ સાથે સૌને આનંદ કરાવ્યો હતો. આજના ઉત્સવની સ્મૃતિઓ અંતરમાં કંડારીને સૌ વિદાય થયા હતા.

## ■ મઢી-સ્યાદલા ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ અનુસાર, સુરત જિલ્લાના મઢી-સ્યાદલા ખાતે ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી નૂતન બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યું છે.

આ નવનિર્મિત મંદિરમાં મૂર્તિસ્થાપન ઉત્સવના ઉપક્રમે તા. ૪-૧-૨૦૨૫ના રોજ સવારે યોજાયેલા વિશ્વશાંતિ મહાયાગમાં ૫૦૦ જેટલા યજમાન ભક્તો-ભાવિકોએ યજ્ઞવિધિનો લાભ લીધો હતો. સંતોની ઉપસ્થિતિમાં યજ્ઞવિધિની શરૂઆત બાદ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરના બ્રાહ્મણ છાત્રોએ યજ્ઞવિધિ કરાવ્યો હતો. આજે મૂર્તિઓની ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. ભક્તિભાવથી પ્રેરિત આ શોભાયાત્રામાં વિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા અન્ય ભગવત સ્વરૂપોએ દિવ્ય દૃષ્ટિ રેલાવી ગામને પાવનતા બક્ષી હતી. અપરાહ્ને સ્યાદલા ગામથી અનેરા આનંદ-ઉત્સાહ સાથે આરંભાયેલી શોભાયાત્રા સાંજે મઢી ગામમાં વિરામ પામી હતી.

તા. ૫-૧-૨૦૨૫ના રોજ સવારે મંદિરમાં મૂર્તિસ્થાપન નિમિત્તે દેવસ્વરૂપદાસ સ્વામી, ધર્મચરણદાસ સ્વામી, નારાયણચરણદાસ સ્વામી, ઉત્તમપ્રકાશદાસ સ્વામી અને પુણ્યદર્શનદાસ સ્વામી વગેરે સંતોની હાજરીમાં યોજાયેલી મહાપૂજાનો લાભ ભક્તો-ભાવિકોએ લીધો હતો. મહાપૂજા બાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે બોચાસણમાં તા. ૧૦-૮-૨૦૨૪ના રોજ પ્રાણ-પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનું સંતોએ વેદોક્ત વિધિપૂર્વક સિંહાસનમાં સ્થાપન કર્યું હતું.

આ પ્રસંગે યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને સંતોનાં પ્રેરક વક્તવ્યો રજૂ થયાં હતાં. હજારો ભક્તો-ભાવિકોએ ઉપસ્થિત રહી આ સમારોહનો લાભ પ્રાપ્ત કર્યો હતો.





મઢી-સ્યાદલાનું નૂતન બી.એ.પી.એસ. મંદિર, સરભોણ ખાતે યોજાયેલી શોભાયાત્રામાં ઠાકોરજીના રથનું વહન કરતા સંતો...

## ■ સરભોણ ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં આવેલા સરભોણ ગામે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી નિર્માણ પામેલા નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિસ્થાપન ઉત્સવ ઊજવાયો હતો.

સન ૧૯૮૪માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સરભોણના હરિભક્ત શાંતિલાલ ગાંધીને આશીર્વાદ આપ્યા હતા કે ગામમાં સત્સંગ વધશે અને મંદિર પણ થશે. આર્ષદ્રષ્ટા પ્રમુખસ્વામી મહારાજનાં એ વચનો સાર્થક થતાં સરભોણમાં સત્સંગપ્રવૃત્તિની શરૂઆત થઈ. સંતોનું વિચરણ પણ શરૂ થયું અને આમ સત્સંગલક્ષી પ્રવૃત્તિઓથી મઘમઘતું થયું. ભક્તો-ભાવિકોમાં અધ્યાત્મના અજવાળાં વિશેષ પ્રસરાવવા મંદિરની જરૂરિયાત ઊભી

થઈ. ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૮-૧-૨૦૨૩ના રોજ પૂજિત ઈષ્ટિકા દ્વારા મંદિરનો ખાતવિધિ થયો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે ભક્તો-ભાવિકોની અનન્ય સેવા સહયોગથી સરોવર કિનારે સુંદર મંદિર નિર્માણ પામ્યું. આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાના ઉત્સવ નિમિત્તે તા. ૫-૧-૨૦૨૫ના રોજ ગામમાં ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. સમગ્ર ગ્રામજનોએ





સરભોણનું નવનિર્મિત મંદિર, ધનોરી ગામના નૂતન મંદિરમાં મૂર્તિસ્થાપન વિધિ કરતા પૂજ્ય ધર્મચરણદાસ સ્વામી...

શોભાયાત્રામાં જોડાઈને ઉત્સાહભેર શોભાયાત્રાને વધાવી હતી. શોભાયાત્રાનાં દર્શન કરીને ગ્રામજનો બોલી ઊઠ્યાં, 'અમારા ગામમાં અત્યાર સુધી આવી ભવ્ય શોભાયાત્રા અમે જોઈ નથી.' સાંજે રવિસભાનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૨૧-૫-૨૦૨૪ના રોજ પ્રાણ-પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ અહીં તા. ૬-૧-૨૦૨૫ના રોજ યોજાયો હતો. અટલાદરા મંદિરેથી પધારેલા દેવસ્વરૂપદાસ સ્વામી, ધર્મચરણદાસ સ્વામી અને પુણ્યદર્શનદાસ સ્વામીના હસ્તે ધામધૂમથી મૂર્તિઓનો વેદોક્ત સ્થાપનવિધિ થયો હતો. આ અવસરે યોજાયેલી મહાપૂજા અને સત્સંગ સભામાં અનેક ભક્તો-ભાવિકોએ ઉપસ્થિત રહીને ઉત્સવનો લાભ લીધો હતો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ મંદિર માટે આશીર્વાદ આપ્યા હતા: ''અહીં પ્રતિષ્ઠા-ઉત્સવ ખૂબ સારી રીતે સંપન્ન થશે અને આ મંદિરથી ગામમાં અને આસપાસનાં ગામોમાં સત્સંગની ખૂબ પ્રગતિ થશે...'' આ રીતે સ્વામીશ્રીના આશીર્વાદથી અને સંતો-હરિભક્તો અને ગ્રામજનોના સહિયારા પુરુષાર્થથી મૂર્તિસ્થાપન ઉત્સવ શાનદાર રીતે સંપન્ન થયો હતો. અહીં વિચરણ કરતા ધ્યાનજીવનદાસ સ્વામી અને પ્રશાંતમુનિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ બારડોલી તાલુકાનાં ૧૫ ગામોના સત્સંગના કેન્દ્ર સમાન આ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા સંપન્ન થતાં તેનાં પડઘમ આસપાસનાં ગામોમાં ગુંજી ઊઠ્યાં હતાં.

## ■ ધનોરી ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના ધનોરી ગામમાં વર્ષોથી સત્સંગપ્રવૃત્તિ ગતિમાન છે. સન ૨૦૦૭માં ગુરુહરિ મહંત સ્વામી મહારાજ ધનોરીમાં પધાર્યા હતા, ત્યારે પટેલબંધુ શ્રી ભીખુભાઈ અને મૂકેશભાઈની ભૂમિ પર સ્વામીશ્રીએ મંદિર માટે દૃષ્ટિ કરી હતી. તેમના આશીર્વાદથી આ ભૂમિ પર આરંભાયેલા મંદિર-નિર્માણમાં શ્રી કમલેશભાઈ પટેલ, વસંતભાઈ આહીર, અંબુભાઈ પટેલ, દીપકભાઈ પટેલ, રત્નુભાઈ પટેલ વગેરે હરિભક્તોનો પણ ખૂબ પુરુષાર્થ રહ્યો છે. ગામ મોટું હોવાથી આહિરવાડ અને શાંતિનગરમાં સંયુક્ત સત્સંગમંડળ કાર્યરત છે. યુવકમંડળ અને બાળમંડળ પણ ગામમાં સત્સંગની સૌરભ પ્રસરાવી રહ્યાં છે.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી તથા ભક્તો-ભાવિકોનાં સેવા-સમર્પણથી નિર્માણ પામેલા આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાવિધિ-ઉત્સવના ઉપક્રમે પ્રથમ દિને, તા. ૧૮-૧-૨૦૨૫ના રોજ સવારે વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો, જેમાં સવારે સેંકડો ભક્તો-ભાવિકોએ યજમાન પદે વિરાજીને યજ્ઞદેવને આહુતિઓ અર્પણ કરીને મંગલ પ્રાર્થનાઓ કરી હતી. ત્યારબાદ ઢળતી બપોરે ગામજનોના અનન્ય ઉત્સાહ વચ્ચે ઠાકોરજીની શાનદાર શોભાયાત્રા યોજાઈ હતી. કલાત્મક રથોમાં વિરાજમાન

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાએ સમગ્ર ગામમાં દૃષ્ટિ આશિષ વરસાવીને દિવ્યતા પ્રસરાવી દીધી હતી.

સ્વામીશ્રીના હસ્તે તા. ૨૬-૧૦-૨૦૨૪ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ ધનોરી ખાતે તા. ૧૯-૧-૨૦૨૫ના રોજ સવારે નૂતન મંદિરના કલાત્મક સિંહાસનમાં ભગવાન સ્વામિનારાયણ, ગુરુપરંપરા, શ્રી

પોતાની ભૂમિ મંદિર માટે અર્પણ કરતાં નવસારી મંદિરના કોઠારી પૂર્ણકામદાસ સ્વામી, આનંદકિશોરદાસ સ્વામી, યજ્ઞતીર્થદાસ સ્વામીના માર્ગદર્શન મુજબ સ્થાનિક ભક્તો-ભાવિકોના સમર્પણથી જોતજોતાંમાં મંદિર નિર્માણ પામી ગયું.

આ મંદિરમાં ઉત્સવના ઉપક્રમે પ્રથમ દિને, તા. ૧૮-૧-૨૦૨૫ના રોજ સવારે યોજાયેલા વિશ્વશાંતિ






મગોબભાઠા (ડાબે) અને ભઈજીપુરામાં (જમણે) નૂતન બી.એ.પી.એસ. મંદિરના પ્રાસંગિક સમારોહમાં મંચસ્થ પૂજ્ય સંતો...

ઘનશ્યામ મહારાજ તેમજ સનાતન હિન્દુ ધર્મની ઉપાસ્ય મૂર્તિઓનો વૈદિક પ્રતિષ્ઠાવિધિ ધર્મચરણદાસ સ્વામી અને વિવેકસ્વરૂપદાસ સ્વામી તેમજ સંતો દ્વારા કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં હરિભક્તોએ ઉપસ્થિત રહીને ઉત્સવ-લાભ પ્રાપ્ત કર્યો હતો.

## ■ મગોબભાઠા ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લામાં આવેલા મગોબભાઠા ગામે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી અને ભક્તો-ભાવિકોના સેવા-સમર્પણથી નૂતન બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યું છે. આ મંદિરમાં મૂર્તિસ્થાપન-ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાયો હતો.

સન ૧૯૮૫ના અરસામાં મગોબભાઠાના શ્રી ચીમનભાઈ પટેલને અખાતી દેશોમાંથી સત્સંગનો યોગ થયો હતો. તેઓ જ્યારે જ્યારે વતનમાં આવતા ત્યારે ગામમાં નવસારી મંદિરથી સંતોની પધરામણી અચૂક કરાવતા. આ રીતે સત્સંગની સરવાણી વહેતી થઈ. શ્રી ચીમનભાઈ, અમૃતભાઈ, નવનીતભાઈ, મોહનભાઈ, રમણભાઈને સત્સંગનો રંગ લાગ્યો. સાથે સાથે મહિલામંડળના અનેકવિધ ભક્તિમય પ્રયાસોથી સત્સંગની વિશેષતઃ અભિવૃદ્ધિ થતી રહી. નવનીતભાઈએ

મહાયજ્ઞમાં સેંકડો ભક્તો-ભાવિકોએ યજમાનપદે બિરાજીને યજ્ઞદેવને આહુતિઓ અર્પણ કરીને મંગલ પ્રાર્થનાઓ કરી હતી. ત્યારબાદ મધ્યાહ્ને મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ હતી. કલાત્મક રથોમાં વિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાએ ગામમાં દૃષ્ટિ-આશિષ વરસાવીને ગામને પાવનતા બક્ષી હતી. ગ્રામજનોએ શોભાયાત્રામાં જોડાઈને અનન્ય ઉત્સાહ દર્શાવ્યો હતો.

તા. ૧૯-૧-૨૦૨૫ના રોજ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૧-૨-૨૦૨૪ના દિવસે પ્રાણ-પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો વેદોક્ત સ્થાપનવિધિ દેવસ્વરૂપદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. નવનિર્મિત મંદિરના કલાત્મક સિંહાસનમાં બિરાજમાન મૂર્તિઓની સંતો દ્વારા આરતી ઉતારાઈ ત્યારે અહીં દિવ્યતાનો અનોખો માહોલ છવાઈ ગયો હતો. ત્યારબાદ મોટી સંખ્યામાં હરિભક્તો-ભાવિકોએ ઉપસ્થિત રહીને ઉત્સવસભામાં સંતોનાં આશીર્વચનોનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

## ■ ભઈજીપુરા ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી આણંદ જિલ્લાના બોરિયાવી ક્ષેત્રના ભઈજીપુરા ગામમાં

ચકલાસીના શ્રી રશ્મિકાંતભાઈ પટેલના ભક્તિસભર પ્રયાસથી સત્સંગની શરૂઆત થઈ હતી. આણંદ મંદિરના સંતો તેમજ કાર્યકર શ્રી જતીનભાઈ ગજ્જરના પ્રયત્નોથી સન ૨૦૦૭માં સત્સંગમંડળ શરૂ થયું હતું. ત્યારબાદ સંતોના સતત પ્રોત્સાહન અને પ્રેરણાથી તેમજ કાર્યકરોના સાથ-સહકારને કારણે હરિભક્તોને વિશેષ બળ મળતું રહ્યું. ભઈજીપુરાના પરા વિસ્તાર સાડીપુરા અને લાખાનગરમાં પણ સત્સંગની લહેરખી પ્રસરતાં મહિલામંડળની પણ શરૂઆત થઈ. કાર્યકર શ્રી બાબુભાઈ સુરાભાઈ વાઘેલાએ બસ સ્ટેન્ડની બાજુમાં આવેલી ભૂમિ અર્પણ કરતાં મંદિર સર્જનની શરૂઆત થઈ. સંદેશરના શ્રી મૂકેશભાઈ પટેલના વિશેષ સેવા સહયોગથી અને કાર્યકરોના સહકારથી તેમજ દરેક સેવામાં તત્પર ગામજનોના ઉત્સાહથી મંદિર સાકાર થયું.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાવિધિના ઉપક્રમે તા. ૧૮-૧-૨૦૨૫ના રોજ સવારે સુશોભિત યજ્ઞશાળામાં વિશ્વશાંતિ મહાયાગ યોજાયો હતો, જેમાં ૫૭૦ યજમાનોએ ઉત્સાહપૂર્વક યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કરીને ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની કલાત્મક રથોમાં શાનદાર શોભાયાત્રા યોજાઈ હતી, જેમાં ગામના ભક્તો-ભાવિકો ભક્તિભાવપૂર્વક જોડાયા હતા.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૧૦-૭-૨૦૨૪ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૯-૧-૨૦૨૫ના રોજ સવારે અક્ષરચરણદાસ સ્વામી અને સંતો દ્વારા નૂતન મંદિરમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ સમગ્ર ગ્રામજનોની ઉપસ્થિતિમાં પ્રાસંગિક સભા યોજાઈ હતી. જેમાં મંચસ્થ સંતોએ ગામજનોની સુખાકારી માટે આશીર્વચન પાઠવીને સેવાનિષ્ઠ હરિભક્તોની સેવાઓને બિરદાવી હતી.




ભઈજીપુરાનું નૂતન બી.એ.પી.એસ. મંદિર, વાલવોડમાં મૂર્તિસ્થાપન વિધિમાં રત પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામી...

## ■ વાલવોડ ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા-ઉત્સવ

ચરોતરની જીવાદોરી સમાન મહીસાગર નદીના તટ પર વસેલું શાંત-પ્રશાંત અને પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર, નયનરમ્ય ગામ એટલે વાલવોડ. જેને ઐતિહાસિક પૃષ્ઠો 'વાલ્મીકિપુરી' અથવા 'વારીખીલ્ય નગર' તરીકે પણ સંબોધે છે. જે સદીઓથી સેંકડો સિદ્ધો અને તપસ્વીઓનું 'તીર્થક્ષેત્ર' બની રહ્યું છે.

આ પ્રાચીનતમ તીર્થક્ષેત્રને ભગવાન શ્રી સ્વામિનારાયણના અનુગામી ગુણાતીત સત્પુરુષોના પુનિત પાદસ્પર્શથી વિશેષ તીર્થત્વ મળ્યું છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સ્વહસ્તે લખણી-ખાતમુહૂર્ત કરી, સને ૧૯૭૫માં સિદ્ધાંત, સંસ્કાર અને સંસ્કૃતિને જીવંત રાખતું મંદિર રચ્યું હતું. આ મંદિર વીતેલા પાંચ-પાંચ દાયકાઓથી અનેક મુમુક્ષુઓનું શ્રેયાર્થી બની રહ્યું છે. આ મંદિરને ૫૦ વર્ષ પૂર્ણ થતાં ઉત્સાહી હરિભક્તોએ નૂતન મંદિર રચવાનો નિર્ધાર કર્યો. મંદિરના સુવર્ણ મહોત્સવ-વર્ષે ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં આશીર્વાદ-પ્રેરણાથી અને પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સંતો-ભક્તોના અથાક પુરુષાર્થથી સુંદર, સૌમ્ય અને સુસજ્જ નૂતન બી.એ.પી.એસ. મંદિર આકાર પામ્યું. આ મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૧૭, ૧૮, ૧૯ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ધામધૂમપૂર્વક ઊજવાયો હતો.

પ્રથમ દિને, તા. ૧૭-૧-૨૦૨૫ના રોજ મંદિરની ઈતિહાસ ગાથાને પ્રસ્તુત કરતો 'વિરલ ગાથા વાલવોડની'

એ સાંસ્કૃતિક કાર્યક્રમ શાનદાર રીતે યોજાયો હતો. તા. ૧૮-૧-૨૦૨૫ના રોજ સવારથી ભક્તિનું આંદોલન આખાય ગામમાં જામ્યું હતું. પ્રાતઃકાળે ૧૨૫ યજમાન યુગલોએ વિશ્વશાંતિ મહાયાગનો લાભ લીધો હતો. એ જ દિવસે અપરાહ્ને પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની ભવ્ય શોભાયાત્રા ભક્તો-ભાવિકોની ઉપસ્થિતિમાં ગામની શેરીઓમાં ભક્તિભાવપૂર્વક યોજાઈ હતી.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઊજવાઈ ગયો.

આદિતીર્થ બોચાસણથી સદ્‌ગુરુવર્ય પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી અને સંતોના વિચરણથી અહીં સત્સંગની શરૂઆત થઈ હતી. ગુણાતીત ગુરુવર્યોના આશીર્વાદથી ગામમાં સત્સંગ અભિવૃદ્ધિ પામ્યો અને સંયુક્તમંડળની સાથે સાથે બાળમંડળ, યુવકમંડળ, મહિલામંડળની શરૂઆત થઈ. પરિણામ સ્વરૂપે ગામમાં





બામણવામાં મૂર્તિપ્રતિષ્ઠા વેળાએ યજ્ઞમાં જોડાયેલાં યજમાન યુગલો, મંદિરનાં દ્વાર વિધિવત્ ખોલતા પૂજ્ય સંતો...

તા. ૧૯-૧-૨૦૨૫ના પવિત્ર દિને સૌના હૈયે ભક્તિનાં પૂર ઊમટ્યાં હતાં. તા. ૨૯-૧૧-૨૦૨૩ના રોજ બોચાસણમાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ જ્ઞાનેશ્વરદાસ સ્વામી તથા ભક્તવત્સલદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ પ્રાસંગિક સમારોહ યોજાયો હતો. આ અવસરની શોભામાં અભિવૃદ્ધિ કરવા માટે આણંદના લોકસભા સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી રમણભાઈ સોલંકી અને પૂર્વ સાંસદ શ્રી દિલીપભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંતો-મહાનુભાવોનાં પ્રાસંગિક વક્તવ્યોના અંતે સેવાનિષ્ઠ હરિભક્તોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આમ, તપ-સેવા અને સમર્પણના ત્રિભેટે નિર્માણ પામેલા ભવ્ય મંદિરની ભેટ મળવાથી સર્વે ગ્રામજનો ધન્ય થયા હતા.

## ■ બામણવા ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી આણંદ જિલ્લાના જલસણ ક્ષેત્રમાં આવેલા બામણવા ખાતે તા. ૨૨-૧-૨૦૨૫ના રોજ નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મંદિરની જરૂરિયાત જણાઈ. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી ભક્તોના સેવા-સમર્પણથી ગ્રામપંચાયતની બાજુમાં નૂતન બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યું. આ નવનિર્મિત મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા ત્રિદિવસીય ઉત્સવના ઉપક્રમે મહિલા દિન, વિશ્વશાંતિ મહાયાગ અને શોભાયાત્રા જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા, જેમાં આસપાસનાં ગામોમાંથી પધારેલા સેંકડો ભક્તો-ભાવિકોએ લાભ પ્રાપ્ત કર્યો હતો.

બોચાસણમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૧૦-૭-૨૦૨૪ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ યજ્ઞપ્રિયદાસ સ્વામી, વેદજ્ઞદાસ સ્વામી અને સંતોના હસ્તે તા. ૨૨-૧-૨૦૨૫ના રોજ સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં સંતોએ કથામૃતનો લાભ આપીને મંદિરના નિર્માણમાં અને ઉત્સવના સફળ આયોજનમાં સેવા કરનાર સર્વે હરિભક્તોની સેવાઓને બિરદાવી હતી.

અહીં વિચરણ કરતા ગુણવલ્લભદાસ સ્વામી અને સર્વજીવનદાસ સ્વામી અને હરિભક્તોના ભક્તિસભર પુરુષાર્થથી ઉત્સવ અવિસ્મરણીય બની રહ્યો હતો. ◆

# વિવિધ લોકસેવાઓ સાથે ઊજવાયો બી.એ.પી.એસ. મંદિર, તીથલનો શાનદાર રજત જયંતી મહોત્સવ





તીથલ રજત જંયતી ઉત્સવે રચાયું સ્વામિનારાયણ નગર, પવિત્ર તીર્થોનાં જળ ભરેલા ૨૨૫ કળશ દ્વારા મહાઅભિષેક વિધિ

વિશ્વવંદનીય બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૧૯૯૯માં દક્ષિણ ગુજરાતની હરિયાળી ભૂમિ તીથલના સાગરકાંઠે, પ્રતિષ્ઠિત કરેલા નજરાણા સમાન બી.એ.પી.એસ. મંદિર તીથલને ૨૫ વર્ષ પૂર્ણ થતાં તેનો શાનદાર ૧૧ દિવસીય રજતજયંતી મહોત્સવ ઊજવાઈ ગયો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી આયોજિત આ મહોત્સવના ઉપક્રમે ૨૨ એકરની ભૂમિ પર ૪,૦૦૦થી વધુ સ્વયંસેવકોનાં અપૂર્વ સેવા-સમર્પણથી લોકોને સામાજિક અને આધ્યાત્મિક ઉન્નતિની પ્રેરણા આપતું 'સ્વામિનારાયણ નગર' રચવામાં આવ્યું હતું. આ 'સ્વામિનારાયણ નગર'ના દર્શનાર્થે ઊમટેલા લાખો હરિભક્તો-ભાવિકોને અહીં 'પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ'ની એક ઝલક માણવા મળી હતી.

આ નગરમાં માતા-પિતા-વડીલોનો આદર શીખવતો 'વિલેજ ઓફ બુઝો' તથા પુરુષાર્થ અને પ્રાર્થનાના સમન્વયથી પૂર્ણ સફળતા પ્રાપ્ત કરવાની પ્રેરણા આપતો 'સી ઓફ સુવર્ણા' પ્રદર્શન ખંડ નિહાળીને સૌએ જીવન ઉપયોગી સંદેશ પ્રાપ્ત કર્યો હતો. અન્ય ખંડોમાંથી પણ પ્રેરણાત્મક સંદેશાઓ પ્રાપ્ત કરીને સેંકડો લોકો વ્યસનમુક્ત થયા હતા, હજારો દર્શનાર્થીઓએ ઘરસભાની પ્રેરણા લીધી હતી તેમજ સંસ્કૃતિ સંવર્ધન, સ્વચ્છતા, પ્રકૃતિવંદના, પર્યાવરણ જતનનાં રાષ્ટ્રીય મૂલ્યો તેમજ કૌટુંબિક મૂલ્યોની પ્રેરણા પ્રાપ્ત કરી હતી. આ મહોત્સવ સૌ દર્શનાર્થીઓ માટે જીવનનું અમૂલ્ય સંભારણું બની રહ્યો હતો.

તા. ૧૫ થી ૨૫ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી યોજાયેલા આ મહોત્સવમાં બે લાખથી વધારે દર્શનાર્થીઓએ જીવન ઘડતરની પવિત્ર પ્રેરણાઓ પ્રાપ્ત કરી હતી. ઉપરાંત વલસાડ અને આસપાસના ૫ જિલ્લાના ૧૩ તાલુકાની ૨૦૯ શાળાના ૨૫,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકો તેમજ શાળાના સંચાલકોએ 'સ્વામિનારાયણ નગર'ની મુલાકાત લઈને શિક્ષણ સાથે સંસ્કારની પ્રેરણાઓ પામ્યા હતા. આ નગરમાં આયોજિત વિવિધ પ્રેરણાસભર કાર્યક્રમોની સાથે સાથે સેવાકીય કાર્યો અંતર્ગત રક્તદાન યજ્ઞમાં ૧,૭૫,૦૦૦ સીસીથી વધુ રક્ત એકત્રિત કરાયું હતું. ૩,૦૦૦થી વધુ દર્દીઓની નિઃશુલ્ક સારવાર કરવામાં આવી હતી. ૨૦૦થી વધુ ફિઝિયો-બેલ્ટનું વિતરણ કરાયું તેમજ ૪૫૦થી વધુ આયુષ્માન કાર્ડની કાર્યવાહી કરવામાં આવી હતી.

મહોત્સવના પ્રથમ દિને 'સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ'

યોજાયો હતો. અહીંના પવિત્ર વાતાવરણમાં સંપૂર્ણ વૈદિકવિધિ અનુસાર યોજાયેલા આ સમૂહલગ્નમાં ૧૦૨ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યાં હતાં. તા. ૨૦ અને ૨૧ ડિસેમ્બરની મંગલ પ્રભાતે વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો. બે દિવસીય આ યજ્ઞના પ્રથમ દિને સદ્‌ગુરુવર્ય પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામીએ યજ્ઞનો





રજત જયંતી યજ્ઞમાં પૂજ્ય સદ્‌ગુરુ સંતો, સમૂહ લગ્નોત્સવમાં આશીર્વાદ મેળવતા વિવિધ સમુદાયોના ૧૦૨ નવયુવાનો

પૂજનવિધિ કર્યો હતો. વહેલી સવારથી જ નૂતન વસ્ત્રપરિધાન ધારણ કરીને યજ્ઞનો લાભ લેવા પધારેલા ૩,૫૦૦ જેટલા યજમાનોએ ૨૨૯ યજ્ઞકુંડ પર બિરાજીને યજ્ઞનારાયણને આહુતિ અર્પી હતી. તીથલ દરિયાકિનારે રચાયેલી વિશાળ યજ્ઞશાળા વૈદિક ઋચાઓના માંગલિક ધ્વનિથી ગુંજી ઊઠી હતી. તા. ૨૨-૧૨-૨૦૨૪ના રોજ મધ્યાહ્ને વલસાડ શહેરના માર્ગો પર શાનદાર નગરયાત્રા યોજાઈ, જેનો પ્રારંભ આવાબાઈ સ્કૂલના પટાંગણથી થયો હતો. અનેકવિધ ભક્તિમય આકર્ષણોથી યુક્ત દોઢ કિલોમીટર લાંબી આ શોભાયાત્રાએ વલસાડની જનતામાં ભક્તિભાવનું મોજું પ્રસરાવી દીધું હતું.

વલસાડ-તીથલના દરિયાકાંઠે ભક્તિભાવ અને જીવન-ઉત્કર્ષનાં મોજાં ઉછાળતા આ મંદિરમાં તા. ૧૫-૧૨-૧૯૯૯ના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે વેદોક્તવિધિથી ષોડશોપચાર પૂજન કરીને મૂર્તિઓમાં દેવત્વનો સંચાર કર્યો હતો. આ દિવ્ય અવસરની સ્મૃતિ સાથે તા. ૨૪-૧૨-૨૦૨૪ના રોજ મંદિરનો ભવ્ય પાટોત્સવ સદ્‌ગુરુ સંતોની ઉપસ્થિતિમાં ઊજવાયો હતો.

તા. ૨૫-૧૨-૨૦૨૪ના રોજ રજત જયંતી મહોત્સવનો સમાપન સમારોહ યોજાયો હતો. સાંજે ૭-૦૦ વાગ્યાથી આરંભાયેલા સમારોહમાં પ્રસિદ્ધ જૈનાચાર્ય બંધુત્રિપુટીના પૂજ્ય જિનચંદ્રવિજયજી મહારાજ, ગુજરાતના નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, શ્રીમદ્‌ રાજચંદ્ર આશ્રમ ધરમપુરના ટ્રસ્ટીશ્રીઓ શ્રી મહેશભાઈ ખોખાણી અને શ્રી વિજયભાઈ રૂપાણી, શ્રી મહેન્દ્રભાઈ ચૌધરી, શ્રી સતીશભાઈ પટેલ, શ્રી કેતનભાઈ વાઢુ, શ્રી મનીષભાઈ દેસાઈ, શ્રી મિતેશભાઈ દેસાઈ, શ્રી દિવ્યેશભાઈ પાંડે, શ્રી હર્ષદભાઈ આહીર વગેરે મહાનુભાવો પધાર્યા હતા. પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં આ મંદિર સાથેના પ્રમુખસ્વામી મહારાજનાં દિવ્ય સંસ્મરણોની સ્મૃતિ કરી હતી. પૂજ્ય જિનચંદ્રવિજયજી મહારાજે સંસ્કૃતિના જતન માટે મંદિરની વિશેષતા તેમજ બી.એ.પી.એસ.નાં મંદિરોને 'શાંતિ અને સંવાદિતાનાં પરમધામ' ગણાવ્યાં હતાં. કનુભાઈ દેસાઈએ સંસ્થાનાં સેવાકાર્યો તેમજ આ નગરના તમામ આયોજનને પ્રશંસનીય ગણાવીને સંતો, કાર્યકરો તેમજ સ્વયંસેવકોને બિરદાવ્યા હતા.

અંતમાં પૂજ્ય ડૉક્ટર સ્વામીએ આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ તીથલ મંદિરના કોઠારી પૂજ્ય વિવેકસ્વરૂપદાસ સ્વામીએ સર્વે સહયોગીઓનો આભાર માન્યો હતો.

આભારવિધિ બાદ હજારો દીવડાઓની સમૂહ આરતી, ઊર્જાસભર નૃત્યાંજલિ અને શાનદાર આતશબાજીથી રજત જયંતી મહોત્સવનું શાનદાર સમાપન થયું હતું. તીથલ મંદિરના કોઠારી વિવેકસ્વરૂપદાસ સ્વામી, સ્થાનિક સંતો તેમજ હજારો સ્વયંસેવકોની નિઃસ્વાર્થ સેવા-સમર્પણથી સંપન્ન થયેલા આ મહોત્સવનાં પડઘમ દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં ગુંજી ઊઠ્યાં હતાં. ◆

# પ્રયાગરાજ ખાતે મહાકુંભમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની આધ્યાત્મિક શિબિરમાં જલતી રહી યજ્ઞની પવિત્ર જ્યોતિ

વિશ્વના સૌથી મોટા મહોત્સવ પ્રયાગરાજ ખાતેના મહાકુંભમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી એક વિશિષ્ટ શિબિર યોજી હતી. ગંગા, યમુના અને સરસ્વતીના ત્રિવેણી સંગમ બનારસ તરફ વહેતી ગંગાના તટથી માત્ર ૮૦૦ મીટર દૂર સેક્ટર ૬માં આવેલી બી.એ.પી.એસ. સંસ્થાના આ શિબિર-સ્થળના નિર્માણ અને સંચાલનમાં પરમ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના માર્ગદર્શન મુજબ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હીના કોઠારી પૂજ્ય મુનિવત્સલદાસ સ્વામી, ધ્યેયનિષ્ઠદાસ સ્વામી, ધર્મમૂર્તિદાસ સ્વામી તેમજ સહાયક સંતોએ નોંધપાત્ર પુરુષાર્થ કર્યો.

મંદિરના પંડાલમાં પ્રવેશતાં જ બંને તરફ મહાન સંતોની સ્વર્ણિમ મૂર્તિઓ પણ દર્શનાર્થીઓને ખૂબ આકર્ષતી હતી. બી.એ.પી.એસ. સંસ્થાના આ શિબિર-સ્થળે જ નાની નાની સુવિધાસજ્જ રાવટીઓમાં યજ્ઞના યજમાનો રાત્રિ-નિવાસ કરે, અહીં ભોજન પ્રસાદ, સત્સંગ, યજ્ઞ વગેરેનો લાભ લે અને તીર્થસ્નાન તથા અન્ય દર્શનીય સ્થાનોનાં દર્શન કરીને તૃપ્ત થાય તેવી સુંદર વ્યવસ્થા હતી. આવું સુંદર શાંતિમય શિબિર-સ્થળ રચવા બદલ યજમાનો સંતો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં ધન્યતા અનુભવતા હતા. સનાતન ધર્મની ફરકતી ધજાઓ સાથે હજારો સંસ્થાઓની ગતિવિધિઓ વચ્ચે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું આ શિબિર સ્થળ સનાતન ધર્મની એક આગવી પ્રતિભા પ્રસરાવી રહ્યું.

વહેલી સવારે અહીં ગંગાની રેતીમાં જ વિકસેલા આ પવિત્ર સ્થળે મંત્રગુંજનથી દિવસનો પ્રારંભ થતો હતો. અહીં વિશાળ પ્રવેશદ્વારમાં પ્રવેશતાં જ સામે નજરે ચઢતી યજ્ઞશાળામાં વહેલી સવારથી લઈને સંધ્યા સમય સુધીના વિવિધ પાંચ સમયે બી.એ.પી.એસ. સંસ્કૃત મહાવિદ્યાલય સારંગપુરના વિદ્વાન યુવાનો પ્રાતઃયજ્ઞ કરતા હતા. આ આહુતિ અર્પવામાં જુદા જુદા દિવસોએ જુદા જુદા યજમાન ભક્તો પણ જોડાયા હતા. તેમાં દિલ્હી, ઉત્તર ભારત અને ગુજરાત ઉપરાંત ઇંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા, યુરોપ વગેરે


**વિશાળ પ્રવેશદ્વાર સમક્ષ સંસ્થા દ્વારા ભોજન વિતરણ ભંડારો**





**નિત્ય યજ્ઞમાં ભાગ લઈ ગંગા તટે આહુતિ અર્પતા ભક્તો**



**નિત્ય સત્સંગ-આરતી, પ્રદર્શન વગેરેનો હજારો મુમુક્ષુઓએ લીધો લાભ**



**નિત્ય દર્શનાર્થી મહાનુભાવોની સતત રહી આવન-જાવન**



દેશોના યજમાન હરિભક્તો પણ જોડાયા હતા. અહીં રોજ સવારે સાડા સાત વાગે પ્રાતઃ અગ્નિનું પ્રાગટ્ય થયા બાદ વિશાળ મંદિર-સભાગૃહમાં આરતી થાય. આ પરિસરમાં રોકાયેલા યજમાન ભક્તો-સ્વયંસેવકો અને અન્ય યાત્રિકો પણ આ આરતીનો લાભ લેવા માટે ઉપસ્થિત રહે. અહીં આરતી બાદ વિદ્વાન સંતો કથામૃતનો લાભ આપે. ત્યારબાદ ભંડારાનો આરંભ થાય. સવારની ઠંડીના વાતાવરણમાં ગરમ ગરમ નાસ્તો અને ચા વગેરે પીરસવાની સાથે સંતો ભંડારાનો આરંભ કરે. જેમાં પ્રયાગરાજમાં ઊમટેલા હજારો ભાવિકો આ પ્રસાદનો લાભ લઈ તૃપ્ત થાય.

ત્યારબાદ યજ્ઞવિધિનો બીજો તબક્કો શરૂ થાય અને દર્શનાર્થીઓનો પ્રવાહ દિવસભર ચાલતો રહે. સાંજે પુનઃ સાડા પાંચ વાગે મંદિર-સભાગૃહમાં ધૂન-પ્રાર્થના સાથે સત્સંગનો પ્રારંભ થાય. વિદ્વાન સંતો કથામૃતનો લાભ આપે અને સાત વાગે સંધ્યા આરતી થાય. સંધ્યા સમયે પુનઃ યજ્ઞનારાયણને અર્ઘ્ય અર્પણ કરીને રાત્રિ ભંડારો અને રાત્રિ ભોજન કરવામાં આવે. દિવસ દરમ્યાન અહીં જુદા જુદા મઠ-આશ્રમ-પરંપરાઓના સંતો-મહંતો તેમજ અહીં પધારેલા મહાનુભાવો સાથે બી.એ.પી.એસ. સંસ્થાના સંતોની મુલાકાત યોજાતી રહે.

તા. ૨૩ અને ૨૪ જાન્યુઆરીના રોજ બી.એ.પી.એસ. સંસ્થાના વરિષ્ઠ સંતો અને અન્ય સંતો વતી પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામી, પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી, પૂજ્ય મુનિવત્સલદાસ સ્વામી તથા પૂજ્ય અક્ષરવત્સલદાસ સ્વામી વગેરે સંતોએ જુદા જુદા અખાડાઓ તેમજ સનાતન ધર્મના આચાર્ય મહામંડલેશ્વરો, શ્રીમહંતો, મઠાધિપતિઓ વગેરેની શુભેચ્છા મુલાકાત પણ લીધી હતી. ગંગા-યમુના-સરસ્વતી - ત્રિવેણીના પટમાં પ્રયાગરાજ ખાતે ૧૫-૨૦ કિલોમીટર લાંબા પટમાં ફેલાયેલા આ કુંભમેળામાં આચાર્ય મહામંડલેશ્વરશ્રીઓમાં પૂજ્ય સ્વામી શ્રી અવધેશાનંદગિરિજી મહારાજનો પંડાલ ઉલ્લેખનીય છે. પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામી, પૂજ્ય અક્ષરવત્સલદાસ સ્વામી અને પૂજ્ય મુનિવત્સલદાસ સ્વામી વગેરેએ જૂના અખાડા પીઠાધીશ્વર પૂજ્ય સ્વામી શ્રી અવધેશાનંદગિરિજી મહારાજ સાથે શુભેચ્છા મુલાકાત કરી ત્યારે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ખાસ પાઠવેલો અભિવાદન પત્ર તેમને અર્પણ કર્યો હતો. પૂજ્ય સ્વામીજીએ પણ સંતોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ સાથે સંસ્થાના સંતોએ પૂજ્ય આચાર્ય મહામંડલેશ્વર સ્વામી શ્રી બાલકાનંદગિરિજી મહારાજ, પૂજ્ય મહામંડલેશ્વર સ્વામી શ્રી જ્ઞાનદેવજી મહારાજ, શ્રીરામજન્મભૂમિ મંદિરના

પૂજ્ય આચાર્ય શ્રી સ્વામી કૈલાસાનંદગિરિજી, પૂજ્ય યોગી બાલકનાથજી વગેરે સાથે સંત સમુદાય



પૂજ્ય આચાર્ય શ્રી સ્વામી અવધેશાનંદગિરિજી સાથે સંતો



ત્રિવેણી સંગમમાં પવિત્ર પ્રાર્થનાઓ સાથે સ્નાન-સંકલ્પ કરતા પૂજ્ય સંતો



શૃંગેરીપીઠના પૂજ્ય શંકરાચાર્ય શ્રી સ્વામી વિધુશેખરભારતીજી સાથે સંતો



ન્યાસટ્રસ્ટના મહાસચિવ શ્રી ચંપતરાયજી, વિશ્વ હિન્દુ પરિષદના સૂત્રધાર શ્રી દિનેશજી, વિશ્વ હિન્દુ પરિષદના ઓર્ગેનાઇઝિંગ જનરલ સેક્રેટરી શ્રી મિલિંદ પરાંદેજી વગેરે સાથે પણ સ્નેહમુલાકાત કરી હતી. અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી સૌને પ્રણામ પાઠવ્યા હતા.

તા. ૨૪ જાન્યુઆરીના રોજ મહાનિર્વાણી અગ્નિ અખાડાના મહાસચિવ સ્વામી શ્રી સંપૂર્ણાનંદજી વગેરે સંતોને પણ સંસ્થાના સંતોએ શુભેચ્છા મુલાકાત કરીને પ્રણામ પાઠવ્યા હતા.

જેના માટે આ મહાકુંભનો અપરંપાર મહિમા છે, એ છે તીર્થરાજ પ્રયાગમાં સ્નાન. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની સ્મૃતિ સાથે બી.એ.પી.એસ. સંસ્થાના સંતોએ જ્યાં ત્રણેય નદીનો સંગમ થાય છે ત્યાં પ્રયાગના મધ્ય સ્થાનમાં પવિત્ર સ્નાન કરવાનો અલભ્ય લહાવો લીધો હતો. બોટ દ્વારા મધ્યમાં પહોંચીને સંતોએ વિશ્વશાંતિની પ્રાર્થના સાથે માંગલિક સંકલ્પો કર્યા હતા. સ્નાનની આ અદ્ભુત અને અદ્વિતીય અનુભૂતિ ખરા અર્થમાં અવર્ણનીય અનુભૂતિ હતી. સંગમના બંને કિનારે કરોડોની સંખ્યામાં સંતો-મહંતો-આચાર્યો અને મહાનુભાવોની સાથે દેશ-દેશાંતરની શ્રદ્ધાળુ જનતા પણ સ્નાન કરી રહી હતી. અત્રે સમતાનો અને આસ્થાનો એક અનોખો માહોલ જોવા મળતો હતો.

અહીં ઊમટેલા કરોડો લોકોમાં કોઈ ઊંચ-નીચ, કોઈ ગરીબ-તવંગર, કોઈ વિદ્વાન કે અભણ એવા ભેદભાવો વિના સૌ સંગમના કિનારે પવિત્ર જળમાં ડૂબકી લગાવી રહ્યા હતા. અહીંયાં ખરા અર્થમાં માનવતાનો મહામહેરામણ ઊમટ્યો હતો. આ મહેરામણનાં દર્શન કરીને સંતોએ તૃપ્તિનો અનુભવ કર્યો. સરકારશ્રી, વહીવટી તંત્ર અને પોલીસ તંત્રનો આ વિરાટ પરિસ્થિતિને સંભાળવા માટેનો પુરુષાર્થ અનન્ય રહ્યો છે. અહીં પધારેલા વિવિધ સંતોની મુલાકાત દરમ્યાન સંસ્થાના સંતોએ વિવિધ અખાડાઓની મુલાકાતો કરી હતી. તેમાં નાગા સંન્યાસીઓની પણ દર્શન-મુલાકાત કરી હતી. આ નાગા સંન્યાસીઓએ પણ બી.એ.પી.એસ. સંસ્થાના અબુધાબી ખાતેના મંદિરથી ખૂબ પ્રસન્નતા દર્શાવી હતી. સંસ્થાની આ શિબિરમાં સતત એક મહિના કરતાં વધારે સમય સુધી આધ્યાત્મિક વાતાવરણનો લાભ લાખો લોકોએ માણ્યો અને વિશિષ્ટ ઊર્જા અનુભવી.

## મહાકુંભમાં સંસ્થાની શિબિરમાં મહાનુભાવો

મહાકુંભ દરમ્યાન ભક્તો-ભાવિકો અને અનેક મહાનુભાવોએ સંસ્થાની શિબિરની મુલાકાત લીધી હતી. જેમ કે, ઉત્તરપ્રદેશ રાજ્યના નાણામંત્રી શ્રી સુરેશકુમાર ખન્ના, શ્રી ડૉ. એસ. પી. પાંડે (આઈ.એ.એસ.), શ્રી રાકેશ તુરાની (પ્રેસિડેન્ટ અને સીઈઓ, ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ, સ્લોવેક રિપબ્લિક), શ્રી વિનોદ ધારીવાલ (ઉદ્યોગપતિ, હોંગકોંગ), છત્તીસગઢના દામાખેડા સ્થિત કબીરપંથ સ્થાનકના મહંત પ્રકાશ સાહેબ, પ્રયાગરાજ કુંભમેળામાં કાર્યરત સ્થાનિક પ્રશાસનના પોલીસ અધિકારીઓ પધાર્યા હતા. મહાકુંભ ખાતે વિરાજિત વિવિધ અખાડાઓના અગ્રણી આચાર્યો અને મહામંડલેશ્વરોએ 'શ્રી સ્વામિનારાયણ ભાષ્યો'ને ઉપહાર ગણાવ્યા હતા. નિર્વાણ પીઠાધીશ્વર સ્વામી વિશોકાનંદજી મહારાજ, તથા પરમ શ્રદ્ધેય સ્વામી શ્રી ગોવિંદદેવગિરિજી મહારાજ વગેરે સાથે પણ સંતોની સ્નેહ મુલાકાત યાદગાર બની રહી હતી. તા. ૧૩ જાન્યુઆરીના પ્રથમ અમૃત સ્નાનથી લઈ તા. ૨૬ ફેબ્રુઆરીના અંતિમ અમૃત સ્નાન સુધી સંસ્થાની આ શિબિરમાં સેવા-યજ્ઞની જ્યોતિ જલતી રહી હતી. મહાકુંભના અધિકારીઓથી લઈને મહાત્માઓ સુધી સૌ કોઈએ આ મહાકુંભમાં સંસ્થાના આગમનથી પ્રસન્નતા દાખવી હતી. ◆

બી.એ.પી.એસ. સંસ્થાના શિબિર સ્થળે અતિથિ નિવાસની કુટિરો



સંસ્થાના શિબિર સ્થળે મંદિર-સભાગૃહમાં સત્સંગની સરવાણી વહેતી રહી...



# દક્ષિણ ગુજરાતમાં નવસારી શહેર ખાતે શિક્ષણ સેવામાં નૂતન પ્રદાનઃ નૂતન બી.એ.પી.એસ. વિદ્યામંદિરનો મંગલ પ્રારંભ





બી.એ.પી.એસ. વિદ્યામંદિર નવસારી (ડાબે), વિદ્યામંદિરનું વેદોક્ત ઉદ્‌ઘાટન કરતા પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી...

છેલ્લા કેટલાય દાયકાઓથી શિક્ષણ સાથે સંસ્કાર આપતી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની શિક્ષણ-સેવાઓનો વ્યાપ પ્રતિદિન વધતો રહ્યો છે. એ શૃંખલામાં તાજેતરમાં દક્ષિણ ગુજરાતમાં નવસારી ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિરનો પ્રારંભ થયો છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી આરંભાઈ રહેલા આ વિદ્યામંદિરના પ્રથમ સોપાનરૂપે સદ્‌ગુરુવર્ય પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીની ઉપસ્થિતિમાં તા. ૨૯-૧૨-૨૦૨૪ના રોજ નૂતન શાળા-સંકુલના સંચાલન ભવનનો પ્રાસાદ-પ્રવેશવિધિ યોજાયો હતો.

પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામીએ વેદોક્ત વિધિથી સંચાલન ભવનનું ઉદ્‌ઘાટન કરીને તેમણે અહીં સ્થાપિત શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની મૂર્તિઓનાં પૂજન કરીને આરતી ઉતારી હતી. ત્યારબાદ તેમણે ભવનના વિવિધ કક્ષોમાં પુષ્પ છાંટી મૂલ્ય આધારિત શિક્ષણના સફળ સંચાલન માટે આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ શાળા-સંકુલના નિર્માણમાં સહયોગ આપનાર હરિભક્તોને તેમજ આજના દિવસે શાળામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને તેમજ તેમના વાલીઓને આશીર્વાદ આપ્યા બાદ અહીં અભ્યાસ કરનાર તમામ વિદ્યાર્થીઓ ખૂબ સારો અભ્યાસ કરીને ઉચ્ચ કારકિર્દીનું ઘડતર કરે એવા શુભાશિષ પાઠવ્યા હતા.

તા. ૬-૧-૨૦૨૫ના રોજ આ નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિરના દ્વિતીય સોપાનરૂપે પ્રાથમિક ભવનનું ઉદ્‌ઘાટન સદ્‌ગુરુ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં થયું હતું. જેના પ્રાઈમરી સેક્શનમાં આ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં, નર્સરીથી ધોરણ-૮ સુધીના વિદ્યાર્થીઓ પ્રવેશ પ્રાપ્ત કરી શકશે.

સમર્પિત કાર્યકુશળ સંચાલકવૃંદ તથા શિક્ષણગણ, પવિત્ર, સ્વચ્છ અને સ્વાસ્થ્યપ્રદ વાતાવરણ, આધુનિક સુવિધાસજ્જ સ્કૂલ બિલ્ડિંગ, અદ્યતન લાઈબ્રેરી, લેબોરેટરી, સભાગૃહ, કેન્ટિન, સ્ટેશનરી સ્ટોર સહિત અનેક સુવિધાયુક્ત આ વિદ્યામંદિર વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાસભર શિક્ષણની સાથે સાથે ઉત્કૃષ્ટ જીવનમૂલ્યોની પ્રેરણા આપતું રહેશે. આ બી.એ.પી.એસ. વિદ્યામંદિર વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતરની સાથે સાથે સર્વાંગી વિકાસનું પણ દ્યોતક બની રહેશે. ◆

# સ્વામિનારાયણ અક્ષરધામ ખાતે સંતો-મહાનુભાવોની ઉપસ્થિતિમાં આરોગ્ય સેવાનું એક વધુ સોપાનઃ મૅડિકલ વાનનું લોકાર્પણ





સુવિધાસજ્જ બે મેડિકલ વાનોનું લોકાર્પણ કરતા ગૃહરાજ્ય મંત્રીશ્રી, આરોગ્યમંત્રીશ્રી અને બી.એ.પી.એસ. સંસ્થાના સંતો

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની આરોગ્ય સેવાઓ દ્વારા પ્રતિ વર્ષે લાખો લોકો લાભાન્વિત થઈ રહ્યા છે. તેમાં પણ ફરતાં દવાખાનાં દ્વારા અવિરત ચાલી રહેલાં નિઃશુલ્ક રોગનિદાન અને સારવાર દ્વારા ગ્રામીણ ક્ષેત્રોમાં પછાત વર્ગની ખૂબ મોટા પાયે સેવા થઈ રહી છે. આ ઉપરાંત પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી ગતિમાન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અન્ય અનેકવિધ આરોગ્ય સેવાઓ દ્વારા વિશ્વમાં ઠેર ઠેર લોકો લાભાન્વિત થઈ રહ્યા છે. એ જ શૃંખલામાં તા. ૨૯-૧-૨૦૨૫ના રોજ, ગાંધીનગરના વિખ્યાત સ્વામિનારાયણ અક્ષરધામ મંદિર ખાતે એક નૂતન આરોગ્ય પ્રકલ્પનું લોકાર્પણ થયું હતું.

એસ્ટર ડી.એમ. હેલ્થ કેરની એસ્ટર વોલન્ટિયર્સ દ્વારા (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી અંતર્ગત) બે નવી મૅડિકલ વાનનું લોકાર્પણ થયું હતું, જે બી.એ.પી.એસ. પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત થશે. ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, ગૃહમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, બી.એ.પી.એસ. સંસ્થાના વરિષ્ઠ સંત નિખિલેશદાસ સ્વામી, વિશ્વવિહારીદાસ સ્વામી, બ્રહ્મવિહારીદાસ સ્વામી, અક્ષરવત્સલદાસ સ્વામી, એસ્ટર ડી.એમ. હેલ્થકેરના શ્રી જલીલજી અને અન્ય પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં આ મૅડિકલ વાનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ બે મૅડિકલ વાન દ્વારા ગુજરાતના અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં લોકોને પ્રાથમિક તબીબી સેવાઓ પ્રાપ્ત થશે. એસ્ટર ડી.એમ. હેલ્થ કેર વતી પધારેલા શ્રી જલીલજીએ પણ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરી હતી.

આ બે મૅડિકલ વાનના લોકાર્પણ કાર્યક્રમ બાદ, મંત્રીશ્રીઓ અને મહાનુભાવોએ અક્ષરધામ પરિસરમાં તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિ સમક્ષ ધૂપ અર્પણ કરી, દર્શન કરી, ગુજરાત રાજ્યના સૌ લોકોના સુસ્વાસ્થ્ય અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આ બંને મૅડિકલ વાનનું બી.એ.પી.એસ. મંદિર અમદાવાદ ખાતે સદ્‌ગુરુવર્ય પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પણ પૂજન કરીને, આ મૅડિકલ વાન દ્વારા ગુજરાતના અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં શ્રેષ્ઠ આરોગ્ય સેવા નિરંતર થતી રહે તેવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## વિશ્વવિખ્યાત ટૂરિસ્ટ વેબ પોર્ટલમાં અક્ષરધામ



વિશ્વના પ્રવાસીઓ માટેના વિશ્વવિખ્યાત વેબ પોર્ટલ 'લોનલી પ્લેનેટ' દ્વારા 'ન્યૂયોર્ક એન્ડ ધ મિડ એટલાન્ટિક' શીર્ષક સાથે પ્રકાશિત થયેલી ટૂરિસ્ટ ગાઈડમાં રોબિન્સવિલનું સ્વામિનારાયણ અક્ષરધામ મંદિર સ્થાન પામ્યું છે. ગત વર્ષે ઉદ્‌ઘાટિત થયેલા આ મહામંદિરે વૈશ્વિક પ્રવાસીઓમાં એક અજોડ આકર્ષણ જન્માવ્યું છે. ભારતીય સ્થાપત્ય કલાના બેનમૂન નજરાણા સમાન આ મંદિર દ્વારા લાખો લોકોએ સનાતન હિંદુ ધર્મનાં વૈદિક મૂલ્યોની પ્રેરણા પ્રાપ્ત કરી છે. આ મૅગેઝિને અક્ષરધામની વિવિધ વિશેષતાઓ વર્ણવીને અમેરિકાના એક અનુપમ આકર્ષણરૂપ અક્ષરધામની યાત્રા માટે સહેલાણીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## દક્ષિણ કેલિફોર્નિયામાં સંસ્થા દ્વારા રાહત સેવાકાર્ય



અમેરિકામાં કેલિફોર્નિયાના લોસ એન્જેલસ વિસ્તારમાં ગત મહિને પ્રસરેલી વિશાળ આગને કારણે અનેક સમુદાયો ઘર વિહોણા બન્યા હતા. હજારો પરિવારોએ મૂળભૂત જરૂરિયાતો માટે સંઘર્ષ કર્યો હતો. આ આપત્તિના સમયમાં સ્વામીશ્રીએ સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. તેઓના માર્ગદર્શનથી આ વિકટ પરિસ્થિતિમાં અમેરિકા ખાતે કાર્યરત બી.એ.પી.એસ. ચૅરિટીઝના સેંકડો સ્વયંસેવકોએ અનેક જીવન જરૂરિયાતની સામગ્રી એકત્રિત કરીને સેવા અને રાહતકાર્ય કર્યું હતું. સૌને જરૂરિયાતની સામગ્રીઓ મળી રહે અને લોકો સત્વરે પુનઃવસવાટ કરી શકે તે માટે સંસ્થા દ્વારા વિવિધ સ્તરે સેવાકાર્યો થયાં હતાં.

## હિન્દુ આધ્યાત્મિક મેળામાં બી.એ.પી.એસ. સંસ્થા





તા. ૨૩-૧-૨૦૨૫ના રોજ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી મેદાન ખાતે, હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થાન દ્વારા હિન્દુ આધ્યાત્મિક મેળો યોજાયો હતો. ભારતના ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ મેળાનો શુભારંભ કરાવ્યો હતો. આ હિન્દુ આધ્યાત્મિક અને સેવા-મેળામાં બી.એ.પી.એસ. સંસ્થાનું બૂથ પણ ઊભું કરવામાં આવ્યું હતું. ચાર દિવસીય આ મેળામાં અનેક સંતો-મહંતો અને મહાનુભાવોએ મુલાકાત લીધી હતી. સંસ્થા દ્વારા ગતિમાન આધ્યાત્મિક સેવા, માનવસેવા, સમાજસેવા અને રાહતકાર્યોની ઝલક પ્રાપ્ત કરીને ગુરુવર્યોનાં ચરણે વંદના કરી હતી.

### ભક્તરાજ શ્રી લીલા ભગત આચાર્યજી, પોખરા (નેપાળ), ઉં.વ. ૯૬, અક્ષરવાસઃ તા. ૨૨-૨-૨૦૨૫




નેપાળના પોખરા શહેરના પરમ ભગવદીય શ્રી લીલા ભગત આચાર્યજી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના કૃપાપાત્ર હરિભક્ત હતા. શ્રી લીલા ભગતજી એક નિષ્ઠાવાન રાષ્ટ્રભક્ત, સમાજ સેવક, ધર્મપરાયણ ભક્ત અને સ્વતંત્રતા સેનાની હતા. નેપાળી કોંગ્રેસ કાસ્કીના પૂર્વ પાર્ટી સભાપતિ તથા સ્વાતંત્રતા સેનાની કાસ્કીના પૂર્વ સભાપતિ તરીકે તેઓએ કર્તવ્યોનું નિઃસ્વાર્થ ભાવે નિર્વહન કર્યું હતું. રામમંદિર, બિરૌટાના અધ્યક્ષ તરીકે તેઓનું યોગદાન સ્મરણીય રહેશે. તેઓની સમાજસેવા અને ધાર્મિક અનુષ્ઠાનની અમીટ છાપ કાસ્કી પ્રાંત અને બિરૌટા નગરવાસીઓના હૃદયમાં હંમેશા અંકિત રહેશે. ૧૯૭૯માં નેપાળ ધર્મયાત્રા વખતે જ્યારે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પોખરા પધાર્યા ત્યારે શ્રી લીલા ભગતજીએ ભક્તિભાવથી સેવા કરીને સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. ત્યારથી બી.એ.પી.એસ. સંસ્થા સાથે તેમનું ઘનિષ્ઠ જોડાણ દૃઢ થયું. તેઓ તો સત્સંગી થયા, સાથે અનેક લોકોને સત્સંગ કરાવ્યો હતો. નેપાળમાં જ્યારે જ્યારે સંતો સત્સંગ યાત્રા માટે પધારે ત્યારે તેઓનું ભવન સંત આશ્રમ બની જતું. તેઓની અતૂટ શ્રદ્ધા અને સેવાભાવનાને કારણે આજે પોખરામાં નિયમિત અઠવાડિક સત્સંગસભા ગતિમાન છે, જેમાં દિલ્હી અક્ષરધામથી સંતો ઓનલાઇન સત્સંગનો લાભ આપે છે. તેઓના પુત્ર શ્રી વિશ્વનાથજી, શ્રી વિષ્ણુજી, શ્રી કૃષ્ણાજી, શ્રી શિવભક્તજી, શ્રી હરિભક્તજી તથા સમસ્ત પરિવારજનોને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વાદ પાઠવ્યા છે. નેપાળના સમર્પિત સત્સંગી હરિભક્ત શ્રી લીલા ભગતજીને બી.એ.પી.એસ. પરિવાર વતી હાર્દિક શ્રદ્ધાંજલિ....

### ભક્તરાજ શ્રી ડાહ્યાભાઈ પટેલ, ઉંદેલ, ઉં.વ. ૭૫, અક્ષરવાસઃ તા. ૧૨-૧-૨૦૨૫



ઉંદેલના સંનિષ્ઠ હરિભક્ત શ્રી ડાહ્યાભાઈ વેરીભાઈ પટેલે પોતાના પુત્ર(પૂજ્ય ભક્તિયોગીદાસ સ્વામી, અમદાવાદ)ને સ્વામીશ્રીની ભગવી સેનામાં અર્પણ કરીને સત્સંગની વિશેષ સેવા કરી હતી. શુદ્ધ ઉપાસના અને પ્રગટ સત્પુરુષમાં નિર્દોષબુદ્ધિથી સેવા-ભક્તિ કરી રહેલા આ ભક્તરાજે સમગ્ર જીવન દરમ્યાન કેવળ ગુણાતીત સત્પુરુષને રાજી કરવાનું તાન રાખીને, એક સરખી રહેણીકરણી રાખીને સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેમના અક્ષરવાસથી સ્થાનિક સત્સંગને ખોટ પડી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ...


હવે અંગ્રેજી ભાષામાં પણ ઉપલબ્ધ વિસ્તૃત જીવનચરિત્ર ગ્રંથ




## બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્ત

જીવન અને કાર્ય

બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનું જીવનચરિત્ર એટલે આદર્શ સાધકની એક અદ્‌ભુત પ્રેરક જીવનગાથા. પ્રત્યેક સાધક ગુણાતીત ગુરુને પ્રસન્ન કરીને સાધનાના શિખર પર પહોંચી શકે, જીવનને સાર્થક કરી શકે એવી અદ્‌ભુત પ્રેરણા આપતો અજોડ ગ્રંથ. જેમાં પ્રાગજી ભક્તના ચરિત્રોની સાથે તેમનાં કાર્ય, ઉપદેશ, સિદ્ધાંત, સંતો-ભક્તોનો મહિમા તથા સંપ્રદાયની અમૂલ્ય વિરાસત સમો આ ગ્રંથ હવે અંગ્રેજી ભાષામાં પણ ઉપલબ્ધ છે...


**'આખો સત્સંગ કહે છે કે પ્રાગજી ભગત જેવા કોઈ જ્ઞાની નથી. ૨૬૨ વચનામૃતોમાં જેટલાં મર્મ, રહસ્ય, અભિપ્રાય, રુચિ અને સિદ્ધાંત છે તે સર્વે સ્વામી થકી તેમણે સિદ્ધ કર્યાં છે. શ્રીજી એમને વશ છે.'**

**- બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ**

**સ્વામિનારાયણ અક્ષરપીઠનાં વિક્રય કેન્દ્રોમાં ઉપલબ્ધ...**







તા. ૩૧-૧૨-૨૦૨૪ના રોજ કેન્યાની રાજધાની નૈરોબી ખાતે થયું પરમ પૂજ્ય સ્વામીશ્રીનું શાનદાર સ્વાગત. નૈરોબી બી.એ.પી.એસ. મંદિરના રજત જયંતી પ્રસંગે સ્વામીશ્રીએ સંતો-ભક્તોને ખૂબ આધ્યાત્મિક લાભ આપ્યો. દક્ષિણ આફ્રિકાના જ્હોનિસબર્ગમાં બી.એ.પી.એસ. કલ્ચરલ કોમ્પ્લેક્સના ઉદ્‌ઘાટન પ્રસંગે સ્વામીશ્રી સાથે આફ્રિકા યાત્રાએ પધારેલા સંતોની સ્વામીશ્રી સાથેની એક વિરલ સ્મૃતિછબિ.

Swaminarayan Prakash Gujarati, March 2025, Published on 1-3-2025. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2024-2026, Valid upto 31-12-2026, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2024-2026, Valid upto 31-12-2026.





દક્ષિણ આફ્રિકાના જ્હોનિસબર્ગ શહેરમાં નૂતન બી.એ.પી.એસ. સાંસ્કૃતિક પરિસરના ઉદ્‌ઘાટન પ્રસંગે પધારેલા સ્વામીશ્રીનું દક્ષિણ આફ્રિકાના ઉપરાષ્ટ્રપતિશ્રીએ કર્યું ભાવભીનું સ્વાગત. ભારતીય રાજદૂત સહિત અનેક મહાનુભાવો અને સ્થાનિક આફ્રિકન બંધુઓએ પણ સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. નૂતન સાંસ્કૃતિક પરિસરના સભાગૃહમાં લાભ લઈ રહેલો વિશાળ ભક્ત સમુદાય.







Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas